# લોકો ન્યાયિક પ્રક્રિયાથી એટલા કંટાળી ગયા છે કે તેઓ માત્ર સમાધાન ઈચ્છે છે : CJI

(એજન્સી) નવી દિલ્હી, તા. ૩

લોકો કોર્ટની બાબતોથી ''એટલા કંટાળી ગયા'' છે કે તેઓ માત્ર સમાધાન ઈચ્છે છે, ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે શનિવારે, ૨ ઓગસ્ટના રોજ વૈકલ્પિક વિવાદ નિવારણ પદ્ધતિ તરીકે લોકઅદાલતની ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું. લોકઅદાલત એ ફોરમ છે જ્યાં અદાલતોમાં અથવા પ્રિ-લિટીગેશન સ્ટેજ પર પેન્ડિંગ વિવાદો અને કેસોનું સમાધાન કરવામાં આવે છે. પરસ્પર સ્વીકૃત સમાધાન સામે કોઈ અપીલ દાખલ કરી શકાતી નથી. ચંદ્રચુડે સુપ્રીમ કોર્ટમાં વિશેષ લોકઅદાલત સપ્તાહની ઉજવણીમાં જણાવ્યું હતું કે, ''લોગ ઈતના ત્રસ્ત હો જાતે હૈં કોર્ટ કેમમલોં સે વો કોઈ ભી સમાધાન ચાહતે હૈં... બસ કોર્ટ સે દુર કરા દિજીયે (લોકો કોર્ટની બાબતોથી એટલા કંટાળી જાય છે કે તેઓ માત્ર સમાધાન ઈચ્છે છે) આ પ્રક્રિયા ન્યાયાધીશ તરીકે આપણા બધા માટે સજા છે અને તે ચિંતાનું કારણ છે.'' સીજેઆઈએ કહ્યું કે તેમને દરેક તબક્કે લોક અદાલતની સ્થાપનામાં બાર અને બેંચ સહિત દરેકનો જબરદસ્ત ટેકો અને સહકાર મળ્યો છે. ચંદ્રચુડે જણાવ્યું હતું કે જ્યારે લોકઅદાલત માટે પેનલોની રચના કરવામાં આવી હતી ત્યારે એ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે દરેક પેનલમાં બે ન્યાયાધીશો અને બારના બે સભ્યો હશે. તેમણે કહ્યું કે, ''આ કરવા પાછળનો હેતુ વકીલોને સંસ્થા પર માલિકી આપવાનો હતો કારણ કે આ એવી સંસ્થા નથી જે ફક્ત ન્યાયાધીશો દ્વારા ચલાવવામાં આવે છે અને આ ન્યાયાધીશો માટે, ન્યાયાધીશો દ્વારા, ન્યાયાધીશોની સંસ્થા નથી.'' તેમણે ઉમેર્યું કે, ''અમે એકબીજા પાસેથી ઘણું શીખીએ છીએ. અમે વકીલો પાસેથી શીખ્યા કે તેઓ થોડી પ્રક્રિયાગત મુદ્દાઓ પર કેટલી કમાન્ડ ધરાવે છે.'' ચંદ્રચુડે કહ્યું કે તેમને ખરેખર લાગ્યું છે કે સુપ્રીમ કોર્ટ કદાચ દિલ્હીમાં સ્થિત છે પરંતુ તે દિલ્હીની સુપ્રીમ કોર્ટ નથી. તેમણે કહ્યું કે તે ભારતની સર્વોચ્ચ અદાલત છે. તેમણે ઉમેર્યું કે, ''મેં સીજેઆઈ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી અમે સમગ્ર દેશમાંથી અધિકારીઓને રજિસ્ટ્રીમાં લાવવાના પ્રયાસો કર્યા છે. તેઓ મોટા પ્રમાણમાં સમાવેશ અને વિવિધતા લાવે છે.'' તેમણે કહ્યું કે વિશેષ લોકઅદાલત શરૂઆતમાં સાત બેન્ચ સાથે શરૂ થઈ હતી કારણ કે ''અમે સફળ થઈશું કે કેમ તે અંગે અમને શંકા હતી.'' તેમણે કહ્યું ''ગુરૂવાર સુધીમાં અમારી પાસે ૧૩ બેન્ચ હતી અને ત્યાં ઘણું કામ હતું.'' ચંદ્રચુડે જણાવ્યું કે, ''લોકઅદાલતનો હેતુ લોકોના ઘર સુધી ન્યાય પહોંચાડવાનો અને લોકોને તેમના જીવનમાં અમારી સતત હાજરી સુનિશ્ચિત કરવાનો છે.'' સુપ્રીમ કોર્ટના ૭૫ વર્ષની ઉજવણી કરતી સપ્તાહ-લાંબી વિશેષ લોકઅદાલતની શરૂઆત ''ઉપયોગી પડતર કેસોના સુખદ સમાધાનની સુવિધાપૂ'' કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી, જેમાં ''પતાવટના તત્વો'' હોય છે. કેસની પેન્ડન્સી ઘટાડવાના પ્રયાસરૂપે સુપ્રીમ કોર્ટે ૩ ઓગસ્ટ સુધી વિશેષ લોકઅદાલત યોજી હતી.

# હિમાચલમાં વાદળ ફાટવાથી પ્રભાવિત વિસ્તારોમાં ૫૦નાં મોત, મંત્રીએ જણાવ્યું; કેરળમાં ભારે વરસાદ

**ભારતીય હવામાન વિભાગે હિમાચલમાં ૭ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી કરી છે અને મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુખુએ અસરગ્રસ્ત પરિવારોને રૂ.૫૦,૦૦૦ની સહાયની જાહેરાત કરી છે**

(એજન્સી) તા. ૩

હિમાચલ પ્રદેશના મંત્રી વિક્રમાદિત્ય સિંહે ગઈકાલે જણાવ્યું કે, વાદળ ફાટવાની ઘટનાઓથી પ્રભાવિત વિસ્તારોમાં લગભગ ૫૦ લોકોનાં મોત થઈ હોવાની આશંકા છે. સિંહે કહ્યું કે, શોધ અને બચાવ કામગીરી પૂર્ણ થયા પછી જ લોકોના મોતની પુષ્ટિ કરી શકાશે તેમ સત્તાવાર નંબર જાહેર કરવામાં આવશે. મંત્રીએ ગઈકાલે સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, આ ક્ષણે સરકારની સૌથી મોટી પ્રાથમિકતા રાજ્યના પૂરગ્રસ્ત ભાગોમાં મૃતદેહોને ઓળખ કરવાની અને ફરીથી સંપર્ક સાધવાની છે. ભારતીય હવામાન વિભાગ(IMD)એ ૭ ઓગસ્ટ સુધી હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે, જેમાં મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ રાજ્યમાં અચાનક પૂરથી અસરગ્રસ્ત તમામ પરિવારો માટે રૂ.૫૦,૦૦૦ની જાહેરાત કરી છે. IMDએ ગઈકાલે ગુજરાત, પશ્ચિમ મધ્ય પ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ,



ઝારખંડ, આસામ અને મેઘાલય માટે ૩ ઓગસ્ટ, ૨૦૨૪ માટે રેડ એલર્ટ પણ જારી કર્યું હતું. IMDએ આગાહી કરી છે કે મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને કોંકણમાં અલગ-અલગ, અત્યંત ભારે વરસાદની સંભાવના છે. ગોવા અને મેઘાલયે પણ ભારે વરસાદની આગાહી છે. હવામાન કચેરીએ જણાવ્યું છે, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઝારખંડ અને બિહારમાં છૂટાછવાયા સ્થળોએ વીજળી સાથે વાવાઝોડાની સંભાવના છે. મહારાષ્ટ્રમાં, સતારા જિલ્લામાં ૩ અને ૪ ઓગસ્ટ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જેમાં પાલઘર અને પુણે જિલ્લામાં ૪ ઓગસ્ટે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. IMDએ આગાહી કરી છે કે ૩ ઓગસ્ટે વિદર્ભમાં છૂટાછવાયા સ્થળોએ અને ૩ અને ૪ ઓગસ્ટે મરાઠવાડા વિસ્તારમાં ભારે વરસાદની સંભાવના છે. IMDએ પણ અનુક્રમે મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવા પ્રદેશોમાં ૪ ઓગસ્ટના રોજ અલગ-અલગ અત્યંત ભારે વરસાદ અને મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવામાં અનુક્રમે ૬ ઓગસ્ટ અને ૩થી ૭ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. IMDએ આગામી ૫ દિવસ દરમિયાન દરિયાકાંઠાના કર્ણાટક, લક્ષદ્વીપ અને કેરળ અને માહે અને કર્ણાટકના પેટા વિભાગોમાં એકદમ ભારેથી અતિ ભારે વરસાદ, અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે અને તેલંગાણા અને રાયલસીમા પેટાવિભાગો, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. IMD એ ૫ ઓગસ્ટ સુધીમાં કેરળ, માહે અને તમિલનાડુમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે, તથા કેરળ હજુ પણ વધુના ભૂસ્ખલન દુર્ઘટનાથી પીડિત છે જેમાં ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન, રાજસ્થાન, પશ્ચિમ મધ્યપ્રદેશ, દરિયાકાંઠાના કર્ણાટક, દક્ષિણ આંતરિક કર્ણાટક, ગુજરાત અને મધ્ય મહારાષ્ટ્ર પ્રદેશો અને કેરળ, પંજાબ, મધ્ય પ્રદેશ, વિદર્ભ, સૌરાષ્ટ્ર અને કચ્છ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કોંકણ અને ગોવા, બિહાર, ઓડિશા, ઉત્તર આંતરિક કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, અરુણાચલ પ્રદેશ અને ત્રિપુરા પ્રદેશોમાં છૂટાછવાયા સ્થળોએ ખૂબ જ ભારે વરસાદ નોંધવામાં આવ્યો છે.

# ઉચ્ચ નેટવર્થ ધરાવતા ભારતીયોનું સ્થળાંતર આર્થિક કટોકટી છે : કોંગ્રેસે નાગરિકતાના ત્યાગ અંગેના ડેટા પર નિવેદન આપ્યું

**કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે મોટી વ્યવસાયિક હસ્તીઓ તેમની ભારતીય નાગરિકતાનો ત્યાગ કરીને સિંગાપોર, યુએઈ, યુકે અને અન્ય સ્થળોએ સ્થળાંતર કરી રહી છે**



(એજન્સી) તા.૩

૨૦૨૩માં ૨.૧૬ લાખ ભારતીયોએ તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો હોવાના સરકારી ડેટા દર્શાવતા કોંગ્રેસે જણાવ્યું હતું કે ઉચ્ચ-કુશળ અને ઉચ્ચ નેટવર્થ ધરાવતા ભારતીયો હિજરત કરી રહ્યા છે અને આગામી થોડા વર્ષોમાં દેશમાં કરની આવક ઘટશે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે મોટી વ્યવસાયિક હસ્તીઓ તેમની ભારતીય નાગરિકતાનો ત્યાગ કરીને સિંગાપોર, યુએઈ, યુકે અને અન્ય સ્થળોએ સ્થળાંતર કરી રહી છે.

કેટલા ભારતીય નાગરિકો તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો છે તેવા પ્રશ્નોના લેખિત જવાબમાં વિદેશ રાજ્ય પ્રધાન કીર્તિ વર્ધન સિંહે તાજેતરમાં રાજ્યસભામાં જણાવ્યું હતું કે ૨૦૨૩માં ૨.૧૬ લાખથી વધુ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી છે. કૉંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કમ્યુનિકેશન્સ રમેશે જણાવ્યું હતું કે ૨૦૧૧ માં ૧૨૩,૦૦૦ જેટલી સંખ્યા હતી તેના કરતા લગભગ બમણી સંખ્યા હતી. આમાંના ઘણા ભારતીયો જેમણે તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો છે તેઓ અત્યંત કુશળ અને શિક્ષિત છે, અને ઘરેલું કુશળ શ્રમીકોના દેશ છોડવાથી આપણી અર્થવ્યવસ્થા પર ગંભીર અસર પડશે. ઘણા લોકો આર્થિક રીતે સદ્ધર પણ છે. આ વર્ષની શરૂઆતમાં, એક અગ્રણી વૈશ્વિક રોકાણ સ્થળાંતર સલાહકાર પેઢીએ જાહેર કર્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૭,૦૦૦ કરોડપતિઓ (કુલ સંપત્તિ $૧ લાખથી વધુની વ્યક્તિઓ) ભારત છોડી ગયા છે. ઉચ્ચ કુશળ અને ઉચ્ચ નેટવર્થ ભારતીયોની આ હિજરત અપારદર્શક કર નીતિઓ અને મનસ્વી કર વહીવટનું પરિણામ છે. આ એક આર્થિક કટોકટી છે જેના લીધે આગામી થોડા વર્ષોમાં અમારી ટેક્સ રેવન્યુ બેઝ ઘટશે.

લેખિત જવાબમાં કીર્તિ વર્ધન સિંહે ૨૦૧૧-૨૦૧૮ માટે સંબંધિત ડેટા પણ શેર કર્યા હતા. આ ડેટા અનુસાર, ૨૦૨૨, ૨૦૨૧, ૨૦૨૦ અને ૨૦૧૯ માટે અનુરૂપ આંકડો ૨.૨૫ લાખ, ૧.૬૩ લાખ, ૮૫,૨૫૬ અને ૧.૪૪ લાખ હતો.

AAPના સભ્ય રાઘવ ચઢ્ઢાએ એ પણ જાણવાની માંગ કરી હતી કે શું સરકારે આવા દેશત્યાગની મોટી સંખ્યા અને ભારતીય નાગરિકતાની ઓછી સ્વીકૃતિ માટેના કારણો શોધવા માટે પગલાં લીધાં છે કે કેમ. તેમણે એ પણ જાણવાની કોશિશ કરી કે શું સરકારે નાગરિકત્વના ઉચ્ચ ત્યાગને કારણે નાણાકીય તેમજ બૌદ્ધિક ડ્રેનેજ અને દેશને થતા નુકસાનને નિર્ધારિત કરવાનો પ્રયાસ કર્યો હતો. મંત્રીએ જવાબ આપ્યો કે, નાગરિકતાનો ત્યાગના કારણો વ્યક્તિગત છે. સિંઘે કહ્યું હતું કે સફળ, સમૃદ્ધ અને પ્રભાવશાળી વિદેશી ડાયસ્પોરા એ ભારત માટે સંપત્તિ છે. ભારત તેના આ ડાયસ્પોરા નેટવર્કના ઉત્પાદક ઉપયોગથી ઘણું પ્રાપ્ત કરી શકે છે. સરકારના પ્રયાસોનો હેતુ જ્ઞાન અને કુશળતાના આદાનપ્રદાન સહિત ડાયસ્પોરાની સંભવિતતાનો સંપૂર્ણ ઉપયોગ કરવાનો પણ છે.

# કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના વિકાસ માટે ભારતમાં વ્યાપક નીતિગત ઉકેલની જરૂર છે : કોંગ્રેસ

**જયરામ રમેશે કહ્યું કે રાજ્યસભામાં ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ ડેટા દર્શાવે છે કે ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાંથી GST કલેક્શનમાં વધારો થયો છે**

(એજન્સી) તા.૩

કોંગ્રેસે શનિવારે જણાવ્યું હતું કે, કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના વિકાસ માટે ભારતને વ્યાપક નીતિગત ઉકેલની જરૂર છે, અને અભ્યાસક્રમમાં સુધારો કરવા, તમામ પરીક્ષા આપનારાઓ માટે વધુ સંસાધનો અને શિક્ષણની ગુણવત્તામાં રોકાણ કરવાની હાકલ કરી હતી. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યસભામાં આપવામાં આવેલા ડેટા દર્શાવે છે કે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાંથી GST કલેક્શન ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે ઝડપથી વધીને રૂા. ૨,૨૪૧ કરોડથી વધીને રૂા. ૫,૫૧૭ કરોડ થઈ ગયું છે. આ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કલેક્શનમાં આશ્ચર્યજનક ૧૪૬-ટકાનો વધારો દર્શાવે છે, જેમાંથી અમુક ભાગ બહેતર અમલીકરણને આભારી હોઈ શકે છે, પરંતુ તે બજારના વધતા કદને લીધે પણ છે.

તેમણે જણાવ્યું હતું કે, ચિંતાજનક રીતે, FY૨૪માં રૂા. ૫,૫૧૭ કરોડનું GST કલેક્શન, ૧૮ ટકાના દરે એકત્ર થયું, કોચિંગ સંસ્થાઓ માટે વાર્ષિક રૂા.૩૦,૬૫૩ કરોડનું બજાર છે. આ એક અત્યંત ચિંતાજનક આંકડો છે, કારણ કે તે FY૨૪માં ઉચ્ચ શિક્ષણ માટે કેન્દ્રીય બજેટની ફાળવણીના લગભગ બે તૃતીયાંશ જેટલો છે. કૉંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, જીએસટીના આંકડા કોચિંગ સંસ્થાઓના બજારને ઓછો અંદાજ આપી રહ્યા છે, અને ભારતને કોચિંગ સંસ્થાઓના આ વધારા માટે એક વ્યાપક નીતિ ઉકેલની જરૂર છે. અભ્યાસક્રમમાં સુધારો કરવાની જરૂર છે, અને શાળાના અભ્યાસક્રમને અનુરૂપ કરવાની જરૂર છે, તમામ પરીક્ષા આપનારાઓ માટે વધુ સંસાધનો ઉપલબ્ધ કરાવવાની જરૂર છે અને ગુણવત્તામાં રોકાણ કરવું આવશ્યક છે. દિલ્હીના ઓલ્ડ રાજીન્દર નગર વિસ્તારમાં આવી એક સંસ્થાના ભોંયરામાં વરસાદને કારણે પાણી ભરાઈ ગયા બાદ ત્રણ સિવિલ સર્વિસના ઉમેદવારોના મૃત્યુ બાદ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ પર ધ્યાન કેન્દ્રિત કરવાની કોંગ્રેસે તાકીદ કરી હતી. રમેશે ગયા અઠવાડિયે સંસદમાં શિક્ષણ મંત્રાલયના રાજ્ય મંત્રી સુકાંત મઝુમદાર દ્વારા આપવામાં આવેલ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ અંગેનો લેખિત જવાબ પણ ઠ પર પોસ્ટ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે, દેશમાં અનિયંત્રિત ખાનગી કોચિંગ સેન્ટરોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે અને કોઈપણ નિર્ધારિત નીતિ અથવા નિયમનના અભાવને લીધે મંત્રાલયે ૧૬ જાન્યુઆરીએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે કોચિંગ સેન્ટરના નિયમન માટેની માર્ગદર્શિકાને યોગ્ય કાનૂની માળખાના માર્ગે વિચારણા માટે પરિપત્ર જારી કર્યો છે.

# કેરળ ભૂસ્ખલન : મૃત્યુઆંક ૩૪૪, ૨૦૬ ગુમ, બચાવ કામગીરી પાંચમાં દિવસે પણ ચાલુ

**જિલ્લા વહીવટીતંત્રે ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોને ઝોનમાં વિભાજિત કર્યા હતા, જીપીએસનો ઉપયોગ કરીને બચાવ કાર્ય માટે સંભવિત સ્થળોને મેપ કર્યા હતા અને એરિયલ ફોટોગ્રાફ્સ અને સેલ ફોન લોકેશન ડેટા લીધા હતા**


(એજન્સી) વાયનાડ,તા.૩

૨૦૦થી વધુ લોકોને ભરખી જનાર ભૂસ્ખલનના વિનાશમાંથી બચી ગયેલા લોકોને શોધવા માટે ૧,૩૦૦થી વધુ બચાવકર્તાઓ, ભારે મશીનરી અને અત્યાધુનિક સાધનો તૈનાત કરવામાં આવ્યા સાથે સર્ચ ઓપરેશન શનિવારથી શરૂ થયું હતું. સર્ચ અને બચાવના ક્ષેત્રમાં વિશેષતા ધરાવતી ખાનગી કંપનીઓ અને સ્વયંસેવકો પણ લશ્કર, પોલીસ અને કટોકટી સેવા એકમોની આગેવાની હેઠળની કામગીરીમાં જોડાયા છે. જો કે, ભૂસ્ખલનને કારણે ધસી આવેલા વિશાળ પથ્થરો અને લોગ અને મુંડક્કાઈ અને ચૂરમલમાના રહેણાંક વિસ્તારોમાં જમા થયેલા કાટમાળ નીચે ફસાયેલા લોકોને શોધવા માટેના બચાવ પ્રયાસો માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરી રહ્યા છે. બચાવ કામગીરીની દ્રષ્ટિએ, કેરળની સૌથી ખરાબ કુદરતી આફતમાં મૃત્યુઆંક ૩૪૪ને સ્પર્શી ગયો છે અને વાયનાડમાં મોટા પ્રમાણમાં ભૂસ્ખલન અને પૂર પછી ૨૦૬ લોકો હજુ પણ ગુમ છે. બચાવ ઓપરેટરો પાણી ભરાયેલી માટી સહિત પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામે લડી રહ્યા છે, કારણ કે તેઓ નાશ પામેલા ઘરો અને ઈમારતોમાં શોધખોળ કરે છે. જિલ્લા વહીવટીતંત્રે ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોને ઝોનમાં વિભાજિત કર્યા હતા, જીપીએસનો ઉપયોગ કરીને બચાવ કાર્ય માટે સંભવિત સ્થળોને મેપ કર્યા હતા અને એરિયલ ફોટોગ્રાફ્સ અને સેલ ફોન લોકેશન ડેટા લીધા હતા. તેઓએ કાટમાળ નીચે ઊંડા દટાયેલા મૃતદેહોને શોધવા માટે ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર અને કેડેવર ડોગ સ્ક્વોડનો પણ ઉપયોગ કર્યો છે. મોટી સંખ્યામાં તબીબી વ્યાવસાયિકો, સશસ્ત્ર દળો તેમજ નાગરિકો અને એમ્બ્યુલન્સ જો કોઈ બચી જાય તો તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે આ વિસ્તારમાં ખડેપગે છે.

૧૯૦ ફૂટ લાંબો બેઈલી બ્રિજ, ગુરૂવારે સેના દ્વારા બનાવવામાં આવ્યો હતો અને વાયનાડ વહીવટીતંત્રને સોંપવામાં આવ્યો હતો, જે અત્યાર સુધી બચાવ પ્રયાસોમાં નિર્ણાયક સાબિત થયો છે. ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાં ભારે મશીનરી અને એમ્બ્યુલન્સની અવરજવરની સુવિધા આપનાર પુલ જ્યાં સુધી આ વિસ્તારમાં યોગ્ય પુલ ન બને ત્યાં સુધી સેવા આપશે. વાયનાડ, મલપ્પુરમ અને કોઝિકોડ જિલ્લામાંથી વહેતી ચાલિયાર નદીના ૪૦ કિલોમીટરના પટમાં પણ બચાવ કામગીરી ચાલુ છે. નદી અને તેના કિનારેથી સોથી વધુ મૃતદેહો અને શરીરના અંગો મળી આવ્યા છે.

# આ બેંગ્લુરૂ સીઈઓ ઉમેદવારોને 'તેઓ માંગે તે પગાર' ચૂકવે છે; 'કોઈ ભાવતાલ કરતાં નથી,' નેટીઝનો આશ્ચર્યચકિત

**વાયરલ થયેલી લિંકડઈન પોસ્ટમાં, તેમણે સમજાવ્યું કે કેવી રીતે તેમણે વાટાઘાટ પ્રક્રિયાને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધી છે Zokoના સહ-સ્થાપક અને CEO અર્જુન વીએ લખ્યું. ''૧૮થી વધુ ટીમના સભ્યોની ભરતી કર્યા પછી, મેં વિશ્વકક્ષાની પ્રતિભા જાળવી રાખવાનું રહસ્ય શોધી કાઢ્યું છે : અમે પગારની વાટાઘાટો કરતા નથી. તેઓ જે માંગે છે તે પગાર અમે ચૂકવીએ છીએ''**



(એજન્સી) તા.૩

ભરતીની પ્રક્રિયામાં, સૌથી પડકારજનક પાસું પગાર પેકેજ પર પરસ્પર સર્વસંમતિ સુધી પહોંચવાનું છે. ભારતની IT રાજધાની બેંગલુરુના એક ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO)એ તેમની કંપનીનીનો પગાર વાટાઘાટો નીતિથી સોશિયલ મીડિયા વપરાશકર્તાઓને આશ્ચર્યચકિત કર્યા છે, તેના બદલે 'તેઓ જે માંગે છે તે ચૂકવવાનું પસંદ કરે છે.' વાયરલ થયેલી લિંક્ડઈન પોસ્ટમાં, તેમણે સમજાવ્યું કે કેવી રીતે તેણે વાટાઘાટ પ્રક્રિયાને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધી છે. Zokoના સહ-સ્થાપક અને CEO અર્જુન વીએ લખ્યું કે, ''૧૮થી વધુ ટીમના સભ્યોની ભરતી કર્યા પછી, મેં વિશ્વકક્ષાની પ્રતિભા જાળવી રાખવાનું રહસ્ય શોધી કાઢ્યું છે : અમે પગારની વાટાઘાટો કરતા નથી. તેઓ જે માંગે છે તે પગાર અમે ચૂકવીએ છીએ.'' તેમણે ઉમેર્યું, 'પછી, અમે વર્ષમાં એક વાર રિવિઝન કરીએ છીએ. કારણ સરળ છે.' તેમના નિર્ણય પાછળના ચાર કારણોની સૂચિ. ''પીએસ : તેમણે શેર કર્યું કે, મેં ફક્ત એક જ વાર પગારની વાટાઘાટ કરી છે અને તે ઉમેદવારે માંગેલી રકમમાં વધારો કરવાનો હતો. તે ઉમેદવારે સમાન ભૂમિકામાં અન્ય લોકોની સરખામણીમાં પોતાની જાતને ઓછી મૂલવી હતી, તેથી મારે તેમને તે જણાવવું પડ્યું અને તેમને વધુ ઓફર કરવી પડી.'' શેર કરવામાં આવી ત્યારથી, પોસ્ટને ટિપ્પણીઓ અને પ્રતિક્રિયાઓ રૂપે વ્યાપક પ્રતિસાદ મળ્યો છે.

કેટલાક નેટીઝન્સની પ્રતિક્રિયા જોઈએ :

ellow.ioના સહ-સ્થાપક અને CEOએ પૂછ્યું કે, ''અર્જુન, જો તેઓ અવાસ્તવિક વધારો માંગે તો ? મેં ૧૦૦ ટકા વધારો માંગતા ઉમેદવારો સાથે વાટાઘાટો કરી છે.'' AI અને Analyticsમાં કામ કરતી નીતુ એલ્સા નિનાને પોસ્ટ કર્યું, ''હું આતુર છું કે આ વાર્ષિક રિવિઝન કેવી રીતે થાય છે. આ મૉડલ તમારા માટે કામ કરે છે તે સરસ છે અને મને ખાતરી છે કે આ સામેનું વળતર આશાસ્પદ હશે. માનવીય લાગણીઓ અને વર્તન પેટર્નને ધ્યાનમાં રાખતા મને લાગે છે કે આ બધું રોકાણ અને વળતર વચ્ચે સંપૂર્ણ સંતુલન શોધવા સંબંધી છે, મર્યાદિત સંસાધનો સાથે અથવા મોટી કંપનીઓને જથ્થાબંધ ભરતીની જરૂર હોય તેવા સ્ટાર્ટઅપ્સ માટે તે સંપૂર્ણપણે અલગ બોલ ગેમ હોઈ શકે છે.'' ત્રીજી વ્યક્તિએ ઉમેર્યું, 'આ પોસ્ટનો ઉપયોગ ભરતી માટે મીની માર્ગદર્શિકા તરીકે થવો જોઈએ.' ચોથાએ લખ્યું, આ અદ્ભુત છે અને અન્ય ભરતીકારો દ્વારા તેનું અનુકરણ કરવું જોઈએ. એમ્પ્લોયર માટે પૈસા બચાવવા માટે ભરતી કરનાર ઉમેદવાર પર સખત દબાણ કરે તેવી પરિસ્થિતિને પ્રોત્સાહિત ન કરવી જોઈએ.

# ગુજરાત કોંગ્રેસ ૯ ઓગસ્ટે ન્યાયયાત્રા શરૂ કરશે; રાહુલ, ખડગે જોડાશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૩

વિવિધ માનવસર્જિત દુર્ઘટનાઓના પીડિતો માટે ન્યાયની માંગણી સાથે ગુજરાત કોંગ્રેસ ૯ ઓગસ્ટના રોજ ન્યાયયાત્રા શરૂ કરવા માટે તૈયારી કરી છે જે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગહન ઐતિહાસિક મહત્વની તારીખ છે. આ દિવસે ૧૯૪૨માં મહાત્મા ગાંધીએ બ્રિટિશ શાસન સામે સવિનય અસહકારની હાકલ કરી હતી. આ યાત્રા મોરબીમાં શરૂ થશે અને ગાંધીનગરમાં સમાપ્ત થશે જેમાં કોંગ્રેસ સેવાદળના વડા લાલજી દેસાઈની આગેવાની હેઠળ કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી પણ તેમાં જોડાશે. રાહુલ અને પ્રિયંકા ગાંધી અને પક્ષ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પણ તેમાં જોડાય તેવી અપેક્ષા છે. દેસાઈએ એક્સ પર કહ્યું કે, ''ભાજપના અત્યાચાર અને ભ્રષ્ટાચારનો અંત લાવવા અને પીડિત લોકોને ન્યાય આપવા માટે ગુજરાતમાં ક્રાંતિ દિવસ ૯ ઓગસ્ટથી 'ગુજરાત ન્યાયયાત્રા' શરૂ થઈ રહી છે!'' દેસાઈએ જણાવ્યું હતું કે આ યાત્રા મોરબીથી શરૂ થશે અને ૧૧ ઓગસ્ટની સાંજ સુધીમાં રાજકોટ પહોંચશે જ્યાં સંવેદના સભા (સહાનુભૂતિ સભા) યોજાશે. તેમણે ઉમેર્યું હતું કે, ''આ યાત્રાનું સ્વાગત ઢોલ વગાડીને નહીં પરંતુ સુતરાઉ દોરાઓથી કરવામાં આવશે, જે ગાંધીવાદી માર્ગને મૂર્તિમંત કરશે.'' ગુજરાત કોંગ્રેસના જણાવ્યા મુજબ આ યાત્રા વડોદરામાં હરણી બોટ પલટી અને સુરતમાં તક્ષશિલા આગ તથા રાજકોટમાં ગેમિંગ ઝોનમાં આગની ઘટનાની યાદમાં કઢાશે. કોંગ્રેસના નેતાઓ ચારેય ઘટનાઓથી પીડિત પરિવારોના સંપર્કમાં છે અને તેઓ આ યાત્રામાં જોડાશે એમ ગુજરાત કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું. અંદાજે ૧૦૦ સહભાગીઓ મોરબીથી ગાંધીનગર સુધીના સમગ્ર રૂટ પર ચાલશે. ૨૨ કે ૨૩ ઓગસ્ટ સુધીમાં આ યાત્રા ગાંધીનગરમાં પૂરી થવાની ધારણા છે એમ કોંગ્રેસે જણાવ્યું હતું. કોંગ્રેસના ધારાસભ્ય અને ગુજરાત કોંગ્રેસના દલિત ચહેરા જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે પાર્ટીની કેન્દ્રીય આગેવાની પણ આ યાત્રામાં જોડાશે. મેવાણીએ ઉમેર્યું કે, ''અમે તમામ નેતાઓને યાત્રામાં જોડાવા આમંત્રણ આપ્યું છે. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, ખડગેજી અને અન્ય લોકો તેમાં જોડાય તેવી અપેક્ષા છે પરંતુ તારીખો હજુ નિશ્ચિત નથી.''

# રાજસ્થાનમાં પ્રસ્તાવિત ન્યુક્લિયર પ્લાન્ટને લઈને હિંસા ફાટી નીકળી

(એજન્સી) જયપુર, તા.૩

રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં સૂચિત માહી ન્યુક્લિયર પાવર પ્લાન્ટ માટે બાઉન્ડ્રી વોલના નિર્માણને લઈને શુક્રવારના રોજ છોટી સરવન ગામના રહેવાસીઓની પોલીસ સાથે અથડામણ થયા બાદ તણાવ પ્રવર્તી રહ્યો હતો.

પીએમ નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં ૨૮૦૦ મેગાવોટના પ્લાન્ટનો શિલાન્યાસ કરે તેવી અપેક્ષા છે. આ ઝઘડામાં ત્રણ પોલીસકર્મીઓ અને કેટલાક ગ્રામજનો ઘાયલ થયા હતા. બાર લોકોની અટકાયત કરવામાં આવી હતી. તેમના સ્થાનાંતરણનો વિરોધ કરી રહેલા રહેવાસીઓએ પોલીસ પર પથ્થરમારો કર્યો, જેઓ સરકાર દ્વારા સંપાદિત જમીન ખાલી કરવા અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા બાઉન્ડ્રી વોલ બનાવવાની સુવિધા માટે ત્યાં હતા.

# જહાં ગૌમાતા કા ખૂન ગીરેગા... : ભાજપના નેતાએ વાયનાડમાં ભૂસ્ખલનની ઘટનાને ગૌહત્યા સાથે જોડ્યું

(એજન્સી) તા.૩

વાયનાડમાં ભૂસ્ખલનથી અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. ઘણા લોકો હજુ પણ ગુમ છે. આ દરમિયાન રાજસ્થાન ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય જ્ઞાનદેવ આહુજાનું એક વિવાદાસ્પદ નિવેદન સામે આવ્યું છે. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું - "કેરળમાં ૨૦૧૮થી ગૌહત્યા થઈ રહી છે. કેરળમાં ૨૦૧૮ પહેલા પણ આવી જ આફતો આવી રહી છે. ભારતની ધરતી પર જ્યાં પણ ગૌહત્યા થશે ત્યાં આવી કુદરતી આફતો ઘણી આવશે." ઉત્તરાખંડ અને હિમાચલમાં વખત જ્યારે કેરળમાં ભૂસ્ખલનમાં માર્યા ગયેલા લોકોની સંખ્યા વધુ છે. જ્ઞાનદેવ આહુજા અલવરની રામગઢ સીટથી ધારાસભ્ય રહી ચૂક્યા છે. ઘણા હિંદુ સંગઠનો સાથે પણ જોડાયેલા છે. તે કહે છે, "વાયનાડમાં ખુલ્લેઆમ ગૌહત્યા થઈ રહી છે. જ્યાં પણ માતા ગાયનું લોહી જમીન પર પડશે, ત્યાં દુર્ઘટના થશે. તમને જણાવી દઈએ કે ૩૦ જુલાઈના રોજ વાયનાડના મેપ્પડી અને ચુરલમાલા વિસ્તારના પહાડોમાં ભૂસ્ખલન થયું હતું. તેના ટુકડાઓ હેઠળ આવીને ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા. અત્યાર સુધીમાં મૃત્યુઆંક ૩૦૮ પર પહોંચી ગયો છે. ભારતીય સેના સહિત અન્ય ટીમો પણ રાહત કામગીરીમાં લાગેલી છે. આ માટે રાહત કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ગઈકાલે જ દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ મદદનો હાથ લંબાવ્યો હતો. તેમણે મુખ્યમંત્રી રાહત ફંડમાં ૫ કરોડ રૂપિયા આપવાની વાત કરી હતી.

# ભારતને અમેરિકાની માથાદીઠ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં ૭૫ વર્ષ લાગી શકે છે : વર્લ્ડ બેંક

**ભવિષ્યમાં ભૂતકાળમાં જોવા મળેલા પડકારો કરતાં પણ વધુ સખત પડકારો છે**

(એજન્સી) તા.૧૧

વિશ્વ બેંકના અહેવાલમાં જણાવાયું છે કે, ભારત સહિત ૧૦૦થી વધુ દેશો આગામી કેટલાક દાયકાઓમાં ઉચ્ચ આવક ધરાવતા દેશો બનવા માટે ગંભીર અવરોધોનો સામનો કરી રહ્યા છે અને નવી દિલ્હીને માથાદીઠ યુએસ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં લગભગ ૭૫ વર્ષ લાગી શકે છે. વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૨૪: ધ મિડલ ઈન્કમ ટ્રેપ મુજબ, માથાદીઠ યુએસ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં ઈન્ડોનેશિયાને લગભગ ૭૦ વર્ષ અને ચીનને ૧૦ વર્ષથી વધુ સમય લાગશે. પાછલા ૫૦ વર્ષોના અહેવાલમાં જાણવા મળ્યું છે કે જેમ જેમ દેશો સમૃદ્ધ થાય છે, તેઓ સામાન્ય રીતે વ્યક્તિ દીઠ વાર્ષિક યુએસ જીડીપીના લગભગ ૧૦ ટકાના દરે રોકાય જાય છે, જે આજે USD ૮,૦૦૦ની સમકક્ષ છે. તે વિશ્વ બેંક દ્વારા મધ્યમ આવક ધરાવતા દેશો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી શ્રેણીની મધ્યમાં છે. ૨૦૨૩ના અંતમાં ૧૦૮ દેશોને મધ્યમ આવક તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા, દરેકની માથાદીઠ વાર્ષિક જીડીપી USD ૧,૧૩૬થી USD ૧૩,૮૪૫ની રેન્જમાં હતી. આ દેશોમાં છ અબજ લોકો રહે છે જે વૈશ્વિક વસ્તીના ૭૫ ટકા છે અને દર ત્રણમાંથી બે લોકો અત્યંત ગરીબીમાં જીવે છે. આગામી સમયમાં ભૂતકાળ કરતાં પણ વધુ કઠોર પડકારો છેઃ ઝડપી વૃદ્ધાવસ્થા અને દેવું, ભયંકર ભૌગોલિક રાજકીય અને વેપાર ઘર્ષણ અને પર્યાવરણને બગાડ્યા વિના આર્થિક પ્રગતિને ઝડપી બનાવવાની વધતી જતી મુશ્કેલી છે. ઘણા મધ્યમ આવકવાળા દેશો હજુ પણ મુખ્યત્વે રોકાણને વિસ્તૃત કરવા માટે બનાવવામાં આવેલી નીતિઓ પર આધાર રાખે છે. તે માત્ર પ્રથમ ગિયરમાં કાર ચલાવવા અને તેને ઝડપી બનાવવાનો પ્રયાસ કરવા જેવું છે. જો તેઓ જૂની યોજનાઓને વળગી રહેશે, તો મોટાભાગના વિકાસશીલ દેશો આ સદીના મધ્ય સુધીમાં વ્યાજબી રીતે સમૃદ્ધ સમાજ બનાવવાની રેસ ગુમાવશે. વર્લ્ડ બેંક ગ્રુપના ચીફ ઈકોનોમિસ્ટ અને ડેવલપમેન્ટ ઈકોનોમિક્સના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ઈન્દરમીટ ગીલે જણાવ્યું હતું કે, હાલના વલણો પર, માથાદીઠ યુએસ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં ચીનને ૧૦ વર્ષથી વધુ સમય લાગશે, ઈન્ડોનેશિયા લગભગ ૭૦ વર્ષ અને ભારતને ૭૫ વર્ષ લાગશે. ગિલે એમ પણ કહ્યું હતું કે વૈશ્વિક આર્થિક સમૃદ્ધિ માટેની લડાઈ મોટાભાગે મધ્યમ આવક ધરાવતા દેશોમાં હશે.

# ભારતે ઈઝરાયેલને શસ્ત્રોનું વેચાણ અટકાવવું જોઈએ અથવા 'હંમેશાં માટે નરસંહારમાં સામેલ' થવું જોઈએ : અરૂંધતી રોય

**અરૂંધતી રોય અગ્રણી ભારતીયો દ્વારા હસ્તાક્ષર કરાયેલા એ પત્રને સમર્થન આપી રહ્યા છે જેમાં ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધમાં ભારતની ભાગીદારીનો અંત લાવવાની હાકલ કરવામાં આવી છે**

(એજન્સી) તા.૩

લેખિકા અને કાર્યકર અરૂંધતિ રોયે કહ્યું છે કે ભારત સરકારે ઈઝરાયેલને શસ્ત્રો અને દારૂગોળાનું વેચાણ અને નિકાસ અટકાવવી જોઈએ અથવા ગાઝામાં નરસંહારમાં કાયમ માટે જોડાઈ જવું જોઈએ. નાગરિક સમાજ ગાઝા પરના ઈઝરાયેલના યુદ્ધમાં ભારતની ભાગીદારીથી વધુ કંટાળી ગયો છે. આ યુદ્ધમાં લગભગ ૪૦,૦૦૦ પેલેસ્ટીની લોકોનાં મૃત્યુ થયા છે, હજારો અન્ય ઘાયલ થયા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં રોય અને ભારતીય સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશો અને અમલદારો સહિત અનેક અગ્રણી વ્યક્તિઓએ ભારતના સંરક્ષણ મંત્રાલયને એક પત્ર મોકલ્યો હતો જેમાં ઈઝરાયેલને શસ્ત્રો, ડ્રોન અને અન્ય વિસ્ફોટકોની નિકાસ માટે પરમિટ આપવા પર તાત્કાલિક રોક લગાવવાની હાકલ કરવામાં આવી હતી. બે ડઝનથી વધુ હસ્તાક્ષરકર્તાઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલમાં શસ્ત્રોની નિકાસ ચાલુ રાખવાથી આંતરરાષ્ટ્રીય કાયદાનો ગંભીર ભંગ થશે, જે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)ની નરસંહાર સંમેલનની કલમ III મુજબ, નરસંહારમાં રાજ્યની ભાગીદારી એ સજાપાત્ર ગુનો છે. પત્રના આયોજકોએ જણાવ્યું હતું કે તેઓ માને છે કે આ સમયગાળા દરમિયાન ભારતમાં ઓછામાં ઓછી ત્રણ કંપનીઓને ઈઝરાયેલને શસ્ત્રો અને લશ્કરી સાધનોની નિકાસ માટે લાઈસન્સ આપવામાં આવ્યા હતા. આ લાયસન્સ કાં તો ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (DGFT) અથવા ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ પ્રોડક્શન (DDP) પાસેથી મેળવવામાં આવ્યા હતા. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)એ ચુકાદો આપ્યો છે કે ઈઝરાયેલ નરસંહાર સંમેલન હેઠળની જવાબદારીઓનું ઉલ્લંઘન કરી રહ્યું છે અને ઈઝરાયેલ પેલેસ્ટીની પ્રદેશો પર ગેરકાયદેસર કબજો કરી રહ્યું છે.

જૂનમાં યુએનના ઘણા નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે ઈઝરાયેલને શસ્ત્રો અને દારૂગોળો ટ્રાન્સફર કરવો એ માનવ અધિકારો અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાઓનું ગંભીર ઉલ્લંઘન છે. તેણે શસ્ત્રોના પરિવહનને તાત્કાલિક અટકાવવા કહ્યું હતું. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ભારત વિવિધ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંધિઓથી બંધાયેલું છે જે ભારતને યુદ્ધ અપરાધો માટે દોષિત રાજ્યોને લશ્કરી શસ્ત્રો ન આપવા માટે બાધ્ય કરે છે, કારણ કે કોઈપણ નિકાસનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ગંભીર ઉલ્લંઘનમાં થઈ શકે છે. તેથી ભારત ઈઝરાયેલને કોઈપણ સૈન્ય સાધનસામગ્રી અથવા શસ્ત્રોની નિકાસ કરી શકશે નહીં કારણ કે આ શસ્ત્રોનો ઉપયોગ યુદ્ધ અપરાધો કરવા માટે થઈ શકે તેવું ગંભીર જોખમ છે. રોયે જણાવ્યું હતું કે ભારત લાંબા સમયથી પેલેસ્ટીની અધિકારોનું સમર્થક રહ્યું હોવા છતાં, હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ભારત તરફથી ઈઝરાયેલને મોકલવામાં આવેલા શસ્ત્રોના ભંડાર તેમજ ઈઝરાયેલ મોકલવામાં આવેલા હજારો ભારતીય બાંધકામ કામદારોનો ઉલ્લેખ કરતાં રોયે જણાવ્યું હતું કે ભારતે આ નિર્ણયોને પાછો ખેંચવો પડશે અથવા તો ICJના ભંગનો સામનો કરવો પડશે. તે નરસંહારમાં મદદ કરવા અને તેને પ્રોત્સાહન આપવા જેવુ કામ છે.

ભારતીય ન્યૂઝ ચેનલ Tફ૯ હિન્દીએ અહેવાલ આપ્યો હતો કે ભારતીય બનાવટના ઈઝરાયેલ ડ્રોન ઈઝરાયેલ મોકલવામાં આવ્યા છે. દક્ષિણ-મધ્ય ભારતીય શહેર હૈદરાબાદમાં ઉત્પાદિત હર્મેસ ૯૦૦ ડ્રોન ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં ઈઝરાયેલની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરશે. ઈઝરાયેલ સાથે ભારતના સૈન્ય સંબંધો ૧૯૬૦ના દાયકાના છે. ઈઝરાયેલે ચીન (૧૯૬૨) અને પાકિસ્તાન (૧૯૬૫) સાથેના યુદ્ધ દરમિયાન લશ્કરી સહાય મોકલી હતી. ૧૯૯૨માં ભારતે ઈઝરાયેલ સાથેના સંબંધોને સામાન્ય બનાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા એક દાયકામાં ભારત-ઈઝરાયેલ સંબંધો વધ્યા છે. ૨૦૧૫ અને ૨૦૧૯ની વચ્ચે, ભારત દ્વારા ઈઝરાયેલ હથિયારોની ખરીદીમાં ૧૭૫ ટકાનો વધારો થયો છે. ગાઝા યુદ્ધ છતાં ભારતીય યુનિવર્સિટીઓ ઈઝરાયેલી કોલેજો અને શસ્ત્ર કંપનીઓ સાથે ગાઢ સંબંધો ધરાવે છે. ઈઝરાયેલ સાથે ભારતની ગાઢ મિત્રતાને લીધે દક્ષિણ ઈઝરાયેલ પર ૭ ઓક્ટોબરના હમાસની આગેવાની હેઠળના હુમલાઓ અને ગાઝા પરના યુદ્ધમાં દિલ્હી ઈઝરાયેલના સૌથી પ્રખર સમર્થકોમાંનું એક રહ્યું છે. ભારત ઓક્ટોબર ૨૦૨૩માં યુદ્ધવિરામની હાકલ કરતા યુએનના ઠરાવથી દૂર રહ્યું હતું. ડિસેમ્બરમાં, તેણે યુદ્ધવિરામ માટે મતદાન કર્યું હતું.

### ટોળાએ મહિલાના અપહરણના કથિત આરોપી મુસ્લિમ યુવકના ઘરને આગ ચાંપી, પોલીસ પર પણ હુમલો

# ઉત્તરપ્રદેશમાં બુલડોઝર કાર્યવાહી : અયોધ્યામાં રેપના આરોપી સપા નેતા મોઈદ ખાનની બેકરી ધ્વસ્ત કરાઈ; વીડિયો સામે આવ્યો

**મહિલાએ યુવક સામે કોઈ ફરિયાદ નહીં કરવા લેખિતમાં આપ્યું હોવા છતાં સદામને માત્ર પૂછપરછ માટે બોલાવી ફરિયાદ દાખલ કરાઈ**



(એજન્સી) અયોધ્યા, તા. ૩

અયોધ્યામાં રેપની ઘટનામાં આરોપી મુસ્લિમ વ્યક્તિની બેકરી પર યુપી પોલીસ દ્વારા બુલડોઝર ફેરવી દેવાયું હતું જોકે, આ ઘટનામાં યુવતીએ પોતે જ ફરિયાદ નહીં કરવા લેખિતમાં આપ્યું હતું. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી અને તેના વીડિયો પણ સામે આવ્યા હતા. અયોધ્યામાં રેપની ઘટના પછી ટોળાએ મુસ્લિમ વ્યક્તિના ઘરને આગ ચાંપી દીધી હતી, તેના પર મહિલાનું અપહરણ કરવાનો આરોપ મૂક્યો હતો અને પોલીસ પર પણ હુમલો કર્યો હતો. પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, ગ્રામજનોના ટોળાએ અહીં એક મુસ્લિમ વ્યક્તિના ઘરમાં તોડફોડ કરી અને તેને આગ લગાડી દીધી, તેના પર તેમના સમુદાયની એક મહિલાનું અપહરણ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેઓએ ઉમેર્યું હતું કે, ગુસ્સે થયેલા સ્થાનિકોએ શુક્રવારે રાત્રે સિરૌલી વિસ્તારના ચંદુપુરા શિવનગર ગામમાં બનેલી ઘટનાની માહિતી પર સ્થળ પર પહોંચેલા પોલીસ પર કથિત રીતે હુમલો કર્યો હતો. પોલીસે જણાવ્યું કે, સિરૌલી પોલીસ સ્ટેશનના એસએચઓ અને અન્ય બે પોલીસકર્મીઓને શનિવારે ઘટનાના સંબંધમાં કથિત બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. બરેલીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અનુરાગ આર્યએ શનિવારે સવારે જણાવ્યું હતું કે ૨૯ જુલાઈના રોજ મૈકુ લાલની ૨૦ વર્ષની પુત્રી અને ૨૧ વર્ષીય સદ્દામ ચંદુપુરા શિવનગરમાં ગુમ થયાની જાણ થઈ હતી. તેઓ ૧ ઓગસ્ટના રોજ પોલીસને મળી આવ્યા હતા. મહિલાના પિતા અને ગ્રામજનોની વિનંતી પર તેને તેના પરિવારને સોંપવામાં આવી હતી જ્યારે આર્યએ જણાવ્યું હતું કે, લાલે લેખિતમાં રજૂઆત કરી હતી કે તે યુવક સામે કોઈ ફરિયાદ નોંધાવવા માંગતો નથી. એસએસપીએ જણાવ્યું કે, મહિલાની સંમતિ પર તેણીને પરિવારને સોંપવામાં આવી હતી અને સદ્દામને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યો હતો. તેમ છતાં શુક્રવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે બદમાશોએ કથિત રીતે સદ્દામના ઘરમાં ઘૂસી, તોડફોડ કરી અને તેને આગ લગાવી દીધી હતી. તેઓએ ઘટનાની માહિતી મળતાં સ્થળ પર પહોંચેલી પોલીસ ટીમ પર પણ હુમલો કર્યો હતો એમ તેમણે જણાવ્યું હતું. આ પછી કેસમાં બંને પક્ષો તરફથી ક્રોસ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું. એસએસપીએ એમ પણ કહ્યું કે સિરૌલી પોલીસ સ્ટેશનના એસએચઓ લવ સિરોહી, સબ-ઈન્સ્પેક્ટર સત્યવીર સિંહ અને એક કોન્સ્ટેબલને શનિવારે સવારે મામલામાં બેદરકારી અને એફઆઈઆર નોંધવામાં ન આવવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ચંદુપુરા શિવનગરમાં સ્થિતિ હવે સામાન્ય છે અને શાંતિ જાળવવા માટે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે.

**ન્યુઝ GT પોઈન્ટ**

**નવા ફોજદારી કાયદા એ તો જાણે લિંચિંગની પરવાનગી કે આવા ગુન્હા કરનારને પ્રોત્સાહન મળે તે રીતે લિંચિંગ કરનારને ફક્ત ૭ વર્ષની સજા થઈ શકે એટલે ‘મર્ડર’ કેસમાં આરોપીને ભલે ફાંસી કે આજીવન કેદની સજા થાય પરંતુ લિંચિંગમાં ૭ વર્ષ સુધી સજા થઈ શકે અને સુપ્રીમ કોર્ટના અરનેશ કુમારના જજમેન્ટ પ્રમાણે ૭ વર્ષની સજાના કેસમાં જામીન પોલીસ જ આપી શકે, કોર્ટમાં ય જવાની જરૂર નહીં ! ગૌ માંસ કે અન્ય કોઈ ધર્મની સ્ત્રીને ઉપાડી જવાનો કે છેડતી કરવાનો આરોપ મૂકી સજા ઘટાડવાનું લાઈસન્સ મેળવી લે છે !**

# ભગવાન રામના અસ્તિત્વનો કોઈ ઐતિહાસિક રેકોર્ડ નથી : તમિલનાડુના પરિવહન મંત્રી શિવશંકરનું નિવેદન; ભાજપે વળતો પ્રહાર કર્યો

(એજન્સી) તા.૩

તમિલનાડુના રમત મંત્રી અને DMK નેતા ઉદયનિધિ સ્ટાલિને હિન્દુ ધર્મ વિશે કરેલી ટિપ્પણીની સમગ્ર દેશમાં નિંદા કરવામાં આવી હતી, તેમજ આ મામલે તેમના વિરૂદ્ધ કોર્ટમાં ફરિયાદ પણ કરવામાં આવી હતી.

હવે તમિલનાડુના ડીએમકે (DMK)ના વધુ એક નેતાએ ભગવાન રામ વિશે વિવાદિત ટિપ્પણી કરવાની ઘટના સામે આવી છે. તમિલનાડુના મંત્રી એસએસ શિવશંકરે શુક્રવારે (૨ ઓગસ્ટ) ભગવાન રામ વિશે કરેલા નિવેદનમાં દાવો કર્યો હતો કે ભગવાન રામના અસ્તિત્વને સાબિત કરવા માટે કોઈ ઐતિહાસિક પુરાવા નથી.

દરમિયાન તેમણે ચોલ વંશના રાજાઓ સાથે ભગવાન રામની તુલના પણ કરી હતી. DMKના નેતા અને તમિલનાડુના મંત્રીના આ નિવેદનની હાલ સોશિયલ મીડિયામાં ભારે નિંદા કરવામાં આવી રહી છે.

હકીકતમાં, અરિયાલુર જિલ્લાના ગંગઈકોંડાચોલપુરમ ગામમાં રાજેન્દ્ર



ચોલની જયંતી મનાવવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે આ કાર્યક્રમમાં ભાષણ આપતી વખતે ડીએમકેના મંત્રી શિવશંકરે કહ્યું હતું કે, આપણે ચોલ વંશના સમ્રાટ રાજેન્દ્ર ચોલનું જન્મ દિવસ ઉજવીએ છીએ.

આપણી પાસે શિલાલેખ, તેમના બનાવેલા મંદિરો અને તેમના દ્વારા બનાવેલા તળાવો જેવા ઐતિહાસિક પુરાવાઓ છે. પરંતુ, ભગવાન રામનો ઈતિહાસ જાણવા માટે કોઈ પુરાવા નથી છે. આટલા પર સંતોષ ન માનતા તેમણે વધુમાં કહ્યું કે, તેઓ દાવા કરે છે કે ભગવાન રામ ૩૦૦૦ સાલ પહેલા રહેતા હતા તેમજ તે લોકો તેમને અવતાર માને છે. પરંતુ અવતાર જન્મ નથી લેતા. જો રામ અવતાર હોય તો તેમનો જન્મ ન થઈ શકે અને જો તેમનું જન્મ થયું હોય તો તેમને ભગવાન ન ગણી શકાય.

DMKના મંત્રીએ વધુમાં કહ્યું કે, રામાયણ અને મહાભારતમાં લોકોના શીખવા માટે કોઈ જીવન પાઠ નથી છે જ્યારે તમિલ સંત-કવિ તિરુવલ્લુવર દ્વારા ૨૦૦૦ વર્ષો પહેલા લખાયેલા દોહાના સંગ્રહ તિરૂક્કુરલમાં ઘણાં જીવન પાઠ છે. જો કે, મંત્રીની ટિપ્પણીઓ પર ભાજપે વળતો પ્રહાર કર્યો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ અન્નામલાઈએ DMKના ભગવાન રામ પ્રતિ શ્રદ્ધા પર સવાલો ઉઠાવ્યા હતા. મંત્રીની વિવાદાસ્પદ ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર શેર કરી અન્નામલાઈએ DMKના નેતાની નિંદા કરી હતી. આ ઉપરાંત હાલ સોશિયલ મીડિયામાં DMKના નેતાને ભારે ટીકા કરવામાં આવી રહી છે.

# કાશ્મીર ડ્રગ-ટેરર નેટવર્કમાં કથિત ભૂમિકા માટે ૫ પોલીસ, શિક્ષક બરતરફ

**બરતરફ કરાયેલા મોટાભાગના પોલીસકર્મીઓ સરહદી વિસ્તારોના છે અને તેઓ સરહદ પારના નાર્કોટિક્સ સિન્ડિકેટ સાથે જોડાયેલ ડ્રગની દાણચોરીની કામગીરીમાં સંડોવાયેલા છે**

(એજન્સી) તા.૩

જમ્મુ અને કાશ્મીરમાં નાર્કો-આતંકવાદમાં કથિત સંડોવણી બદલ પાંચ પોલીસકર્મીઓ અને એક શિક્ષકને તેમના હોદ્દા પરથી બરતરફ કરવામાં આવ્યા છે. આ પગલું ટેરર ફાઈનાન્સિંગ અને પ્રદેશમાં અલગતાવાદી ઈકોસિસ્ટમ પર વહીવટીતંત્ર દ્વારા વ્યાપક કાર્યવાહીનો એક ભાગ છે.

બરતરફ કરાયેલા મોટાભાગના પોલીસકર્મીઓ સરહદી વિસ્તારોના છે અને તેઓ સરહદ પારના નાર્કોટિક્સ સિન્ડિકેટ સાથે જોડાયેલ ડ્રગની દાણચોરીની કામગીરીમાં સંડોવાયેલા છે.

બરતરફ કરાયેલા પોલીસકર્મીઓની ઓળખ ફારૂક અહમદ શેખ, ખાલિદ હુસૈન શાહ, રહેમત શાહ, ઈરફાન અહમદ ચાલકુ અને સૈફુલદ્દીન તરીકે થઈ છે. આ ઉપરાંત શાળાના શિક્ષક નાઝીમુદ્દીન પણ ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

તાજેતરના વર્ષોમાં, જમ્મુ અને કાશ્મીરમાં ડ્રગની દાણચોરી માટે અસંખ્ય પોલીસ, સેના અને અર્ધલશ્કરી દળના જવાનોની ધરપકડ કરવામાં આવી છે. ક્રોસ બોર્ડર ડ્રગ સિન્ડિકેટ એક મહત્વપૂર્ણ પડકાર તરીકે ઉભરી આવ્યું છે, જે આતંકવાદને પોષણ અને આતંકવાદને ધિરાણ પૂરું પાડતું હતું.

સરહદ પારના ડ્રગ-આતંકના નેટવર્કમાં સુરક્ષા દળોની સંડોવણીનો પ્રથમ મોટો કેસ ૨૦૨૧માં બહાર આવ્યો જ્યારે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ કુપવાડા જિલ્લાના હંદવાડા વિસ્તારમાં તૈનાત એક BSF અધિકારીની ધરપકડ કરી. આ અધિકારી પર લશ્કર-એ-તૈયબા આતંકવાદી જૂથ સાથે જોડાયેલી સીમા પાર ડ્રગ સિન્ડિકેટ ચલાવવાનો આરોપ હતો. NIAએ જમ્મુના સાંબામાંથી BSFના સબ-ઈન્સ્પેક્ટર રોમેશ કુમાર પાસેથી રૂા.૯૧ લાખની રોકડ રિકવર કરી હતી. આ રોકડ ડ્રગ્સની હેરાફેરીમાંથી મળેલી રકમનો એક ભાગ હતો.

# કેન્દ્ર સરકારે કહ્યું, ના, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને ઓલિમ્પિક માટે મંજૂરી નહીં આપે

(એજન્સી) તા.૩

પંજાબના સીએમ ભગવંત માન ટીમનું મનોબળ વધારવા માટે જ પેરિસ જવા માંગતા હતા કારણ કે ભારતીય હોકી ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત સિંહ માન ઓલિમ્પિક મેચમાં જઈ શકશે નહીં. કેન્દ્ર સરકારે તેને મંજૂરી આપવાનો ઈન્કાર કરી દીધો છે.



ભારતીય હોકી ટીમ ઓસ્ટ્રેલિયાને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે અને CM માન ક્વાર્ટર ફાઈનલ જોવા પેરિસ જવા ઈચ્છતા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર દ્વારા સુરક્ષાના કારણોસર તેમની મુલાકાતને મંજૂરી આપવામાં આવી નથી.

મળતી માહિતી મુજબ સીએમ માન ૩થી ૯ ઓગસ્ટ સુધી પેરિસ જવાના હતા અને આ માટે વિદેશ મંત્રાલય પાસેથી મંજૂરી માંગવામાં આવી હતી. હવે કેન્દ્ર દ્વારા મુખ્યમંત્રી કાર્યાલયને જણાવવામાં આવ્યું કે આ યાત્રા માટે પરવાનગી આપવામાં આવી નથી. ઉચ્ચ સ્તરીય રાજકારણીઓએ વિદેશ પ્રવાસ માટે વિદેશ મંત્રાલયની પરવાનગી લેવી પડે છે, પરંતુ સુરક્ષાના કારણોને ટાંકીને વિદેશ મંત્રાલયે સીએમ માનને પેરિસ જવાની પરવાનગી આપવાનો ઈન્કાર કરી દીધો છે. હાલમાં ઓલિમ્પિકના કારણે પેરિસમાં સંભવિત ખતરાઓને જોતા મુખ્યમંત્રીની મુલાકાત માટે ચુસ્ત સુરક્ષાની જરૂર છે, પરંતુ આટલા ઓછા સમયમાં ઝેડ પ્લસ સુરક્ષાની વ્યવસ્થા થઈ શકે તેમ નથી. આ કારણોસર સીએમ માનને પેરિસ જવાની મંજૂરી આપવામાં આવી નથી.

# BSNL ગ્રાહકો ટૂંક સમયમાં 4G સેવાઓ મેળવી શકે છે, 80,000 ટાવર ઑક્ટોબર સુધીમાં ઈન્સ્ટોલ કરવામાં આવશે; ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા કહે છે કે 5G ચાલુ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કેન્દ્રીય ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની તાજેતરની ટિપ્પણીએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલી સરકારી ટેલિકોમ કંપની BSNL માટે આશા જગાવી છે.

ટેલિકોમ મંત્રી શનિવારના રોજ ગ્વાલિયરના બે દિવસીય પ્રવાસે પહોંચ્યા હતા.

મીડિયા સાથે વાત કરતા ટેલિકોમ મંત્રીએ કહ્યું કે, BSNLના ગ્રાહકો ટૂંક સમયમાં 4G સેવાઓનો આનંદ માણી શકશે. તેમણે કહ્યું કે, કામ શરૂ થઈ ગયું છે અને BSNLના 4G નેટવર્કના ૧ લાખ ટાવર માર્ચ ૨૦૨૫ સુધીમાં ઈન્સ્ટોલ થઈ જશે. ટેક્નોલોજીનું પરીક્ષણ કરવામાં આવ્યું છે અને તે સંપૂર્ણ રીતે તૈયાર છે. ટાવર લગાવવાનું કામ પણ શરૂ થઈ ગયું છે.



સરકારી કંપની સી ડોટ ઈન્ડિયાએ ઝડપી નેટવર્કનો મુખ્ય ભાગ તૈયાર કર્યો છે. BSNL તેનો અમલ કરી રહી છે. અમે ઓક્ટોબર સુધીમાં દેશભરમાં ૮૦,૦૦૦ ટાવર ઈન્સ્ટોલ કરીશું અને બાકીના ૨૧,૦૦૦ ટાવર માર્ચ સુધીમાં સ્થાપિત કરવામાં આવશે.

મને ખુશી છે કે ગ્રાહકો હવે BSNL પર પાછા આવી રહ્યા છે. ટેલિકોમ મંત્રીએ એ પણ ખાતરી આપી છે કે BSNL પયસેવાઓમાં વધુ વિસ્તરણ કરશે. ગ્વાલિયર, મતવિસ્તાર ગુના અને નજીકના પ્રદેશમાં તેમના ઘરની વિકાસ યોજનાઓ વિશે બોલતા, સિંધિયાએ કહ્યું કે,ગ્વાલિયર-આગ્રા એક્સપ્રેસવે માટે જમીન સંપાદન શરૂ થઈ ગયું છે. આ એક્સપ્રેસ વે ૪૬૧૩ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે અને તેમાં આઠ પુલ અને છ ફલાયઓવરનો સમાવેશ થશે. આ હાઈ-સ્પીડ કોરિડોર ગ્વાલિયર અને દિલ્હી વચ્ચેની મુસાફરીનો સમય વર્તમાન ૬ કલાકની સરખામણીમાં ૩:૪૫ કલાક સુધી ઘટાડશે.

# સુપ્રીમ કોર્ટે ‘અંધશ્રદ્ધા ખતમ’ કરવા અંગેની પીઆઈએલ ફગાવી, કહ્યું કે અમારી પાસે બધી બુરાઈઓનો ઈલાજ નથી

(એજન્સી) તા.૩

સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યું છે કે તેની પાસે સમાજમાં રહેલી દરેક સમસ્યા કે ખરાબીને દૂર કરવાની કોઈ ફોર્મ્યુલા કે ઈલાજ નથી. સુપ્રિમ કોર્ટે શુક્રવારે પીઆઈએલ દાખલ કરનાર અરજદારની પણ ટીકા કરી હતી જેમાં સરકારોને અંધશ્રદ્ધા સમાપ્ત કરવા માટે પગલાં ભરવાના નિર્દેશની માંગ કરવામાં આવી હતી.

અશ્વિની ઉપાધ્યાયે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે દેશમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાને કારણે દર વર્ષે સેંકડો લોકોના જીવ જાય છે. તેથી, લોકોમાં વૈજ્ઞાનિક સ્વભાવ વિકસાવવામાં આવે છે, જે રાજયની નીતિના નિર્દેશક સિદ્ધાંતોનો એક ભાગ છે.

સુપ્રીમ કોર્ટના સીજેઆઈ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે



અરજી દાખલ કરનારા વકીલ અશ્વિની ઉપાધ્યાયને કહ્યું કે, ‘લોકોમાં વૈજ્ઞાનિક સ્વભાવનો વિકાસ ન્યાયિક આદેશો દ્વારા થઈ શકે નહીં. શાળાઓમાં વિદ્યાર્થીઓએ શું શીખવું જોઈએ તે અમે નક્કી કરી શકતા નથી.

આ સરકારના શિક્ષણ વિભાગના નિષ્ણાતોના નીતિ વિષયક કાર્યક્ષેત્રમાં આવે છે. વિદ્યાર્થીઓ પહેલાથી જ અભ્યાસના ખૂબ જ વિસ્તૃત અભ્યાસક્રમોનો બોજ ધરાવે છે. અમે ન્યાયિક આદેશ દ્વારા તેને વધુ વધારી શકતા નથી.

# સપના સિન્હા તે ભારતીયમાંથી જે ફોર્બ્સ ૩૦ અંડર ૩૦ એશિયા યાદીમાં સામેલ થનારી બિહારની પ્રથમ મહિલા બની

(એજન્સી) તા.૩

નાના શહેરોના લોકોની પોતાનાથી બનાવેલી સફળતાની વાર્તાઓ ખૂબ જ પ્રેરણાદાયક અને હૃદયસ્પર્શી હોય છે. આવી જ એક અસામાન્ય વાર્તા છે ૨૯ વર્ષીય સપના સિન્હાની જેમણે મગજ અને સંજ્ઞાત્મક વિજ્ઞાનમાં પોતાની અભૂતપૂર્વ શોધ માટે પ્રસિદ્ધ ફોર્બ્સ ૩૦ અંડર ૩૦ એશિયા યાદીમાં સ્થાન બનાવીને ઈતિહાસ રચી દીધો છે. આ અસામાન્ય ઉપલબ્ધિ તેમનો અતૂટ ઉત્સાહ અને પ્રતિભાને ઉજાગર કરે છે. ૧૯૯૫માં જન્મેલી સપનાના પિતા સંજયકુમાર ઈલેક્ટ્રોનિક વિભાગના પ્રમુખ છે અને તેમની



માતા સંગીતા સિન્હા બાબાસાહેબ ભીમરાવ આંબેડકર બિહાર યુનિવર્સિટીમાં ભૌતિક શાસ્ત્રના પ્રોફેસર છે. શિક્ષણને મહત્ત્વ આપનારા પરિવારમાં મોટી થયેલી સપનાના સ્વપ્ન અને જિજ્ઞાશાઓ બાળપણથી જ પોષિત હતી. જાપાનના નાગોયા યુનિવર્સિટીથી કેમિકલ એન્જિનિયરીંગમાં બીટેક કરતા પહેલા તેમણે મુઝફ્ફરપુર અને પટનામાં સ્કૂલમાં ટોપ કર્યું. ત્યારબાદ સપનાએ ઓક્સફોર્ડ યુનિવર્સિટીથી પીએચડી કરી જ્યાં નેનોમટિરિયલ પર તેમની શોધને આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી ઓળખ મળી. ત્યારબાદ તેમણે જાપાનની ઓસાકા યુનિવર્સિટીમાં સહાયક પ્રોફેસર તરીકે કામ કર્યું અને ૨૦૨૧માં તેમને શ્મિટ સાયન્સ ફેલો નોમિનેટ કરવામાં આવ્યા. ૨૦૨૨માં તે મેસાચુસેટસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં સામેલ થયા જ્યાં ઓપ્ટોજેનિક્સમાં તેમનું અભિનવ કાર્ય એક એવું ક્ષેત્ર છે. કોશિકાઓને ઉત્તેજિત કરવા માટે પ્રકાશનો લાભ ઉઠાવે છે. મગજ અને મણકાના હાડકાની ઈજાઓની સારવાર માટે નવી આશા પ્રદાન કરે છે.

# ૨૯,૭૮૭ કરોડ રૂપિયાની કંપનીના CEO બનેલા મીઠાઈની દુકાનના માલિકના પુત્ર ચંદ્રશેખર ઘોષ

(એજન્સી) તા.૨

ચંદ્રશેખર ઘોષની ગરીબીમાંથી બંધન બેંકના CEO અને સ્થાપક બનવા સુધીની પ્રેરણાદાયી સફર દૃઢતાની વાર્તા છે. તેમણે જાહેરાત કરી છે કે, તેઓ તેમનો કાર્યકાળ પૂરો થયા બાદ જુલાઈ ૨૦૨૪માં તેમનું પદ છોડી દેશે. ૮ એપ્રિલના રોજ કોલકાતા સ્થિત બેંકનું બજાર મૂલ્ય રૂા.૨૯,૭૮૭ કરોડ હતું. બંધન બેંકમાંથી નિવૃત્ત થયા પછી ઘોષ હવે બંધન ગ્રુપ માટે વ્યૂહાત્મક ક્ષમતામાં કામ કરશે. ઘોષનો જન્મ ૧૯૬૦માં ત્રિપુરાના અગરતલામાં એક આર્થિક રીતે નબળા પરિવારમાં થયો હતો. તેમનો પરિવાર ટકી રહેવા માટે તેમની નાની કેન્ડીની




દુકાનમાંથી માત્ર પૂરતી કમાણી કરી શક્યો હતો. મુશ્કેલીઓ હોવા છતાં ઘોષ પોતાનો અભ્યાસ પૂર્ણ કરવા માટે મક્કમ હતા. શિક્ષણ પૂરૂં કર્યા પછી ઘોષ વધુ અભ્યાસ માટે બાંગ્લાદેશ ગયા. નાણાકીય મુશ્કેલીઓ હોવા છતાં તેમણે ૧૯૭૮માં ઢાકા યુનિવર્સિટીમાંથી આંકડાશાસ્ત્રમાં ડિગ્રી મેળવી. આશ્રમમાં રહીને ઘોષે બાળકોને ભણાવીને તેમના ખર્ચાઓનું સમર્થન કર્યું.

ચંદ્રશેખરનું જીવન ૧૯૮૫માં ધરમૂળથી બદલાઈ ગયું જ્યારે તેમને બાંગ્લાદેશ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન (BRAC)માં નોકરી મળી. અહીં તેમણે જાતે જોયું કે કેવી રીતે નાની આર્થિક મદદ પણ ગ્રામીણ મહિલાઓના જીવન પર ઊંડી અસર કરી શકે છે. પરિણામે ઘોષે ભારતમાં પણ આ જ મોડલ અપનાવવાનું નક્કી કર્યું.

ઘોષે ૧૯૯૭માં કોલકાતા પરત ફર્યા બાદ વિલેજ વેલફેર સોસાયટી માટે કામ કરવાનું શરૂ કર્યું અને બાદમાં પોતાની કંપની શરૂ કરી. મહિલાઓને નાણાં ધિરાણ આપવાના હેતુથી તેમણે ૨૦૦૧માં માઈક્રો-ક્રેડિટ સંસ્થા બંધનની સ્થાપના કરી. ઘોષે નાની શરૂઆત કરી અને પહેલાં બે લાખ રૂપિયાનું રોકાણ કર્યું જે તેમણે સંબંધીઓ અને મિત્રો પાસેથી ઉછીના લીધેલું.

માત્ર ૧૨ કર્મચારીઓ હોવા સહિત અનેક પડકારો હોવા છતાં બંધને નોંધપાત્ર પ્રગતિ કરી. ૨૦૦૨ સુધીમાં લગભગ ૧૧૦૦ મહિલાઓએ કંપની પાસેથી રૂા.૧૫ લાખની લોન મેળવી હતી. ૨૦૦૯માં બંધનને ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) તરીકે નોંધવામાં આવી હતી. ઘોષે તેમની દૃષ્ટિ અને નિશ્ચયથી ક્રાંતિકારી અસર કરી, લગભગ ૮૦ લાખ મહિલાઓના જીવન પર સકારાત્મક અસર કરી. જ્યારે આરબીઆઈએ ૨૦૧૩માં બેંકો સ્થાપવા માટેની અરજીઓ સ્વીકારવાનું શરૂ કર્યું, ત્યારે ઘોષે બેંકિંગ લાઈસન્સ માટે અરજી સબમિટ કરવાની તક ગુમાવી ન હતી. છેવટે ૨૦૧૫માં બંધન બેંક બેંકિંગ લાઈસન્સ પ્રાપ્ત કર્યા પછી વ્યવસાય માટે ખુલી.

બેંક ૩૫ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૨૬૨ સ્થળો દ્વારા ૩.૨૬ કરોડ ગ્રાહકોને બેંકિંગ સેવાઓ પૂરી પાડે છે. તેની બજાર કિંમત ૨૮,૯૯૭ કરોડ રૂપિયા છે. દૂધ વેચવાથી લઈને શ્રીમંત સીઈઓ બનવા સુધીની ઘોષની અદ્‌ભુત યાત્રાએ ઘણા લોકોને પ્રેરણા આપી છે.

# લીંબડીના ઉંટડી ગામના ખેડૂતોને નકલી ખાતર પધરાવી દેતા પાક બળી ગયો

### ખેડૂતોએ લીંબડી પોલીસ મથકે ધસી જઈ લેખિત ફરિયાદ સાથે આવેદનપત્ર પાઠવ્યું

સુરેન્દ્રનગર, તા.૩

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના ઉંટડી ગામના ખેડૂતોને કંપની દ્વારા નકલી ખાતર પધરાવી દેતા પાક બળી જતા ખેડૂતો લાલઘુમ બન્યા છે. આથી ઉંટડી ગામના ખેડૂતોએ પોલીસ મથકે ધસી જઈ લીંબડી પીએસઆઈને લેખિત ફરિયાદ સાથે આવેદનપત્ર આપી ગુસ્સો ઠાલવ્યો હતો.



લીંબડી તાલુકાના ઉંટડી ગામના ગૌતમ હરજીભાઈ સાપરા સહિતના ખેડૂતોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લાની જુદી-જુદી કંપનીના એજન્ટો દ્વારા ખેડૂતોને નકલી ખાતર આપતા આ ખાતરનો ઉપયોગ કરવાના લીધે ખેડૂતોનો પાક બળી જતા એમને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો. આથી ખેડૂતોએ આ મામલે લીંબડી પોલીસ મથકે ધસી જઈ ઉગ્ર રજૂઆત સાથે આ કેસમાં ખેડૂતો સાથે છેતરપીંડીનો કેસ દાખલ કરી તમામ ખેડૂતોને વળતર અપાવવા લેખિત રજૂઆત સાથે આવેદનપત્ર આપ્યું હતું.

આ લેખિત રજૂઆતમા જણાવ્યા મુજબ વડોદરા જિલ્લાની જુદી-જુદી કંપનીના એજન્ટો અમારા ગામમાં રૂબરૂ આવીને ખેડૂતો સાથે મીટિંગ ગોઠવી ખેડતોને જણાવ્યું હતું કે, તમે ડી.એ.પી.વાપરો છો, એના કરતા અમારી કંપનીના ઉચ્ચ ક્વોલિટીના ઓર્ગેનિક ખાતરો વાપરશો તો તમારા પાકને ખુબ ફાયદો થશે, મબલખ ઉત્પાદન આવશે અને જમીન પણ ફળદ્રુપ રહેશે એવી અલગ-અલગ લોભામણી વાતો કરી હતી અને એજ અરસામાં ડી.ઈ.પી.ખાતરની અછત ચાલતી હતી. આથી નર્મદા એગ્રો કંપની દ્વારા કૃષી પ્રધાન એક થેલીના રૂા.૮૧૦ લેખે તેમજ પોટાશના એક થેલીના રૂા.૯૫૦ લેખે તમામ ખેડૂતોને રોકડેથી ખાતર આપ્યું હતું. ખેડૂતો દ્વારા આ ખાતરનો પોતાના ખેતરમાં ઉપયોગ કરતા તમામ ખેડૂતોનો પાક બળી ગયો હતો અને જેને બે મહિનાનો સમયગાળો વિતવા છતાં પાકનો કોઈ વિકાસ થતો નથી. તેમજ પાક ઉગીને વારંવાર બળી જાય છે. આ ખાતર નાખેલા ખેતરોમાં ખેડૂતો દ્વારા ત્રણ-ત્રણ વખત વાવણી કરવા છતાં કોઈ જ ફેર પડ્યો નથી. ખેડૂતો દ્વારા આ મામલે લીંબડી તાલુકાના ગ્રામ સેવકો તેમજ સુરેન્દ્રનગર ખેતીવાડી અધિકારીને અને લીંબડી તથા સુરેન્દ્રનગર વિસ્તરણ અધિકારીને પણ આ બાબતે રજૂઆત કરી છે. આથી આ મામલે લીંબડી તાલુકાના ઉંટડી ગામના ૧૦ જેટલા ખેડૂતોએ આજે લીંબડી પોલીસ મથકે ધસી જઈ લીંબડી પીએસઆઈને લેખિત ફરિયાદ સાથે આવેદનપત્ર આપી ગુસ્સો ઠાલવ્યો હતો.

#### અણસોલ નજીક

# ટ્રકમાંથી રૂા.૧૨.૯૩ લાખના દારૂ સાથે ચાલક ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૩

અણસોલ નજીક વિદેશી દારૂની બોટલ પર લગાવવાના વિવિધ બ્રાન્ડના સ્ટીકર ભરેલ ખોખાની આડમાં ઘૂસાડાતો ૧૨.૯૩ લાખના દારૂ સહિત ૪૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે ટ્રક ડ્રાઈવર ખેપિયાને દબોચી લીધો હતો.

શામળાજી PI એસ.કે.દેસાઈ અને PSI એન.એસ.બારા તેમની ટીમ સાથે રાજસ્થાન રાજ્યને અડીને આવેલ આંતરરાજ્ય સરહદો પર રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ અને ચેકિંગ હાથ ધરે છે. ત્યારે રતનપુર ચેકપોસ્ટ પરથી રાજસ્થાન તરફથી ટ્રકમાં વિદેશી દારૂ ભરી ગુજરાતમાં ઠાલવવા નીકળ્યો હોવાની બાતમી મળતા પોલીસ સતર્ક બની હતી અને બાતમી આધારીત ટ્રક આવતા અટકાવી તલાસી લેતા ટ્રકમાં મોટી માત્રામાં પૂંઠાના બોક્સની આડમાં સંતાડેલ દારૂની બોટલ નંગ-૬૬૭૨ કિં.રૂા.૧૨૯૩૧૨૦/-નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક અજય શીંભુ મેઘવાલને દબોચી લઈ વિદેશી દારૂ, ટ્રક, મોબાઈલ સહિત મુદ્દામાલ મળી કુલ રૂા. ૪૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સુનિલ નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

#### વૃદ્ધના આધારકાર્ડ-પાનકાર્ડ ફોટાઓ સાથે ચેડાં કરી

# ભેંસાણ ગામની જમીનના બોગસ દસ્તાવેજ બનાવી ગઠિયાઓએ ૩.૪૨ કરોડમાં વેચી નાંખી

### સબ રજિસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજ બનાવવા માટે આવતા વૃદ્ધે જમીન માફિયા અને જમીન ખરીદનારને ઝડપી પાડ્યા : ચાર સામે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

ભેસાણ ગામ ખાતે રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધની ગામમાં આવેલી કિંમતી જમીન માફિયાઓએ બોગસ દસ્તાવેજ બનાવી પચાવી પાડી હતી. ટોળકીએ વૃદ્ધના આધાર કાર્ડ અને પાનકાર્ડમાં ફોટા સાથે ચેડાઓ કરી બોગસ દસ્તાવેજ બનાવ્યા બાદ જમીન ખરીદનાર પાસેથી ૩.૪૧ કરોડ પડાવી લીધા હતા. વૃદ્ધને આ અંગેની જાણ જતા સબ રજીસ્ટ્રાર કચેરીમાં વાંધા અરજી આપી હતી. આ દરમ્યાન જમીન માફિયાઓ ગતરોજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજ બનાવવા માટે જતા વૃદ્ધ જમીન માફિયા અને જમીન ખરીદનારને ઝડપી પાડ્યા હતા. પોલીસે વૃદ્ધની ફરિયાદને આધારે ચાર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ભેસાણગામ પારસી ફળિયું ખાતે રહેતા અને પાલ ગ્રીન સીટી રોડ ગેલેક્ષી સર્કલ પાસે નિશાલ સોપીંગ સેન્ટરમાં ઓફિસ ધરાવતા ૭૨ વર્ષીય કુરૂષ રૂસ્તમજી પટેલની ભેસાણ ગામે જમીન આવેલી છે. આ જમીન ઉપર ગતરોજ ઝાકીર ગુલામઅલી નકવી (રહે, .સિંગસર ગામ ડેલી શેરી સુત્રાપાડા ગીર સોમનાથ), અકબરમીયા નથુમીયા કાદરી (રહે, સિંગસર ગામ સુત્રાપાડા ગીર સોમનાથ), મુકેશ મનસુખ મેદપરા(રહે, મેરી ગોલ્ડ ક્રેસ્ટા એપાર્ટમેન્ટ વીટીનગર સર્કલ પાસે સરથાણા જકાતનાકા) અને પિયુષકુમાર જંયતીલાલ શાહ (રહે, રણછોડનગર સોસાયટી શિવકૃપા રેસીડેન્સી સિંગણપોર)ની દાનત બગડી હતી. આ જમીન પચાવી પાડવા માટે પિયુષ શાહએ જમીન માલીક કુરૂષભાઈ પટેલના આધારકાર્ડ અને પાનકાર્ડમાં ફોટા સાથે ચેડા કરી ઝાકીર અને અકબરમીયાનો ફોટાવાળા પુરાવા બનાવ્યા હતા. જેના આધારે જમીનનો બારોબાર સોદો કરી જમીન ખરીદનાર પાસેથી રૂપિયા ૩,૪૧,૫૧,૦૦૦ પડાવી લીધા હતા. આરોપીઓએ જમીનના દસ્તાવેજ બનાવી તેમાં કુરુષભાઈ પટેલની સહી કરી બોગસ પુરાવા ઉભા કર્યા હતા. આ દરમ્યાન કુરુષભાઈને માર્કેટમાંથી તેમની જમીનના બોગસ દસ્તાવેજ બન્યા હોવાની ખબર પડતા તેઓએ તાકિદે નાનપુરા બહુમાળી બિલ્ડિંગમાં આવેલ હજીરા સબ રજીસ્ટ્રાર કચેરીમાં તેમની જમીન મામલે વાંધા અરજી આપી હતી. આ દરમ્યાન ગઈકાલે મુકેશ અને ઝાકીર સબ રજીસ્ટ્રાર કચેરીમાં તેમની જમીનના બોગસ દસ્તાવેજ બનાવવા માટે ગયા હતા. તે વખતે વાંધા અરજીના આધારે સબ રજીસ્ટ્રારે કુરુષભાઈને જાણ કરતા તેઓ પહોચી બંને જણાને ઝડપી પાડ્યા હતા. પોલીસે કુરુષભાઈ પટેલની ફરિયાદ લઈ ચારેય સામે ગુનો દાખલ કરી મુકેશ મેરૂદપરા અને ઝાકીર નકવીની ધરપકડ કરી અગાળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલીતાણા નગરપાલિકા ખાતે સિટી સિવિક સેન્ટરનું લોકાર્પણ



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૩

પાલીતાણા નગરપાલિકા ખાતે સિટી સિવીક સેન્ટર ઉપર ઓનલાઈન મિલકત વેરો, વ્યવસાયકર વાહન કર, લારી ફેરૈયા, અંગેના લાયસન્સ આર.ટી.આઈ, મિલકત વેરો અને અન્ય સુવિધાઓ ઓનલાઈન એક જ સ્થળે સરળતાથી મળી શકે તે હેતુથી આજે સિટી સેન્ટરનું લોકપર્ણ કરવામાં આવ્યું હતું જેમાં પાલીતાણા ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા નગરપાલિકા પ્રમુખ ભુપેન્દ્રસિંહ ગોહિલ, નિકુલસિંહ સરવૈયા, મિલનભાઈ રાઠોડ, ઓમદેવસિંહ સરવૈયા, વિક્રમભાઈ આલગોતર, શહેર પ્રમુખ અશોકભાઈ નૈનાણી, ભરતભાઈ માંડલિયા, ભાવેશભાઈ કાળોતરા અજયભાઈ શેઠ, રાજુભાઈ, સહિત પાલીતાણા નગરપાલિકાના કાઉન્સિલર અને આરસીએમના અધિકારી તેમજ પાલીતાણા નગરપાલિકા ચીફ ઓફિસર ડો વિજયભાઈ પંડિત ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૯૨ પોલીસ અરજી સંદર્ભે તપાસ
# સુરતમાં પોલીસની સ્પેશિયલ કોમ્બિંગ

### ૧૩૨ ઘરમાં તપાસ કરાઈ : ઘાતક હથિયારો મળ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

સુરત પોલીસ દ્વારા કાયદા વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે ઝોન-૨ વિસ્તારમાં આવેલા અલગ-અલગ પાંચ પોલીસ સ્ટેશનમાં છેલ્લા એક વર્ષ દરમિયાન આવેલી અરજીઓને લઈને કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે સ્પેશિયલ કોમ્બિંગ યોજીને સામેવાળાના ૧૩૨ ઘરમાં જઈને તપાસ કરી હતી. સુરતના લિંબાયત, ગોડાદરા, ડીંડોલી, સલાબતપુરા, ઉધના સહિતના ઝોન -૨ વિસ્તારમાં આવતા પોલીસ સ્ટેશનમાં ધાક ધમકી સહિતના ગુનાઓમાં કરવામાં આવેલી અરજી અને કોલના આધારે સામેવાળા તથા મારા મારી કરી શકે તેવા શકમંદ લોકોના ઘરે જઈ પોલીસ દ્વારા કોમ્બિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ સર્ચ કરવાની કામગીરી કરી હતી. પાંચ પોલીસ મથકમા આવેલી શરીર સંબંધી ૧૯૧ અરજીઓની તપાસ કરી જરૂરૂ પગલા લીધા હતા. આ અંગે ડીસીપી ગઢવીએ જણાવ્યું હતુ કે, આ અલગ પ્રકારનું કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પોલીસને મહદઅંશે સફળતા મળી છે. ઘાતક હથિયારો મળી આવ્યા હતા. બાર અન્ય કેસ કરવામાં આવ્યા છે. તડીપારનો એક કેસ કરાયો છે. તડીપાર સહિતના સામે અટકાયતી પગલાં પણ લેવામાં આવ્યા હતાં.

# ધોળકામાં અમદાવાદ જિલ્લા યુવક કોંગ્રેસની કારોબારી મીટિંગ યોજાઈ

### એબીવીપીના કાર્યકરો યુવક કોંગ્રેસમાં જોડાયા : આગામી કાર્યક્રમોની રણનીતિ ઘડવામાં આવી

ધોળકા, તા.૩

તા. ૨/૮/૨૦૨૪, શુક્રવારે સાંજે ૫ વાગે ધોળકા ખાતે કલિકુંડ વિસ્તારમાં આવેલા નવા સર્કિટ હાઉસમાં અમદાવાદ જિલ્લા યુવક કોંગ્રેસની કારોબારી મીટિંગ યુવક કોંગ્રેસના ગુજરાત રાજયના પ્રભારી શશીસિંગ અને ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની ખાસ હાજરીમા મળી હતી. આખો હોલ અમદાવાદ જિલ્લાના યુવક કોંગ્રેસના કાર્યકરોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. ધોળકા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હરીશભાઈ પરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ શશીસિંગે અમદાવાદ જિલ્લામાં યુવક કોંગ્રેસના મજબુત સંગઠન બદલ ખુશી વ્યક્ત કરી આગામી તા. ૯, ૧૫ અને ૨૦ ઓગસ્ટના કાર્યક્રમોને સફળ બનાવવા કાર્યકરોને હાકલ કરી હતી. હરપાલસિંહ ચુડાસમાએ પણ અમદાવાદ જિલ્લામાં યુવક કોંગ્રેસની સારી કામગીરીને વખાણી




સંગઠનને વધુ મજબૂત કરવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે આગામી દિવસોમા યુવા પેઢીને ડ્રગ્સના દુષણથી બચાવવા માટે અભિયાન હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આગામી સમયમાં આવનાર જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસને જીતાડવા યુવક કોંગ્રેસની ટીમોને મેદાનમાં ઉતારવા રણનીતિ ઘડવામાં આવશે. આ કાર્યક્રમમાં ABVP છોડીને યુવક કોંગ્રેસમાં જોડાનારા યુવકોનું શશીસિંગ અને હરપાલસિંહ ચુડાસમાએ કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર્યા હતા. આ મિટિંગમા યુવક કોંગ્રેસના આગેવાનો આદિત્યસિંહ ગોહિલ, વિરલસિંહ કટારીયા, શક્તિસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહ સોલંકી, પવન મજેઠીયા, મોહમ્મદ જુનેદ દેસાઈ, હાર્દિકસિંહ દાયમા ઉપરાંત ધોળકાના કોંગ્રેસના આગેવાનો હરીશભાઈ પરમાર, ફિરોઝખાન પઠાણ, દિનેશભાઈ મકવાણા, નૂરજહાંબેન સૈયદ, પ્રવીણભાઈ જાદવ, મગનભાઈ જાદવ, અમૃતભાઈ પરમાર વગેરે હાજર રહ્યા હતા. અંતમાં આભારવિધિ અમદાવાદ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ હાર્દિકસિંહ દાયમા એ કરી હતી

# ડીસાની જમનાબાઈ પ્રાથમિક શાળાના ૧૪ રૂમોના તાળાં તૂટ્યાં

### કાંઈ હાથના લાગતા તસ્કરો પીવાના પાણીના નળની ચકલીઓ ચોરી ગયા

ડીસા, તા.૩

ડીસાની મુખ્ય બજારમાં આવેલી જમનાબાઈ પ્રાથમિક શાળા (બ્રાન્ચ સ્કૂલ)માં તસ્કરોએ શાળાના તમામ ૧૪ રૂમના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ કંઈ હાથ ન લાગતા છેવટે પાણીના નળની ચકલીઓ ચોરી ગયા હતા. શાળાનો કિંમતી સામાન કમ્પ્યુટરો, એલસીડી વગેરે જેમાં હતું તે રૂમનું તાળું ન તૂટતા મોટી ચોરી થતા બચી ગઈ હતી. ડીસામાં રીશાલા બજાર વિસ્તારમાં જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત જમનાબાઈ પ્રાથમિક શાળામાં ગત રાત્રે કોઈ અજાણ્યા તસ્કરોએ શાળામાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. તસ્કરોએ શાળાની ઓફિસ સહિત તમામ ૧૪ રૂમોના તાળા તોડ્યા હતા જેમાંથી કંઈ હાથ લાગ્યું ન હતું. જોકે તસ્કરોએ કોમ્પ્યુટર રૂમનું તાળું તોડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળતા મળી ન હતી. જેથી કિંમતી સામાન ચોરાયો ન હતો. પરંતુ તસ્કરોને કંઈ હાથ ન લાગતા છેવટે બાળકોને પીવાના પાણીના નળની ચકલીઓ ચોરી ગયા હતા.

# માંગરોળનાં બાળકો શાળાકીય રમતોત્સવમાં ઝળક્યા

માંગરોળ, તા.૩

જિલ્લા કક્ષાએ ૬૮માં શાળાકીય રમતોત્સવનું આયોજન વિસાવદરનાં મોટા કોટડા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં માંગરોળનાં કરાટે સેલ્ફ ડિફેન્સમાંથી કરાટેની વિવિધ કક્ષાઓમાં બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ૧૪ વર્ષથી ઓછી વયનાં બાળકોનાં વિભાગમાં પ્રથમ ક્રમે : ખીલચી, કબીરખા, ગોહેલ ધૈર્ય, જેઠવા આરવ ભાટા અઝીમ, જયારે બીજા ક્રમે : મેસવાણિયા વત્સલ, રાઠોડ જયદીપ અને ત્રીજા ક્રમે ગોહેલ હીરેન અને મણવર વિવાન વિજેતા થયા હતા



જયારે ૧૭ વર્ષથી ઓછી વયનાં બાળકોમાં પ્રથમ ક્રમે દાફડા મિરાલી, ખાદીમ હારિષ, બક્ષા અબરાર અને બીજા ક્રમે ગરીબા સમીના વિજેતા થયા હતાં.આ હરીફાઈમાં માંગરોળના કુલ ૧૪ બાળકોએ ભાગ લીધેલ, તેમાંથી બધા ૧૪ બાળકો વિજેતા થયા હતા. આમ, કરાટે સેલ્ફ ડિફેન્સના આ બાળકોએ માંગરોળનું નામ જિલ્લા કક્ષાએ રોશન કર્યું છે. પ્રથમ અને બીજો ક્રમ મેળવનાર માંગરોળના આ બાળકો જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી રાજ્ય કક્ષાએ રમવા જશે. વાલીઓ અને તેમની શાળાઓમાં ખુશીની લહેર જોવા મળી હતી.

# ભાવનગરમાં સામાન્ય બાબતે બે શખ્સોએ યુવાનની હત્યા કરી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩

પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના તિલકનગરથી સુભાષનગર ચોક તરફ જતા રોડ પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો યુવાનના શરીરના ભાગે ઈજાઓ થઈ હોવાથી તેની હત્યા કરાઈ હોવાની શંકા પ્રબળ બની હતી. ઘોઘારોડ પોલીસે યુવકના મૃતદેહને હોસ્પિટલ ખસેડીને તપાસ હાથ ધરી હતી, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ યુવાનનું મોત ઈજા થવાના કારણે થયું હોવાનું દર્શાવાયું છે.

આ બનાવ અંગે મૃતકના ભાઈ સુનિલ વાઘજીભાઈ ગોહિલે ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમના મોટા ભાઈ હર્ષદભાઈ ગત તા.૦૧/૦૮ના રોજ ભાવનગરના આડોડીયાવાસ વિસ્તારમાં ભંગાર વીણતાં હતા તે દરમિયાન આ વિસ્તારમાં રહેતા મુકેશ નાનુભાઈ ચુડાસમા અને શૈલેશ કાંતિભાઈ ચૌહાણ સાથે મોબાઈલ બાબતે ઝઘડો થતા બન્નેએ લાકડી અને પાઈપ વડે આડેધડ માર મારી મોત નિપજાવ્યું હતું. ઘોઘારોડ પોલીસે બન્ને શખ્સ વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ ૧૦૩ (૧ ),૫૪ અને એટ્રોસિટી એક્ટની કલમ ૩(૨)(વી) તેમજ બી.એન.એસ.એસ.ની કલમ ૧૯૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

#### PSIના અધ્યક્ષસ્થાને

# વીરપુરના આસપુર ગામે વ્યાજખોરીને ડામવા લોક દરબાર યોજાયો



(તસવીર : નબીજી શેખ, વીરપુર)

વીરપુર તા.૩

મહિસાગર જિલ્લાના વિરપુર પોલીસ સ્ટેશનના પીએસઆઇ કે એમ માલીવાડની અધ્યક્ષતામાં વ્યાજખોરોના ત્રાસથી વેપારીઓ અને સ્થાનિક ગ્રામજનોને બચાવવા માટે લોક દરબારનું આયોજન ઠેર ઠેર કરવામાં આવી રહ્યું છે ત્યારે મહીસાગર જિલ્લાના પોલીસ વડા જયદીપસિહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં લોકદરબાર યોજી પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચના અન્વયે વિરપુર પોલીસ સ્ટેશનના પીએસઆઇ કે એમ માલીવાડની અધ્યક્ષતામાં વિરપુર તાલુકાના આસપુર ગ્રામ પંચાયત ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ સ્ટેશનના પીએસઆઇ દ્વારા ગ્રામજનો વ્યાજખોરોની માહિતી આપવા બાબતેની ચર્ચા કરવામાં આવી હતી.અને કોઈપણ વ્યાજખોર ખોટી રીતે કે બળજબરીથી વ્યાજ વસૂલતો હોય કે કોઈપણ વેપારીને હેરાન કરતો હોય તો તાત્કાલિક વિરપુર પોલીસને જાણ કરવા તેમજ વ્યાજખોરોની માહિતી આપનારની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવશે તેવી સમજ આપવામાં આવી હતી આમ વ્યાજખોરો સામે લાલ આંખ કરવા માટે ભરાયેલ લોક દરબારને લઈને તાલુકાના વ્યાજખોરોમા ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

#### પાટડીના સાવડા ગામે જર્જરિત થયેલ

# ગ્રામ પંચાયત ઓફિસમાં સરપંચના માથા પર પંખો પડતા પાંચ ટાંકા આવ્યા

વઢવાણ, તા.૩

પાટડી તાલુકાના સાવડા ગામની જર્જરિત ગ્રામ પંચાયતનો પંખો સરપંચના માથા ઉપર પડતાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને તાકીદે હોસ્પિટલ ખાતે લઈ જવાતા માથામાં પાંચ ટાંકા આવ્યા હતા. આ જર્જરીત પંચાયત અંગે અગાઉ અનેકો વખત રજૂઆત કરવા છતાં કોઈ જ પરિણામ આવ્યું નહોતું અને આજે એનો ભોગ ખુદ સરપંચ બન્યા હતા. પાટડી તાલુકાના સાવડા ગામની ગ્રામ પંચાયત ઘણા સમયથી જર્જરિત થવા પામી છે. આજે સાવડા ગામના સરપંચ હનુભા દાદુભા સોઢા તેમજ તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયતમાં બેઠા હતા. ત્યારે જર્જરિત થઈ ગયેલા ધાબાના પોપડા સાથે સિલીંગ પંખો સરપંચ હનુભા દાદુભા સોઢાના માથા ઉપર પડતા એમને તાકીદે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જેમાં એમને માથામાં પાંચ ટાંકા સાથે ગંભીર ઈજા પહોંચી હતી. આ બાબતે સરપંચ હનુભા દાદુભા સોઢા તેમજ તલાટી મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા ૨૦ વર્ષ અગાઉ ગ્રામ પંચાયત ઘર બનાવેલુ જે જર્જરિત થતાં ત્રણ વર્ષથી લેખિત આપવા છતાં કોઈ રીપેરીંગ હાથ ધરવામાં આવતું નથી કે નવું ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, સાવડા ગામના સરપંચ હનુભા દાદુભા સોઢાને અગાઉ શ્રેષ્ઠ કામગીરી બદલ શ્રેષ્ઠ સરપંચનો એવોર્ડ પણ મળેલો છે.



# સિદ્ધપુર નગરપાલિકાના સિટી સિવિક સેન્ટરનું મુખ્યમંત્રી દ્વારા ઈ-લોકાર્પણ

સિદ્ધપુર, તા.૩

ઋષી તળાવ રેલ્વે અંડરબ્રિજ અને બિંદુ સરોવર ઓવરબ્રિજ બન્યા પહેલા દિવસમાં અનેકવાર રેલ્વે ફાટકો બંધ રહેતી હોવાના કારણે અનેકવાર સિદ્ધપુર શહેર પશ્ચિમ વિસ્તારના લોકોને નગરપાલિકાની જન્મ મરણના દાખલા, લાઈટ, ગટર, પાણી, સ્ટીટ લાઈટ જેવી મૂળભૂત સેવાઓની ફરીયાદો, રજૂઆત જમા કરાવવા અને ટેક્ષ ભરવા પૂર્વ તરફ આવવું કઠીન હતુ અને લગભગ લોકો ટાળતા ત્યારથી પશ્ચિમ વિસ્તારમાં નગરપાલિકાની સેવાઓ સુલભતાથી મળી રહે તે માટે એક જન સુવિધા કેન્દ્ર બનાવવાની માંગ સતત ઊઠી રહી હતી. વર્તમાન અને પૂર્વના સદસ્યોએ પણ સમયાંતરે આ માટે રજૂઆતો



કરી હતી જે આજે પૂર્ણ થતાં લાકોમાં આનંદ છવાયો છે. આજે સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ થયુ છે જેનો લાભ નગરની અડધી વસ્તીને મળવાનો છે. સરકારી સેવાઓ લોકોને સરળતાથી મળી રહે તે માટે ગુજરાત સરકારના પણ સતત પ્રયાસો અને નિતી રહી છે. આપણા ધારાસભ્ય અને રાજયના મંત્રી બલવંતસિંહ રાજપૂતના પ્રયાસોથી આ વર્ષો જુની માંગ હવે સંતોષાઈ છે. ભૂતપૂર્વ અને વર્તમાન બોર્ડના સભ્યો, પ્રમુખ અનિતાબેન પટેલ, ઉપપ્રમુખ સોનલબેન ઠાકર, કારોબારી સમિતી ચેરમેન રશ્મિનભાઈ દવે, બોર્ડના સાથીઓ અંકુરભાઈ મારફતિયા, ભાવેશભાઈ રાજયગુરૂ વિગેરે તથા મ્યુ.સદસ્યો ઉપરાંત નગરપાલિકાના મુખ્યઅધિકારી જીતેન્દ્રભાઈ પટેલ અને તેમના પૂરોગામીઓ ધન્યવાદને પાત્ર છે.



વિશ્વમંગલમ્ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. ડી. એલ. પટેલે વિદ્યાનગરી શૈક્ષણિક સંકુલમાં જ્ઞાનેશ્વર મહાદેવ મંદિરનું નિર્માણ કર્યું છે.વર્ષ : ૨૦૨૪-૨૫ના જ્ઞાનેશ્વર મંદિરના વિવિધ ઉત્સવ માટે જ્ઞાનેશ્વર મહાદેવ મંદિર સમિતિની સભા કેળવણી મંડળના ટ્રસ્ટી જયદીપભાઈ . પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. વકતૃત્વ મંદિર ટ્રસ્ટના પ્રમુખ ડૉ. કનૈયાલાલ એલ. પટેલે સૌ સમક્ષ વિવિધ આયોજનો મૂકવા હતા. વધુમાં વિદ્યાર્થીઓની ક્વીઝ અને સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. કાર્યક્રમનું સમગ્ર સંચાલન મહિલા આર્ટસ કોલેજ વિદ્યાનગરી ના પ્રો. ડૉ. પી. એચ. પટેલે કર્યું અને મંત્રી પ્રો. પ્રકાશકુમાર પટેલે વર્ષના હિસાબો અને અહેવાલ રજૂ કરી સૌનો આભાર માન્યો હતો. **(તસવીર. એફ.કે.મનસુરી, હિંમતનગર)**

દિવાળી વેકેશનને કારણે ટ્રેનની ટિકિટ ૪ મહિના પહેલા કન્ફર્મ કરાવવી પડશે
જો તમારી પાસે ટિકિટ હોય તો, અમારી પાસે ડાયરેક્ટ પેકેજ પણ ઉપલબ્ધ છે.
OCT 6-13 NOV 3-10-17-24 કાશ્મીર શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ 18,500/-
NOV-1-4-8 DEC-8-15 ગોવા 7,500/-
NOV-1-4-8 DEC-8-15 કેરાલા કોચી - મુન્નાર - કન્યાકુમારી 22,500/-
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 9974040880 | 9909029072
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અમદાવાદ

આશા હોસ્પિટલ 9426173332 8849019737
જમાલપુર રોડ, વૈશ્યસભા ચાર રસ્તા, અમદાવાદ
● પ્રસૂતિ/કસુવાવડ ● સંતાન પ્રાપ્તિ
● ગર્ભપાતથી બચવાના ઉપાય
● ગર્ભાશય ઓપરેશન (ટાંકા વગર)
● કાયા સંકોચન (ડિલિવરી પછી ઢીલું શરીર ટાંકા દ્વારા અથવા દવાથી)
● સ્તન ગાંઠ/કેન્સર નિદાન અને સારવાર
● સોનોગ્રાફી સિઝેરિયન ઓપરેશન
● ગર્ભાશયની ગાંઠ/કેન્સર નિદાન
સ્ત્રી અને પુરુષ બંનેમાં ગુપ્ત તકલીફની સમસ્યા અલ્પશુક્રાણુ AZOOSPERMIA ગુપ્ત રોગોના કારણે માનસિક તણાવ
સોનોગ્રાફી રાહત દરે (૫૦% ડિસ્કાઉન્ટ)
HYMENOPLASTY (કૌમાર્ય પાછું મેળવો)
ખત્ના કોઈ પણ ઉંમરે દુખાવા વગર
જોઈએ છે લેડી ડો. BAMS-BHMS-DHMS સ્ટાફ/સફાઈ કામદાર

IATA Safar HAJ TOURS
UMRAH IN AUGUST 2024
Rs. 81,999/- DIRECT FLIGHT BOM/JED 15th Aug, JED/BOM 29th Aug
EID-E-MILAD UMRAH 2024
Rs. 85,999/- SAUDIA AIRLINES BOM/JED 08th Sept JED/BOM 23th Sept
Makkah Sharif Hotel Hotel Saif Al Majd
Madina Sharif Hotel Hotel Rua Al Khair
Al Haj Salim Safar M: 9558313786

અલ સહદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
અમદાવાદથી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
દિવાળી વેકેશન ઉમરાહ
દિવસ : 19 રવા. 02-11-2024 રિટર્ન તા.20-11-2024 ડિલક્ષ પેકેજ ફક્ત રૂપિયા 1,02,000
દિવસ : 27 રવા. 02-11-2024 રિટર્ન તા.27-11-2024 ફક્ત રૂપિયા 1,05,000 ઈકોનોમી પેકેજ
દિવસ :17 રવા.11-09-2024 રિટર્ન : તા.27-9-2024 ડિલક્ષ પેકેજ ફક્ત રૂપિયા 98,000
ઈદે મિલાદ ઉમરાહ ૨૦૨૪ મદીના શરીફમા
દિવસ 18 રવા.16-10-2024 રિટર્ન તા.02-11-2024 ડિલક્ષ પેકેજ ફક્ત રૂપિયા 88,000
હેડ ઓફિસ : લોખંડવાલા હોસ્પિટલ પાસે, લીંબડી ચોક, જોર્ડન રોડ, દરિયાપુર, અહમદાબાદ - 380 001
હાજી કાસમભાઈ (ચા વાળા) 8401226544, 9725058828
મો.સહદ 8347063437 મો.બિલાલ 8454041646 મો.અતા 9978659664

ENARCH CONSULTANTS એનાર્ચ કન્સલ્ટન્ટસ
આર્કીટેક્ટસ-સ્ટ્રકચરલ એન્જીનીયર
પ્લાન પાસીંગ-કોન્ટ્રાક્ટર
ઇમ્પેક્ટ પ્લાન પાસીંગ માટે મળો
M : 9712246677 / 9723540236

# OICએ પેલેસ્ટીની કેદીઓ સામે ઈઝરાયેલના ઉલ્લંઘનની તપાસ માટે હાકલ કરી



(એજન્સી) તા.૩

અનાદોલુ એજન્સીના અહેવાલ મુજબ ઑર્ગેનાઈઝેશન ઑફ ઈસ્લામિક કોઓપરેશન (OIC)એ શુક્રવારના રોજ પેલેસ્ટીની કેદીઓ સાથે ઈઝરાયેલી દુર્વ્યવહારની તાત્કાલિક તપાસ માટે હાકલ કરી હતી. આ હાકલ મુક્ત કરાયેલા પેલેસ્ટીનીઓની કરૂણ જુબાનીઓના જવાબમાં આવ્યો હતો.

એક નિવેદનમાં OICએ અસંખ્ય પેલેસ્ટીની કેદીઓ સામે ઈઝરાયેલના કબજા દ્વારા કરવામાં આવેલા હિંસક કૃત્યો અને ગંભીર ઉલ્લંઘનો અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તે જણાવ્યું હતું, આ ઉલ્લંઘનો વિવિધ કાનૂની સંસ્થાઓ દ્વારા સારી રીતે દસ્તાવેજીકૃત કરવામાં આવ્યા છે અને તેમાં ફાંસી, ત્રાસ, ભૂખમરો, બળાત્કાર, અલગતા અને બળજબરીથી ગાયબ થવા જેવા કૃત્યોનો સમાવેશ થાય છે. સંસ્થાએ હાઈલાઈટ કર્યું કે આ ઉલ્લંઘનોને કારણે ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ઈઝરાયેલી કબજાની જેલોમાં ૧૮ ગાઝાના કેદીઓના મૃત્યુ થયા છે.

OICએ પણ "ઝરાયેલી કબજે કરનારા સત્તાવાળાઓ દ્વારા હાથ ધરવામાં આવતી અંધાધૂંધ અટકાયત ઝુંબેશની નિંદા કરી. આ ક્રિયાઓના પરિણામે પેલેસ્ટીની અટકાયતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, વર્તમાન સંખ્યા ૯,૭૦૦ વ્યક્તિઓને વટાવી ગઈ છે. તેમાં ૮૦ મહિલા અટકાયતીઓ ૫૨ પત્રકારો અને ૨૬૦થી વધુ બાળકો ઉપરાંત ૩૩૮૦થી વધુ વ્યક્તિઓ ઔપચારિક આરોપો અથવા ટ્રાયલ વિના વહીવટી અટકાયતમાં રાખવામાં આવી છે. તેણે જણાવ્યું હતું કે, લગભગ ૬૦૦ અટકાયતીઓ આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. OICએ ઈઝરાયેલી કબજાની જેલોમાં પેલેસ્ટીની અટકાયતીઓ સામે ક્રૂર પરિસ્થિતિઓ અને સતત ઈઝરાયેલ ઉલ્લંઘન માટે તાત્કાલિક આંતરરાષ્ટ્રીય તપાસ માટે હાકલ કરી હતી.

૨૭ ઑક્ટોબરે ગાઝા પર તેના ગ્રાઉન્ડ આક્રમણની શરૂઆત કરી ત્યારથી, ઈઝરાયેલે હજારો પેલેસ્ટીનીની અટકાયત કરી છે, જેમાં મહિલાઓ, બાળકો અને કટોકટી કામદારોનો સમાવેશ થાય છે, માત્ર થોડા જ લોકોને મુક્ત કર્યા છે જ્યારે ઘણાં લોકોનું ભાવિ અજ્ઞાત છે.

માનવાધિકાર સંસ્થાઓ અને ઈઝરાયેલી મીડિયાએ ઈઝરાયેલી અટકાયત સુવિધાઓમાં ગાઝામાંથી પેલેસ્ટીની અટકાયતીઓની વ્યાપક ત્રાસ અને તબીબી ઉપેક્ષાની જાણ કરી છે.

# ઈઝરાયેલી હુમલામાં હત્યા કરવામાં આવી તે પહેલા હમાસના વડા હાનિયાહના છેલ્લા શબ્દો 'જો એક નેતાની હત્યા થશે તો અન્ય પેદા થશે'



(એજન્સી) તા.૩

હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાહના તેહરાનમાં તેની હત્યા પહેલા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ રુહોલ્લાહ અલી ખામેનાઈ માટેના અંતિમ શબ્દો જીવન, મૃત્યુ અને કુર્આની આયાત હતી. ઈઝરાયેલી હુમલામાં તેમની હત્યા થઈ તેના થોડા સમય પહેલા તેમણે કહ્યું કે, 'જો એક નેતાની હત્યા થશે, તો અન્ય પેદા થશે.' અલ્લાહ છે જે જીવન આપે છે અને તે મૃત્યુ પણ આપે છે. અને અલ્લાહ તમામ ક્રિયાઓથી વાકેફ છે. 'જો એક નેતાની હત્યા થશે, તો અન્ય પેદા થશે.' આ નિવેદન, ટેલિવિઝન પર પ્રસારિત કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, પેલેસ્ટીનના કબજામાં રહે ત્યાં સુધી કોઈ પણ મુસ્લિમે શાંત બેસવું ન જોઈએ. ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે હાનિયાહ પેલેસ્ટીન જૂથની આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરીના ચહેરા તરીકે સામે આવ્યા હતા. દુઃખદ રીતે, તેમના ત્રણ પુત્રો - હઝેમ, અમીર અને મોહમ્મદ - અને તેના ચાર પૌત્રો એપ્રિલમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. તેમના વિસ્તૃત પરિવારના અંદાજિત ૬૦ અન્ય સભ્યો પણ ગાઝા યુદ્ધમાં માર્યા ગયા હતા. તેમણે કહ્યું કે, મારા બાળકોનું લોહી પેલેસ્ટીની લોકોના બાળકોના લોહી કરતાં વધુ મૂલ્યવાન નથી. પેલેસ્ટીનના તમામ શહીદો મારા બાળકો છે.

હાનિયાહને ૨૦૧૭માં હમાસના ટોચના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા. હમાસના લડવૈયાઓએ ઑક્ટોબર ૭ના રોજ હુમલો શરૂ કર્યાના થોડા સમય પછી જ હાનિયાહે જાહેરાત કરી હતી કે, આરબ રાજ્યોએ ઈઝરાયેલ સાથે જે સામાન્યીકરણના તમામ કરારો પર હસ્તાક્ષર કર્યા છે તે આ સંઘર્ષને સમાપ્ત કરશે નહીં. ગાઝાની અંદર અત્યાર સુધીમાં લગભગ ૪૦,૦૦૦ લોકો માર્યા ગયા છે. મે મહિનામાં, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના પ્રોસિક્યુટર ઓફિસે કથિત યુદ્ધ અપરાધો માટે હમાસના ત્રણ નેતાઓ, જેમાં હનીહ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની ધરપકડ કરવાની વિનંતી કરી હતી. ઈઝરાયેલ અને પેલેસ્ટીન બંને નેતાઓએ આ આરોપોને ફગાવી દીધા છે. હાનિયાહ છેલ્લા બે દાયકામાં ઈઝરાયેલ દ્વારા હત્યા કરાયેલા ત્રીજા હમાસ નેતા છે. ખાલેદ મેશાલ, હાનિયાહના અનુગામી બનવાની ધારણા છે, તેઓ ૧૯૯૭માં નેતાન્યાહુ દ્વારા હત્યાના પ્રયાસમાં બચી ગયા હતા.

# ઈઝરાયેલે અલ જઝીરાના પત્રકારની હત્યા કરી અને તેણે દાવો કર્યો છે કે તે હમાસની લશ્કરી પ્રવૃત્તિનો મહત્ત્વપૂર્ણ ભાગ હતો

અલ જઝીરાએ આ પાયાવિહોણા આરોપો ગણીને ફગાવી દીધા હતા



(એજન્સી) તા.૩

ઈઝરાયેલી સૈન્યએ પુષ્ટિ કરી હતી કે તેણે ગાઝામાં એક હવાઈ હુમલામાં અલ જઝીરાના પત્રકાર ઈસ્માઈલ અલ-ઘૌલ માર્યા ગયા હતા, અને કહ્યું હતું કે તે હમાસનો એક ઓપરેટિવ હતો. અલ જઝીરાએ આ પાયાવિહોણા આરોપો ગણીને ફગાવી દીધા હતા. તેણે કહ્યું હતું કે આ આક્ષેપ તેના પત્રકારોની ઈરાદાપૂર્વકની હત્યાને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ હતો. તેણે કહ્યું કે, કોઈપણ પુરાવા, દસ્તાવેજો અથવા વિડિયો પ્રદાન કર્યા વિના આ આરોપો માટે તેના સંવાદદાતા ઈસ્માઈલ અલ-ઘૌલ સામેના આક્ષેપોની નિંદા કરે છે, અને તે જવાબદારો સામે કાનૂની પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે. કતારી પ્રસારણકર્તાએ બુધવારે જણાવ્યું હતું કે અલ-ઘૌલ અને કેમેરામેન રેમી અલ રાઈફ ગાઝા સિટી પર ઈઝરાયેલી હુમલામાં માર્યા ગયા હતા. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે અલ-ઘૌલ એ ચુનંદા નુખ્બા યુનિટનો સભ્ય હતો. જેણે ઑક્ટોબર ૭ના હુમલામાં ભાગ લીધો હતો અને હમાસના ઓપરેટિવ્સને કામગીરી કેવી રીતે રેકોર્ડ કરવી તે અંગે સૂચના આપી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે તે ઈઝરાયેલી સૈનિકો પર હુમલાના રેકોર્ડિંગ અને પ્રચારમાં સામેલ હતો. ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ક્ષેત્રમાં તેની પ્રવૃત્તિઓ હમાસની લશ્કરી પ્રવૃત્તિનો એક મહત્વપૂર્ણ ભાગ હતી. અલ જઝીરાએ જણાવ્યું હતું કે અલ-ઘોલે નવેમ્બર ૨૦૨૩થી આ નેટવર્ક માટે કામ કર્યું હતું અને તેનો એકમાત્ર વ્યવસાય પત્રકાર તરીકેનો હતો. તેણે કહ્યું કે, અમે કોઈપણ સંગઠન સાથેના તેના જોડાણના ખોટા દાવાને રદિયો આપે છે. ઈઝરાયેલની સરકારે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો હોવાનો આરોપ લગાવીને અલ-જઝીરાને ઈઝરાયેલમાં પ્રતિબંધ મૂક્યો છે. ગાઝામાં ઈઝરાયેલના અભિયાનની ભારે ટીકા કરનાર અલ જઝીરાએ હિંસા ભડકાવવાનો ઈનકાર કર્યો છે. હમાસ સંચાલિત ગાઝા સરકારી મીડિયા ઓફિસે જણાવ્યું હતું કે ૭ ઑક્ટોબરથી ઈઝરાયેલના હુમલામાં માર્યા ગયેલા પેલેસ્ટીની પત્રકારોની સંખ્યા અલ જઝીરાના બે ક્રૂના મૃત્યુથી વધીને ૧૬૫ થઈ ગઈ છે.

# હત્યાના પ્રયાસમાં બચી ગયા બાદ સુદાનના સૈન્ય વડા : 'અમે વાટાઘાટો કરીશું નહીં'

(એજન્સી) તા.૩

મીડિયા અહેવાલ અનુસાર,સુદાનના આર્મી ચીફ અબ્દેલ ફત્તાહ અલ-બુરહાને ગઈકાલે તેમણે પૂર્વી સુદાનમાં જે સૈન્ય મથકની મુલાકાત લીધી હતી ત્યાં તેમની મુલાકાત દરમ્યાન તેમના પર કરવામાં આવેલ ડ્રોન હુમલા બાદ ઉશ્કેરણીજનક સ્વરમાં પ્રહાર કરતા કહ્યું, "અમે પીછેહઠ કરીશું નહીં, અમે હાર માનીશું નહીં, અને અમે વાટાઘાટો કરીશું નહીં." સૈન્ય દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સુદાનના રાતા સમુદ્ર રાજ્યમાં સૈન્યની ડી ફેક્ટો રાજધાની પોર્ટ સુદાનથી લગભગ ૧૦૦ કિલોમીટર (૬૨ માઈલ) દૂર ગીબેટ આર્મી બેઝ પર ગ્રેજ્યુએશન સમારોહમાં હુમલો થયો હતો અને તેમાં પાંચ લોકો માર્યા ગયા હતા. સાક્ષીઓએ પુષ્ટિ કરી કે ગઈકાલે સવારે જ્યારે ડ્રોન ત્રાટક્યું ત્યારે અલ-બુરહાન બેઝ પર હતા. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે તેઓ સૈનિકો સાથે વાત કરવા આ વિસ્તારમાં રહ્યા હતા જે અગાઉના અહેવાલો કે તે પોર્ટ સુદાન જવા રવાના થયા હોવાના અહેવાલોથી તદ્દન વિપરીત અહેવાલ હતા. યુદ્ધમાં સેનાના પ્રતિસ્પર્ધી રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF)ના નેતાના સલાહકારે હુમલા માટે અર્ધલશ્કરી દળ જવાબદાર હોવાનો ઈન્કાર કર્યો હતો. અલ-બુરહાન, જેમના વિદેશ મંત્રાલયે ઓગસ્ટમાં મંત્રણા માટે યુએસ આમંત્રણને શરતી રીતે સ્વીકાર્યું હતું, તેમણે હુમલા પછી સૈનિકોને કહ્યું: "અમે પીછેહઠ કરીશું નહીં, અમે હાર માનીશું નહીં અને અમે કોઈપણ સંસ્થા કે વ્યક્તિ સાથે વાટાઘાટો કરીશું નહીં." તેમણે ઉમેર્યું કે,"અમે ડ્રોનથી ડરતા નથી, અમે ત્યારે જ મરીએ છીએ જ્યારે ભગવાનની યોજના હોય." સૈન્ય દ્વારા શેર કરાયેલ ફૂટેજ કે જે કહે છે કે ગ્રેજ્યુએશન સમારોહ પછી અલ-બુરહાન "એક સૈન્ય, એક લોકો"ના નારા લગાવીને, નાગરિકોને ઉત્સાહિત કરી રહ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું એવું કહેવાય છે કે આ ફૂટેજ ગીબેટમાં



ફિલ્માવવામાં આવ્યું હતું. સ્થાનિકોના જણાવ્યા અનુસાર છેલ્લા બે દિવસમાં, સુદાનના દક્ષિણી વ્હાઈટ નાઈલ રાજ્યમાં કોસ્ટી, રબાક અને કેનાના તેમજ રાજધાનીના ઉત્તરમાં આવેલા અલ-ડેમર પર ડ્રોન હુમલા થયા છે.

**આરએસએફએ હુમલા બાબતે કોઈ ટિપ્પણી કરી નથી :** સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલ અને મીડિયા દ્વારા ચકાસાયેલ પહેલા એક વિડિયોમાં વિસ્ફોટનો અવાજ સંભળાય તે પહેલાં સૈનિકો સ્નાતક સમારંભમાં કૂચ કરતા દર્શાવવામાં આવ્યા છે. બીજામાં ધૂળના વાદળો અને સંખ્યાબંધ લોકો દોડી રહ્યા છે. સ્નાતક અધિકારીઓના ઘણા પરિવારો હાજર હતા એવું જણાવીને એક પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે,"અમે અચાનક વિસ્ફોટના અવાજો સાંભળ્યા અને દરેક જણ ડરી ગયા."

# ઈઝરાયેલને લશ્કરી સાધનો સપ્લાય કરતી કંપનીઓના લાઈસન્સ રદ કરવા કાર્યકરોએ સરકારને વિનંતી કરી

## કરાતે કહ્યું કે ગાઝામાં ચાલી રહેલા આક્રમણને ધાર્મિક યુદ્ધ તરીકે દર્શાવવામાં આવી રહ્યું છે જે સત્ય નથી




(એજન્સી) નવી દિલ્હી, તા.૩

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)ના ચુકાદા અંગે વાત કરતાં કાર્યકરોએ ગુરુવારે માંગ કરી હતી કે ભારત સરકારે ઈઝરાયેલને લશ્કરી શસ્ત્રો અને સાધનો સપ્લાય કરતી કંપનીઓના લાઈસન્સ રદ કરવા જોઈએ. એક પ્રેસ કોન્ફરન્સમાં લેખિકા અરુંધતી રોય, કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના નેતા બ્રિન્દા કરાત, વિકાસ અર્થશાસ્ત્રી જીન ડ્રેજ, નિવૃત્ત રાજદ્વારી અશોક શર્મા અને એડવોકેટ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે ભારતીય કંપનીઓ ઈઝરાયેલને સૈન્ય સાધનો સપ્લાય કરી રહી છે. કરાતે કહ્યું કે ભારત હંમેશા પેલેસ્ટીન સાથે એકતા ધરાવે છે અને લોકોને સરકારને જવાબદાર ઠેરવવાની જરૂર છે. પેલેસ્ટીન સાથે એકતા માટે અમને અમારી પોતાની સરકાર અને તેના કાર્યોને જવાબદાર રાખવાની જરૂર છે જે પેલેસ્ટીનના બાળકો અને લોકો સામે સતત બર્બર ભયાનકતાના ગુનેગારોને સમર્થન આપે છે. કરાતે કહ્યું કે, ભારત સરકારે ઈઝરાયેલને લશ્કરી સાધનો સપ્લાય કરવાના તમામ લાયસન્સ રદ કરવા જોઈએ અને વધુ લાઈસન્સ જારી કરવા જોઈએ નહીં. ભારતમાં બનાવેલા સાધનો ડ્રોન, વિસ્ફોટક મોકલવામાં આવે છે અને પેલેસ્ટીન સામે નરસંહાર યુદ્ધમાં ઉપયોગમાં લેવાય છે. કરાતે એમ પણ કહ્યું કે ભારત ઈઝરાયેલ પાસેથી સૈન્ય અને સુરક્ષા સાધનોની પણ આયાત કરી રહ્યું છે, જે ઈઝરાયેલને તેની કાર્યવાહીમાં આર્થિક રીતે મદદ કરી રહ્યું છે. તેમણે પેલેસ્ટીની કામદારોના સ્થાને ભારતીય મજૂર મોકલવા બદલ સરકારની પણ ટીકા કરી હતી. આ ઈઝરાયેલની ઝિઓનિસ્ટ સરકારની નીતિને સમર્થન છે. કરાતે એમ પણ કહ્યું કે ગાઝામાં ચાલી રહેલા આક્રમણને ધાર્મિક યુદ્ધ તરીકે દર્શાવવામાં આવી રહ્યું છે જે સત્ય નથી. રોયે કહ્યું કે તે ભારતના લોકોની જવાબદારી છે કે તેઓ એવું દર્શાવે કે ગાઝામાં જે થઈ રહ્યું છે તેમાં તેઓ સામેલ નથી. અમે ઈચ્છીએ છીએ કે આ હથિયારની નિકાસ બંધ થાય. અમેરિકામાં વિદ્યાર્થીઓ તેમની પોતાની સરકાર સામે વિરોધ કરી શકે છે, પરંતુ તેઓ ઈઝરાયેલ સામે વિરોધ કરી શકતા નથી. જ્યારે તેઓ ઈઝરાયેલ સામે વિરોધ કરે છે, ત્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માર મારવામાં આવે છે અને ધરપકડ કરવામાં આવે છે. લોકો તરીકે આપણે એ બતાવવાનું છે કે અમે ગાઝામાં જે થઈ રહ્યું છે તેને ટેકો આપવા માટે અમારી સરકારને સમર્થન આપતા નથી. ઘણા પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જ્યારે ઘાયલ થયેલા લોકો તબીબી સુવિધાઓથી વંચિત છે કારણ કે ઈઝરાયેલ રાહત કાર્યકરો, એમ્બ્યુલન્સ અને આરોગ્ય સંભાળ કાર્યકરોને પણ નિશાન બનાવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે બચી ગયેલા લોકો હવે ભૂખે મરી રહ્યા છે અને સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓનો અંદાજ છે કે ગાઝાની ૯૦ ટકાથી વધુ વસ્તી તીવ્ર ખોરાકની વંચિતતાથી પીડાય છે. કમનસીબે, ભારત સરકારે આ યુદ્ધ અપરાધોને રોકવામાં કોઈ યોગદાન આપ્યું નથી. ઉલટું, તે ઈઝરાયેલ સરકારનો વિશ્વાસુ સાથી રહ્યો છે. ઈઝરાયેલ માટે લશ્કરી સામગ્રીનું ઉત્પાદન કરતી ભારતીય કંપનીઓને સબસિડી આપવી, પેલેસ્ટીની કામદારોના સ્થાને ભારતીય કામદારોને ઈઝરાયેલ મોકલવા અને ભારતમાં ઈઝરાયેલ સામેના વિરોધને દબાવવા અને સંયુક્ત રાષ્ટ્રમાં પણ, ભારત ઈઝરાયલને રોકી શકે તેવા ઠરાવોના પ્રયાસોથી મોટાભાગે દૂર રહ્યું છે. નિવૃત્ત રાજદ્વારી અશોક શર્માએ ધ્યાન દોર્યું કે, સત્તાવાર સ્પષ્ટતા ઉપલબ્ધ નથી, પણ સોશિયલ મીડિયા પરની પોસ્ટ્સ દાવો કરે છે કે ભારત ઈઝરાયેલને એટલા માટે મદદ કરી રહ્યું છે કારણ કે તેણે કારગિલ યુદ્ધ દરમિયાન ભારતને શસ્ત્રો પૂરા પાડ્યા હતા. તમે ગાઝા સાથે કારગીલની તુલના કેવી રીતે કરી શકો? અમે ઘૂસણખોરોને બહાર ફેંકવા માટે યુદ્ધ કરી રહ્યા હતા, જ્યારે ગાઝામાં નિર્દોષ નાગરિકોનો સામૂહિક નરસંહારનો કેસ છે. તેમણે એમ પણ કહ્યું કે તાજેતરની વિધાનસભા તેમજ સામાન્ય ચૂંટણીઓ દરમિયાન ઈસ્લામોફોબિયાને પ્રોત્સાહન આપવા ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષને દર્શાવવાના પ્રયાસો થયા હતા. ભૂષણે કહ્યું કે ભારતે ઈઝરાયેલને સૈન્ય સાધનોની નિકાસની મંજૂરી આપવી એ કાયદાનું ઉલ્લંઘન છે અને જે અધિકારીઓ તેમાં સામેલ છે તેમને સજા થવી જોઈએ. કાર્યકરોએ કહ્યું કે તેઓ સરકાર તેમજ તમામ સંસદ સભ્યોને મેમોરેન્ડમ આપશે.

લોકહિત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
અમન કોમર્સ કોલેજ-કણજરી
ટ્રસ્ટ સ્થાપના તારીખ ૩૦/૦૯/૨૦૦૦
કણજરી ગામમાં છેલ્લા ૨૩ વર્ષથી ઝળહળતું પરિણામ આપતી સંસ્થા દ્વારા અમન કોમર્સ કોલેજની શરૂઆત
જૂન-૨૦૨૪થી B.Comના પ્રથમ વર્ષની શરૂઆત
છોકરીઓ માટે સંપૂર્ણ સુરક્ષિત વાતાવરણ અને માહોલ
કણજરી ગામથી ૧૫ કિ.મી.નાં વિસ્તાર સુધી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા
ADMISSION OPEN - 2024
L.E.C.T ટ્રસ્ટ હેઠળ ચાલતી સંસ્થાઓ.
- ગુલિસ્તાને તિફલા બાળા શાળા (નર્સરી- કેજી)
- ગુલિસ્તાને તિફલા પ્રા.શાળા (ધોરણ-૧થી ૮)
- અમન વિદ્યાલય (ધોરણ - ૯થી ૧૨)
- અમન કોમર્સ કોલેજ (B.Comના વર્ગો)
● સુવિધાઓ ● ટ્રાન્સપોર્ટેશન ● Wifi Facilities ● કોમ્પ્યુટર લેબ ● સ્માર્ટ કલાસ ● લાઈબ્રેરી ● પ્રોજેક્ટ રૂમ ● ઓડિટોરીયમ રૂમ
Contact/US- સાજીદ સર (એજ્યુ. ડિરેક્ટર) 94265 24220 - હાજી સાહેબ - 87586 35504
કોલેજમાં SPOKEN ENGLISH, IELTS, GPSC અને UPSC વગેરે જેવા વધારાના વર્ગો ચલાવવામાં આવશે.

હાર્દિક શુભકામના
ગુજરાત ટુડે હંમેશા કચડાયેલા અવાજને બુલંદ કરવા અગ્રેસર રહ્યું છે. સફળતા પૂર્વક ૩૩ વર્ષ પૂર્ણ કરી ૩૪માં વર્ષમાં પ્રવેશતા...

ભગવાનભાઈ એચ. પટેલ
-: પૂર્વ ચેરમેન :-
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ધાનેરા
-: અગ્રણી :-
ભારતીય જનતા પાર્ટી ધાનેરા વિધાનસભા


ગુજરાત ટુડેનો ૩૪મા વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભકામના
તટસ્થ અને તથ્યો પર આધારિત સમાચાર પ્રસિદ્ધ કરી આગવી ઓળખ ઊભી કરનાર ગુજરાત ટુડે ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેવી દુઆ અને પ્રાર્થના
લિ.એડવોકેટ એમ.એસ. પઠાણ ગ્રુપ
(૧) મુસ્તુફાખાન એસ. પઠાણ (રતનપુર) (૨) ઈકબાલુન બી.પઠાણ (૩) સાદીક જી.મલેક (૪) કીરીટભાઈ એચ.વાઘેલા (૫) આશિકહુસેન આઈ.પઠાણ (૬) મહેશભાઈ ઝેડ. ભરવાડ (૭) કૃણાલભાઈ એ.વાઘેલા
ઓફિસ : એફ-૩૩ પ્રથમ માળ અલ-અક્સા કોમ્પ્લેક્ષ ખેડા ચોકડી પાસે, ખેડા. મો.9825810867

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# 'કેરળને ભૂસ્ખલન અંગે પહેલાથી જ ચેતવણી આપવામાં આવી હતી': વાયનાડ ભૂસ્ખલન અંગે અમિત શાહના દાવાઓની તપાસ

## વાયનાડ જિલ્લામાં ભૂસ્ખલન થયાના લગભગ ૧૨ કલાક પછી IMDએ કેરળ માટે રેડ એલર્ટ જાહેર કર્યું હતું

કેરળમાં શાંત વાયનાડ જિલ્લો ૩૦ જુલાઈની વહેલી સવારે એક અણધારી અને મોટા પાયે ભૂસ્ખલનનો ભોગ બન્યો હતો. આ આપત્તિ ૨૦૧૮ થી રાજ્યમાં આવેલી સૌથી ખરાબ આપત્તિ હતી. મુંડાકાઈ અને ચૂરમાલા ગામોમાં ૩૦૦ થી વધુ લોકોના મૃત્યુ થયા છે. તેના એક દિવસ પછી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને કેરળના મુખ્ય પ્રધાન પિનરાય વિજયન વચ્ચે રાજકીય દોષારોપણની રમત શરૂ થઈ હતી.



૩૧ જુલાઈના રોજ સંસદે 'આકલન ધ્યાન' પ્રસ્તાવ હેઠળ વાયનાડ પર ચર્ચા કરી હતી અને શાહે દાવો કર્યો હતો કે કેન્દ્રએ કેરળ સરકારને એક સપ્તાહ અગાઉ સંભવિત આફત અંગે ચેતવણી આપી હતી. શાહે કહ્યું કે ભારતમાં વહેલી ચેતવણી પ્રણાલીનો ઉપયોગ સરકારને ચેતવણી આપવા માટે કરવામાં આવ્યો હતો. જો કે, સીએમ વિજયને જણાવ્યું હતું કે રાજ્યએ ચેતવણી પર ધ્યાન આપ્યું ન હોવાનો દાવો પાયાવિહોણો છે, અને આ દોષારોપણનો સમય નથી. કોંગ્રેસે શુક્રવાર, ૨ ઓગસ્ટના રોજ, શાહ વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરી હતી અને ગૃહમાં આ દાવો કરીને રાજ્યસભાને કથિત રીતે ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો હતો કે કેરળ સરકારે ભૂસ્ખલન અંગે તેને આપવામાં આવેલી પ્રારંભિક ચેતવણીઓ પર કાર્ય કર્યું નથી.

પરંતુ શું કેરળ સરકારને પૂર અંગે વહેલી ચેતવણી મળી હતી કે પછી શાહના દાવા ખોટા હતા?

રાજ્યસભાને સંબોધતા શાહે કહ્યું કે તેઓ અમુક બાબતોની "સ્પષ્ટતા" કરવા માંગે છે જેથી કોઈ "ગેરસમજણ" ન થાય. ૨૩ જુલાઈએ, કેરળ સરકારને ભારત સરકાર દ્વારા પ્રારંભિક ચેતવણી આપવામાં આવી હતી અને પછી ૨૬મીએ કહેવામાં આવ્યું હતું કે વધુ ચેતવણી આપવામાં આવી કે, ૨૦ સેન્ટિમીટરથી વધુ વરસાદ, ભારે વરસાદ, અને ભૂસ્ખલનની શક્યતા છે અને કાદવ પણ અંદર આવી શકે છે, અને લોકો તેમાં ફસાઈ શકે છે અને જાનહાનિ થઈ શકે છે.

નોંધઃ યુનાઈટેડ નેશન્સ અનુસાર, સમુદાયોને જોખમી આબોહવા-સંબંધિત ઘટનાઓ માટે તૈયાર કરવામાં મદદ કરવા માટે સંકલિત સંચાર પ્રણાલીનો ઉપયોગ કરીને પ્રારંભિક ચેતવણી સિસ્ટમ એ આબોહવા પરિવર્તન માટે અનુકૂલનશીલ માપ છે. ગૃહમંત્રીએ એવો પણ દાવો કર્યો હતો કે ઘણી રાજ્ય સરકારોએ આ ચેતવણીઓ પર ધ્યાન આપ્યું છે અને આપત્તિઓને એવી રીતે સંચાલિત કરી છે જેમાં કોઈ જાનહાનિ થઈ નથી.

ઓડિશામાં, અમે ચક્રવાત પહેલા ચાર દિવસની ચેતવણી આપી હતી તો માત્ર એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, ગુજરાત સરકાર માટે પણ, અમે ત્રણ દિવસ પહેલા ચક્રવાતની ચેતવણી આપી હતી, અને એક પણ મૃત્યુ થયું નથી. તે જ દિવસે, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ની નવ ટીમો તેમની મંજૂરી હેઠળ રાજ્ય માટે રવાના થઈ હતી. કેન્દ્ર સરકારે આટલું કર્યું, કેરળ સરકારે શું કર્યું? લોકો સંવેદનશીલ પરિસ્થિતિઓમાં જીવતા હતા, પરંતુ શું તેઓને દૂર ખસેડવામાં આવ્યા હતા? તેઓનું સ્થળાંતર કેમ ન થયું? જો તેઓને સ્થાનાંતરિત કરવામાં આવ્યા હોત, તો તેઓનું મૃત્યુ થયું હોત?

અત્યાર સુધી ભારત મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ (IMD), જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI) અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) એ ત્રણ સંસ્થાઓ છે જે ભારે વરસાદ અને સંભવિત ભૂસ્ખલન અંગે અગાઉથી ચેતવણીઓ જારી કરે છે. સેન્ટ્રલ વોટર કમિશન પણ આઈએમડી પાસેથી મેળવેલા હાઈડ્રોલોજિકલ ડેટાના આધારે પૂરની ચેતવણીઓ જારી કરે છે.

હવે, છેલ્લા ૧૨ દિવસના IMD ડેટા પર એક નજર કરીએ.

- ૧૮ જુલાઈના રોજ તેની અખબારી યાદીમાં,ૈસ્ઢ એ કેરળના ઉત્તરીય ભાગોમાં ૧૯ જુલાઈ સુધી અચાનક પૂરના જોખમ માટે ચેતવણી જારી કરી હતી.
- બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે, આગામી ૫ દિવસ દરમિયાન આ પ્રદેશમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની વ્યાપક સંભાવના છે.
- પરંતુ ૧૮ જુલાઈ અને ૩૧ જુલાઈની વચ્ચે જારી કરાયેલ વિસ્તૃત શ્રેણીની આગાહીમાં આ સમયગાળા માટે કેરળનો કોઈ ઉલ્લેખ નથી.

IMD ની પ્રેસ રિલીઝ ૨૩ જુલાઈના રોજ પ્રકાશિત થઈ હતી (જે દિવસે શાહે દાવો કર્યો હતો કે કેન્દ્રએ કેરળ સરકારને ચેતવણી આપી હતી) ૨૫ જુલાઈના રોજ કેરળમાં અલગ સ્થળોએ ખૂબ જ ભારે વરસાદ અને કેરળમાં ૨૩-૨૭ જુલાઈ સુધી અલગ-અલગ/ કેટલાક સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપી હતી.

પરંતુ જો તમે વિઝ્યુઅલ પેટા-વિભાગ મુજબની હવામાન ચેતવણીઓ પર નજર નાખો, તો રાજ્ય માટે ૨૩, ૨૪, ૨૬ અને ૨૭ જુલાઈએ યલો "વોચ" ચેતવણી જારી કરવામાં આવી હતી અને ૨૫ જુલાઈના રોજ ઓરેન્જ ચેતવણી જારી કરવામાં આવી હતી. ૨૫ જુલાઈના રોજ જારી કરાયેલ તેની વિસ્તૃત-શ્રેણીની આગાહીમાં, તિરુવનંતપુરમમાંૈસ્ઢ ના હવામાન કેન્દ્રે ૨૬ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધી કેરળ માટે સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરી હતી. શાહે કહ્યું કે ૨૬ જુલાઈએ ચેતવણી આપવામાં આવી હતી કે ૨૦ સેન્ટિમીટરથી વધુ વરસાદ પડશે અને ભૂસ્ખલન શક્ય છે. તે દિવસે પ્રકાશિત થયેલૈસ્ઢ અખબારી યાદીમાં આવી કોઈ ચેતવણી આપવામાં આવી નથી. ૨૬ જુલાઈએ તિરુવનંતપુરમ મેટ સેન્ટર દ્વારા જારી કરાયેલ જિલ્લા વરસાદની આગાહીમાં ૩૦ જુલાઈએ વાયનાડ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી.ૈસ્ઢ પુણે (એગ્રોમેટ) ના કૃષિ હવામાન વિભાગે વાયનાડ માટે ૨૬ જુલાઈના રોજ જારી કરેલી આગાહીમાં ૩૦ જુલાઈના રોજ, જે દિવસે ભૂસ્ખલન થયું તે દિવસે જિલ્લામાં માત્ર ૧૫ મીમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. ટૂંકમાં, ૨૩ જુલાઈ અને ૨૮ જુલાઈ વચ્ચે,ૈસ્ઢ એ કેરળમાં ભારે વરસાદ માટે કોઈ ઓરેન્જ ચેતવણીઓ જારી કરી નથી. હવે, ૨૯ જુલાઈએ વાયનાડમાં મોટા ભૂસ્ખલનના એક દિવસ પહેલાૈસ્ઢ એ આગાહી કરી છે કે કેરળમાં અલગ-અલગ સ્થળોએ ખૂબ જ ભારે વરસાદ થવાની સંભાવના છે. કેરળ માટે ૨૯ જુલાઈએ બપોરે ૧ વાગ્યે ઓરેન્જ એલર્ટ ('તૈયાર રહો') જારી કરવામાં આવી હતી અને ૩૧ જુલાઈએ યલો એલર્ટ આપવામાં આવી હતી. આ દોષારોપણ વચ્ચે, IMD ના વડા મૃત્યુંજય મહાપાત્રાએ પીટીઆઈને જણાવ્યું હતું કે ઓરેન્જ ચેતવણીનો અર્થ છે "એક્શન માટે તૈયાર રહો અને રેડ એલર્ટની રાહ ન જોવી જોઈએ. વાયનાડ માટે, IMD ના જિલ્લા વરસાદના ડેટા દ્વારા ૩૦ ના રોજ યલો એલર્ટ ચેતવણી જારી કરવામાં આવી હતી. વાયનાડ માટે માત્ર ૨.૫-૧૫.૫ મીમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. શાહના દાવા પર પ્રતિક્રિયા આપતા, સીએમ વિજયને કહ્યું, કોઈપણ એજન્સીએ ૩૦ જુલાઈના ભૂસ્ખલન પહેલા વાયનાડ માટે રેડ એલર્ટ જારી કર્યું ન હતું.

સીએમ વિજયને વાયનાડ જિલ્લા માટે પ્રયોગાત્મક વરસાદ પ્રેરિત લેન્ડસ્લાઈડ ફોરકાસ્ટ બુલેટિન નામનું બુલેટિન પણ શેર કર્યું હતું, જે ૨૯ જુલાઈના રોજ બહાર પાડવામાં આવ્યું હતું. આ રીલીઝ મુજબ, ૩૦-૩૧ જુલાઈ સુધી ભૂસ્ખલનની ઘટનાઓની ઓછી સંભાવના હતી. વાયનાડમાં ૩૦ જુલાઈના રોજ સવારે ૧:૩૦ વાગ્યે ભૂસ્ખલન થયું હતું. રસપ્રદ વાત એ છે કે, રેડ એલર્ટ લગભગ ૧૨ કલાક પછી તે જ દિવસે બપોરે ૧:૧૦ વાગ્યે સામે આવ્યું હતું. આઈએમડીની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) જણાવે છે કે અત્યંત ભારે વરસાદ માટે રેડ એલર્ટ ૪૮ કલાકથી વધુ અગાઉ જારી કરી શકાશે નહીં. આ શાહના "સાત દિવસ પહેલા"ના દાવાથી વિરોધાભાસી છે. માટે આ કહી શકાય કે શાહના દાવા માત્ર ખોટા જ નથી પણ તે ગેરમાર્ગે દોરે છે.

**- ઐશ્વર્ય વર્માવર્ષ શ્રીરામ** (સૌ. : ધ ક્વિન્ટ.કોમ)

# લોકસભાની ચૂંટણીઓ મુદ્દે વોટ ફોર ડેમોક્રેસી (VFD) ના રિપોર્ટમાં ઉઠાવવામાં આવેલી શંકાઓનો ચૂંટણી પંચે જવાબ આપવો જોઈએ

'વોટ ફોર ડેમોક્રેસી'ના અહેવાલમાં ચૂંટણી સંસ્થા અને રિટર્નિંગ ઓફિસર્સની શંકાસ્પદ ભૂમિકા EVMમાં નોંધાયેલા મતો અને વાસ્તવિક ગણતરીના મતો વચ્ચેનો નક્કર તફાવત અને ચૂંટણીના દરેક તબક્કામાં મતોમાં મોટાપાયે વધારો થયો છે તે અંગેના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે.




૨૨ જુલાઈના રોજ મુંબઈમાં - વોટ ફોર ડેમોક્રેસી (મહારાષ્ટ્ર) રિપોર્ટ: લોકસભા ચૂંટણી ૨૦૨૪માં આચાર- શીર્ષક સાથે ૧૮મી સામાન્ય ચૂંટણી દરમિયાન મતદાન અને મતગણતરી દરમિયાન 'વોટ મેનીપ્યુલેશન' અને ગેરવર્તણૂકનું વિશ્લેષણ કરતાં તેનું વિગતવાર પ્રકાશન બહાર પાડ્યું હતું અને આ ચૂંટણીમાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિઓને લગતા ચિંતાજનક પાસાઓ જાહેરમાં લાવવામાં આવ્યા છે. તેણે ભારતના ચૂંટણી પંચ (ECI) અને રિટર્નિંગ ઓફિસર્સની શંકાસ્પદ ભૂમિકા, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)માં નોંધાયેલા મતો અને વાસ્તવિક ગણતરીના મતો વચ્ચેના સ્પષ્ટ તફાવત અને દરેક તબક્કામાં મતોના જંગી વધારા અને રાજ્યવાર અને રાષ્ટ્રીય સ્તરે બ્રેકઅપ સાથેની ચૂંટણી જેવા મુદ્દાઓ પર ચિંતા વ્યક્તકારી છે અને તિસ્તા સીતલવાડે કથિત ગેરરીતિઓની રૂપરેખા આપતી વિગતવાર નોંધ બહાર પાડી છે.

**૫ કરોડ વોટ વધારવાનો મુદ્દો :**

આ અહેવાલમાં પ્રારંભિક અને અંતિમ મતદાન વચ્ચે કુલ પાંચ કરોડ મતોના વધારાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ડેટા અને તથ્યોના આધારે આવા મૂંઝવણભર્યા વધારાનું વિશ્લેષણ કર્યા પછી, તે સમજણ પૂર્વક અભિપ્રાય આપે છે કે આ મતોના વધારાને લીધે શાસક નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ની બેઠકોની સંખ્યા નોંધપાત્ર રીતે વધી ગઈ છે અને જેના લીધે નરેન્દ્ર મોદી ફરીથી વડા પ્રધાન બન્યા અને દ્બઢછ એ ફરીથી સરકાર બનાવવા માટે મેળવી હતી.

**ECI એ પોતાની વિશ્વસનીયતા ગુમાવી દીધી છે :**

ચૂંટણીમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ કરતી વખતે, અહેવાલમાં ECI પર પણ આંગળી ચીંધવામાં આવી છે અને CSDS અને લોક નીતિ સર્વેમાં સર્વેક્ષણ કરાયેલા લોકોમાંથી માત્ર ૨૮% લોકો ECI પર વિશ્વાસ દર્શાવે છે. ૨૦૨૪માં ECI માટે આટલી ઓછી વિશ્વસનીયતાની ઈ.સ. ૨૦૦૦માં કરવામાં આવેલા ઓપિનિયન પોલથી તદ્દન વિપરીત છે. એ સમયે તેણે ન્યાયતંત્ર, ભારતીય સેના અને ભારત સરકારની આગળ ટોચનું સ્થાન મેળવ્યું હતું. ઈસીઆઈના તે ઉચ્ચ પદને તે વર્ષે તેની સુવર્ણ જયંતિની ઉજવણીના અવસરે આપેલા ભાષણમાં ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ કે.આર. નારાયણને દ્વારા ગર્વથી જણાવ્યું હતું.

**ECI દ્વારા મતદાનની વિગતો જાહેર ન કરવાનો મુદ્દો :**

તે ખૂબ જ દુઃખદ છે કે ECIની સંસ્થાકીય અખંડિતતા એટલી હદે ક્ષીણ થઈ ગઈ છે કે ૨૪ વર્ષ પછી VFDના ઉપરોક્ત અહેવાલમાં તેના કમિશનના કૃત્યો અને ચૂંટણીઓ આયોજિત કરવામાં અવગણના કરવા સહિત અનેક લોકો દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. VFD અને અન્ય લોકોએ ECI દ્વારા પ્રારંભિક મતદાનના આંકડાઓ માટે ઘોષણામાં વિલંબ કરવો અને પછી અંતિમ મતદાનના આંકડામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે તે પ્રકાશિત કરે છે. ઈસીઆઈ દ્વારા આ અંતિમ આંકડાઓમાં નોંધપાત્ર વધારો શા માટે થયો તે સમજાવવામાં આવ્યું નથી, અને ન તો ચૂંટણી સંસ્થાએ અંતિમ આંકડાઓ જાહેર કરવામાં વધુ વિલંબ (૧૧ દિવસ!) શા માટે કર્યો અને ટકાવારીમાં વધારો કેવી રીતે થયો તે પણ સમજાવ્યું નથી. સુપ્રીમ કોર્ટ સમક્ષ ઈસીઆઈ દ્વારા એવું વાહિયાત સોગંદનામુ કરવામાં આવ્યું હતું કે, ઉમેદવારો અને તેમના એજન્ટો સિવાય અન્ય કોઈની સાથે મતદાર મતદાનનો ડેટા શેર કરવાનો કોઈ કાનૂની આદેશ નથી અને મતદાતાના મતદાનના ડેટાને જાહેર કરવાથી લોકોમાં મૂંઝવણ થઈ શકે છે અને ચૂંટણીઓમાં દૂષિત હિતો દ્વારા મતદારોનું શોષણ થઈ શકે છે. આ એફિડેવિટ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં સબમિટ કરવામાં આવી હતી. ADRએ એક અરાજકીય અને બિન-પક્ષીય બિન-લાભકારી સંસ્થા છે અને તેના દ્વારા આ અરજીમાં ECIની વેબસાઈટ પર ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના સંચાલન દરમિયાન દરેક તબક્કાના મતદાન પછી તમામ મતદાન મથકોના ફોર્મ 17C ભાગ-૧ (મતદાનનો હિસાબ)ની સુવાચ્ય નકલો સ્કેન કરીને મતદાન ડેટા અપલોડ કરીને મતદાર મતદાનના પ્રમાણિત રેકોર્ડ્સ જાહેર કરવા માટે ECIને નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી.

ECIનું આ સોગંદનામું એ બંધારણના મૂળભૂત માળખાનો ભાગ બનવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા આયોજિત મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ કરાવવાના આદર્શ અને પ્રથાનું ઉલ્લંઘન હતું. VFD એ તેના અહેવાલમાં ECIની હિંમતભેર પૂછપરછ કરીને અને મતદારોના મતદાનમાં તીવ્ર વધારો અને મતદાન ડેટા જાહેર કરવામાં અસાધારણ વિલંબના કારણોને સમજાવવામાં તેના દ્વારા કરવામાં આવેલી કથિત ક્ષતિઓ તરફ ધ્યાન દોરે છે અને તે મુક્ત અને ન્યાયી કારણને સમર્થન આપવા માટેનું આ પગલું છે. VFDની એવી દલીલો કે ECIની કથિત ક્ષતિઓ ઈચ્છિત ચૂંટણી પરિણામ મેળવવા માટે ભાજપની આગેવાની હેઠળની NDA સરકારની તરફેણનું સૂચન કરે છે.

સુપ્રીમ કોર્ટે તેના સીમાચિહ્નરૂપ ચુકાદામાં ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય જાહેર કરી કારણ કે તે રાજકીય પક્ષોના ભંડોળના સ્ત્રોતો જાણવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે અને તે ખૂબ જ વિચિત્ર છે કે મતદાન અંગે મતદારોના જાણવાના અધિકાર અંગે ECI દ્વારા મતદારોને આ ડેટા જાહેર ન કરવાના નિર્ણય દ્વારા તેમના અધિકારને નકારી કાઢવામાં આવે છે. VFD એ અન્ય આરોપ લગાવ્યો છે કે ECI એ આજ સુધી મતદાન અને ગણતરી કરાયેલા EVM મતો વચ્ચેની વિસંગતતા અને અંતિમ મતદાનના આંકડામાં થયેલા વધારા અંગેના કોઈ ચોક્કસ પ્રશ્નોના જવાબ આપ્યા નથી. આ રિપોર્ટમાં ચૂંટણી લડી રહેલા ઉમેદવારોને આ ડેટાની એક્સેસ નકારવા અથવા તેમને ફોર્મ 17C જારી ન કરવા માટે પણ ECIને દોષી ઠેરવવામાં આવ્યું છે, આ ફોર્મ મતદાનના દિવસના અંતે મળેલા મતોની વિગતો રેકોર્ડ કરે છે.

**મતદાનમાં ન સમજાય તેવા વધારાએ ભાજપને મદદ કરી છે :**

VFDએ એવો ગંભીર આરોપ મૂક્યો હતો કે તબક્કા ૨ માં અંતિમ મતદાનમાં વધારો NDA/BJP માટે ફાયદાકારક થયો છે અને તેના પરિણામોએ ભાજપને મદદ કરી છે. મોટાભાગના રાજ્યોમાં દા.ત. પશ્ચિમ બંગાળ ૩/૩, ઉત્તરપ્રદેશ ૮/૮, મધ્ય પ્રદેશ ૬/૬, છત્તીસગઢ ૩/૩, ત્રિપુરા ૧/૧, જમ્મુ અને કાશ્મીર ૧/૧, કર્ણાટક ૧૨/૧૪, રાજસ્થાન ૧૦/૧૩ અને આસામ ૪/૫ બેઠકો પર NDAને લાભ થયો છે. આ વલણ પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, રાજસ્થાન સહિતના સમાન રાજ્યોમાં મતદાનના અન્ય ૬ તબક્કામાં જોવા મળતું નથી. આ તબક્કા ૨માં કેરળનું ઉદાહરણ અનોખું છે કે આ તબક્કામાં ભાજપને રાજ્યની કુલ ૨૦ બેઠકોમાંથી એક બેઠક મળી, બીજી બેઠક પર બીજા સ્થાને અને અન્ય ૧૪ બેઠકો પર ત્રીજા સ્થાને રહી. અહીં સ્પષ્ટ મેનીપ્યુલેશન હોવાનું જણાય છે એવો આ રિપોર્ટ દાવો કરે છે. આ અહેવાલ કહે છે કે અંતે ૫ કરોડ મતના વધારાથી ભાજપ/એનડીએને ઓછામાં ઓછી ૭૬ બેઠકોનો ફાયદો થયો છે અને જો આ વધારો ન થયો હોત તો NDA અથવા ભાજપે આ બેઠકો ગુમાવી હોત.

**ECI નું મૌન આંબેડકર અને બંધારણ સભાની આશંકાઓનું સમર્થન કરે છે :**

VFD એ તેનો અહેવાલ ECIને મોકલ્યો છે, અને તેમાં ઉઠાવવામાં આવેલા પ્રશ્નોનું નિરાકરણ કરવા જણાવ્યું છે અને જો તે આમ કરવામાં નિષ્ફળ જાય તો તે સાબિત કરશે કે B.R. આંબેડકરની ૧૬ જૂન, ૧૯૪૯ના રોજ બંધારણ સભામાં ચૂંટણી પંચ સાથે સંકળાયેલા બંધારણના ડ્રાફ્ટ કલમ ૨૮૯ (હવે કલમ ૩૨૪) પરની ચર્ચા દરમિયાન આશંકા, જે બંધારણમાં કોઈ જોગવાઈમાં વ્યક્ત કરવામાં આવી હતી તે સાચી પડશે. ચૂંટણી કમિશનર તરીકે બેવકૂફ અથવા મૂર્ખની નિમણૂક કરવાથી ECI એ કારોબારીના કબ્જા હેઠળ આવે તેવી શક્યતા છે.

બંધારણ સભાના પ્રતિષ્ઠિત સભ્ય, પ્રોફેસર શિબ્બન લાલ સકસેનાએ ૧૫ જૂન, ૧૯૪૯ના રોજ ચર્ચામાં ભાગ લેતા કહ્યું હતું કેઃ તે શક્ય છે કે સત્તામાં કોઈ પક્ષ જે આગામી ચૂંટણી જીતવા માંગે છે તે પક્ષના કટ્ટર સમર્થક માણસને ચૂંટણી પંચમાં ચીફ કમિશનર તરીકે નિયુક્ત કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, ભવિષ્યમાં જવાહરલાલ નહેરૂ જેવા વડાપ્રધાન નહીં હોય જે સ્વતંત્રતા અને નિષ્પક્ષતા માટે જાણીતા છે અને કોઈ અન્ય વ્યક્તિ વડાપ્રધાન પદ પર કબજો કરી શકે છે અને તે અયોગ્ય વ્યક્તિને CEC તરીકે નિયુક્ત કરીને તેમના અધિકારનો દુરૂપયોગ કરી શકે છે અને તે ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા નષ્ટ કરી શકે છે. હૃદય નાથ કુંજરૂએ એસેમ્બલીમાં તેમના ભાષણમાં સૂચવ્યું હતું કે આંબેડકરના સૂચિત ચૂંટણી પંચમાં એવા નિષ્પક્ષ વ્યક્તિઓનો સમાવેશ કરવા માટે ફેરફાર કરવો જોઈએ, જેથી ચૂંટણી કમિશનરો તેમની ફરજો નિર્ભયપણે નિભાવી શકે. તેમણે ચૂંટણી તંત્રને રાજ્યો અને કેન્દ્ર બંનેના રાજકીય પ્રભાવોથી મુક્ત રાખવા માટે સુરક્ષાની માગણી કરી અને અવલોકન કર્યું કેઃ

અમે પખ્ત મતાધિકારના આધારે લોકશાહી માટે આગળ વધી રહ્યા છીએ. આથી ચૂંટણી તંત્રની યોગ્ય કામગીરી સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવિત પગલાં લેવામાં આવે તે જરૂરી છે. જો ચૂંટણી તંત્ર પોતે જ ખામીયુક્ત હોય અથવા કાર્યક્ષમ ન હોય અથવા તેમાં એવા લોકો કામ કરે છે જેમની પ્રામાણિકતા પર શંકા છે, તો લોકશાહી ક્ષીણ થઈ જશે. લોકોએ કેવી રીતે તેમના મતનો ઉપયોગ કરવો જોઈએ, કેવી રીતે તેમના મતના વિવેકપૂર્ણ ઉપયોગથી તેઓ બંધારણમાં ફેરફારો અને વહીવટમાં સુધારાઓ લાવી શકે છે તે સમજી શકે તે જરૂરી છે. VFDનો આ અહેવાલ બંધારણ સભામાંની આશંકાઓ અને ૨૦૨૩માં SCના ઉપરોક્ત અવલોકનોના સંદર્ભમાં વધુ મહત્વ ધરાવે છે કે ECIએ સર્વાઈલ કમિશન ન બનવું જોઈએ. શું ECI એ VFD દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપીને મુક્ત અને ન્યાયી ચૂંટણીના તેની કામગીરીને સમર્થન આપી શકશે?

**લેખક એસ.એન. સાહુએ ભારતના રાષ્ટ્રપતિ કે.આર. નારાયણનની વિશેષ ફરજ પરના અધિકારી તરીકે સેવા આપી હતી.**

(સૌ.: ધવાયર.ઈન)

# મનુ ભાકર હેટ્રિક મેડલ સાથે ઈતિહાસ રચવાનું પણ ચૂકી

પેરિસ, તા.૩

ભારતની સ્ટાર શૂટર મનુ ભાકર શનિવારે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં મેડલની હેટ્રિક ચૂકી ગઈ. તે મહિલાઓની ૨૫ મીટર પિસ્ટલ ઈવેન્ટની ફાઈનલમાં ચોથા સ્થાને રહી. મનુએ આઠ મહિલાઓની ફાઈનલમાં ૨૫નો સ્કોર કર્યો. તે શૂટ ઓફમાં હંગેરીની બ્રોન્ઝ મેડલ વિજેતા વેરોનિકા મેજર સામે હારી ગઈ. તેણે ગુરૂવારે પ્રિસિઝનમાં ૨૯૪ અને રેપિડમાં ૨૯૬ પોઈન્ટ સાથે કુલ ૫૯૦ પોઈન્ટ મેળવી ક્વોલીફીકેશનમાં બીજું સ્થાન પ્રાપ્ત કરી ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. ૨૨ વર્ષીય મનુના ફક્ત મેડલ પણ એક ઈતિહાસ રચવાનું પણ ચૂકી ગઈ. મનુ પાસે ત્રણ ઓલિમ્પિક મેડલ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બનવાની સુવર્ણ તક હાથમાંથી સરકી ગઈ છે. તેણે બે બ્રોન્ઝ મેડલ જીતી પેરિસમાં પોતાની સફર સમાપ્ત કરી. જો કે તેણે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો. તે એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય એથ્લીટ બની ચૂકી છે. તે આઝાદી બાદ આવું કરનારી એકમાત્ર ભારતીય છે. મનુએ પેરિસમાં મેડલનું ખાતું ખોલ્યું હતું. તેણે ૨૮ જુલાઈએ ૧૦ મીટર એર પિસ્ટલમાં બ્રોન્ઝ જીત્યો હતો. સ્ટાર શૂટરે બીજો મેડલ સરબજોતસિંહ સાથે રમીને જીત્યો હતો. બંનેએ ૩૦ જુલાઈએ ૧૦ મીટર એર પિસ્ટલ મિક્સડ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં શૂટરોએ ભારતને ત્રણ મેડલ અપાવ્યા છે. શૂટર સ્વપ્નિલ કસાલેએ પહેલી ઓગસ્ટે ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝીશન સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ કબજે કર્યો હતો.



## મનુ ભાકરે તે કરી બતાવ્યું જે આજ સુધી કોઈ કરી શક્યું નથી

### મનુ એક ઓલિમ્પિકમાં ત્રણ ઈવેન્ટની ફાઈનલ રમનારી ભારતની પ્રથમ એથ્લીટ બની ગઈ છે

પેરિસ, તા.૩

મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિકમાં ત્રણ ઈવેન્ટમાં ભાગ લીધો તે બધી ઈવેન્ટની ફાઈનલમાં પહોંચી મનુ એક ઓલિમ્પિકમાં ત્રણ ઈવેન્ટની ફાઈનલ રમનારી ભારતની પ્રથમ એથ્લીટ બની ગઈ છે. આ જ કારણ છે કે મેડલની હેટ્રિક ચૂકવા છતાં પણ તેના નામે ઈતિહાસ નોંધાઈ ગયો.

મનુ ભાકર યુથ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકી છે. ૨૦૧૮માં ૧૬ વર્ષની ઉંમરમાં આર્જેન્ટીનામાં યોજાયેલ યુથ ઓલિમ્પિકની ૧૦ મીટર એર પિસ્ટલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે યુથ ઓલિમ્પિક ગોલ્ડ જીતનારી ભારતની પ્રથમ મહિલાની સાથે જ પ્રથમ શૂટર પણ હતી.

### ૧૬ વર્ષની મનુ ભાકર યુથ ઓલિમ્પિકમાં ગોલ્ડ જીતનારી ભારતની પ્રથમ મહિલાની સાથે જ પહેલી શૂટર પણ હતી

મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિકમાં સૌથી પહેલા ૧૦ મીટર એર પિસ્ટલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. તે ઓલિમ્પિકની શૂટીંગ ઈવેન્ટમાં મેડલ જીતનારી ભારતની પ્રથમ મહિલા છે. બાળપણમાં મનુએ બોક્સીંગ, સ્કેટિંગ, વોલીબોલ, ઘોડેસવારી, માર્શલ આર્ટ અને ટેનિસમાં ૬૦થી વધારે રાષ્ટ્રીય મેડલ જીત્યા છે. સ્કૂલમાં વોલીબોલ રમતી વખતે ભાકરની આંખમાં ઈજા થઈ હતી. આંખની ઈજા છતાં તે એક સ્ટાર શૂટર બની ગઈ. મનુ ભાકરની માતા ઈચ્છતા હતા કે તે ડોક્ટર બને પણ મનુએ સ્પોર્ટસની પસંદગી કરી. જો કે તેની માતાને કોઈ અફસોસ નથી કે મનુ ડોક્ટર ના બની શકી.

### અમારે તે એક રન બનાવવો જોઈતો હતો : રોહિત

# ખરાબ શોટ રમી મેચ પર પાણી ફેરવનાર અર્શદીપ પર રોહિત શર્મા ગુસ્સે થયો

કોલંબો, તા.૩

ભારત અને શ્રીલંકા વચ્ચેની પ્રથમ વન-ડે ટાઈ થયા બાદ ભારતીય ખેલાડી અર્શદીપસિંહ પ્રશંસકોનો ટાર્ગેટ બન્યો છે. ૪૭મી ઓવરમાં જ્યારે ટીમ ઈન્ડિયાને જીત માટે ફક્ત એક રનની જરૂર હતી અને હાથમાં પણ એક જ વિકેટ હતી ત્યારે આ ખેલાડીએ ખરાબ શોટ રમી મેચ ટાઈ કરી દીધી. મેચ બાદ સોશિયલ મીડિયા પર તો અર્શદીપના આ શોટની ટીકા થઈ સાથે મેચ બાદ હાથ મિલાવતી વખતે રોહિત શર્મા તેને ગુસ્સાથી જોઈ રહ્યો હતો. રોહિતનો આ ગુસ્સો વ્યાજબી હતો કારણ કે જ્યારે અર્શદીપ બેટિંગ કરવા આવ્યો હતો ત્યારે ટીમને ૧૪ બોલમાં એક રનની જરૂર હતી. તે સમયે તે મોટો ફટકો મારવાની જરૂર ન હતી. જો અર્શદીપસિંહ ટેપ કરીને એક પણ લઈ લેતો તો ભારત મેચ જીતી ગયું હોત.

મેચ બાદ સોશિયલ મીડિયા પર અર્શદીપની ખૂબ ટીકા થઈ. આ દરમ્યાન એક એવી તસવીર સામે આવી જેણે દરેકનું ધ્યાન ખેંચ્યું. મેચ બાદ હાથ મિલાવતા સમયે રોહિત શર્મા અર્શદીપને ગુસ્સામાં જોઈ રહ્યો છે. જ્યારે અર્શદીપસિંહનું માથું ઝૂકેલું છે. આ દરમ્યાન અનેક પ્રશંસકોએ તો એમ પણ કહ્યું કે અર્શદીપસિંહ ધોનીની જેમ વિનિંગ સિક્સર ફટકારી હીરો બનવા ગયો હતો. જો કે તે હીરોની જગ્યાએ ઝીરો જરૂર બની ગયો. મેચ બાદ રોહિત શર્માએ કહ્યું કે અમારે તે એક રન બનાવવો જોઈતો હતો. સ્કોર ચેઝ થાય તેમ હતો. તેણે કહ્યું કે કેએલ અને અક્ષરની ભાગીદારીથી અને મેચમાં ફરી આવી ગયા હતા. અંતમાં થોડું નિરાશાજનક રહ્યું. ૧૪ બોલમાં એક રનની જરૂર હતી. આવી વસ્તુઓ થાય છે. શ્રીલંકા સારૂં રમ્યું. અંતમાં આ એક ઉચિત પરિણામ હતું.

# ૧૨ વર્ષ બાદ ધોનીને મળ્યો ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૦૭નો હીરો જોગીન્દર શર્મા

નવી દિલ્હી, તા.૩

૨૦૦૭ ટી-૨૦ વર્લ્ડકપ ફાઈનલના હીરો જોગીન્દર શર્માની હાલમાં જ મુલાકાત પૂર્વ કપ્તાન એમ એસ ધોની સાથે થઈ. જોગીન્દર પુરા ૧૨ વર્ષ બાદ માહીને મળ્યો છે અને તે આ દરમ્યાન ઘણો ખુશ દેખાયો. જોગીન્દર શર્માએ આ મુલાકાતની અમુક તસવીર પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી છે. જોગીન્દરે કહ્યું કે ૧૨ વર્ષ બાદ ધોનીને મળીને ઘણો ખુશ છું. જોગીન્દરે 'એ યાર સુન યારી તેરી' નામનું એક જુના હિન્દી ગીતનો ઉપયોગ કર્યો અને પોસ્ટને કેપ્શન આપી ઘણા લાંબા સમય બાદ ધોનીને મળીને સારૂં લાગ્યું. લગભગ ૧૨ વર્ષ બાદ તમને મળવાની મજા આજે અલગ હતી. જોગીન્દર શર્માએ ભારતને ૨૦૦૭ ટી-૨૦ વર્લ્ડકપનું ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. ધોનીએ ફાઈનલની અંતિમ ઓવર જોગીન્દર શર્માને આપી એક જુગાર રમ્યો હતો અને જોગીન્દર તેની આશા પર ખરા ઉતર્યા હતા. મિસ્બાહની વિકેટ ઝડપી જોગીન્દર શર્માએ ભારતને પ્રથમ ટી-૨૦ વર્લ્ડકપ ટાઈટલ અપાવ્યું હતું.

**હદીસ બોધ**

ગરીબ હોવા છતાં બીજા ઉપર ઉપકાર કરવો એ ઉત્તમ કાર્ય છે. - હદીસ બોધ

**બોધ વચન**

સ્વતંત્રતા એ એવી ચીજ છે કે જે તમે બીજાઓને આપ્યા સિવાય મેળવી શકો નહીં. -વિલિયમ એ. વ્હાઈટ

**આજની આરસી**

૪ ઓગસ્ટ રવિવાર ૨૦૨૪
૨૮ મોહર્રમ હિજરી ૧૪૪૬
અષાઢ વદ અમાસ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૪-૪૫ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૧૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૨૨ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# લૂંટ, હુમલો અથવા માર મારતા નથી, આ બદમાશો માત્ર તેમના ઘરની સામે ઢોલ વગાડીને ડાન્સ કરીને દલિત પરિવારને પરેશાન કરે છે

## રાજેન્દ્ર અને તેના સાથીઓએ પીડિતના પરિવાર પર હુમલો કર્યો અને હવામાં ફાયરિંગ કર્યું, જેના વિશે પીડિત રવિ પ્રતાપે થાટીપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી, હવે આ આરોપી પીડિતના પરિવાર પર ફરિયાદ પાછી ખેંચવા માટે દબાણ કરી રહ્યો છે અને આ માટે તે અડધી રાત્રે તેના મિત્રો સાથે તેમના ઘરની સામે નાચે છે અને ગાય છે

(એજન્સી) તા.૩

સદર હું જમીનની ઓનલાઈન જાહેર હરાજીની પ્રક્રિયા તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ ૧૧-૦૦ કલાક થી ૧૩-૦૦ કલાક સુધી કરવા તેમજ તેમાથી ઉપજનાર રકમ સરકારી તિજોરીમાં જમા કરવા ઠરાવેલ છે. હરાજી અંગેની વિગતો રાજ્યવેરા વિભાગની વેબસાઈટ www.commercialtax.gujarat.gov.in તથા (n) code solution ની વેબસાઈટ https://e-auction.nprocure.com પર જોઈ શકાશે. (n) code solution નો હેલ્પલાઈન(Toll Free ફોન નંબર-૭૦૪૩૦૦૮૧૪૦) છે.

ઓનલાઈન જાહેર હરાજી E-AUCTION ની પ્રક્રીયાથી થનાર હોઈ, ભાગ લેનારે પોતાનુ ડિજિટલ સિગ્નેચર સર્ટીફિકેટ મેળવી લેવાનુ રહેશે, જેના માટે (n) code solution Gift City Tower-1, Zone-5, Gandhinagar ખાતે સંપર્ક કરવાનો રહેશે. અન્યથા હરાજીમાં ભાગ લઈ શકાશે નહીં

સ્થળ : અમરેલી
તા.૩૦/૦૭/૨૦૨૪

(આર. એમ. ગોહિલ)
રાજ્ય વેરા અધિકારી (૩)
ઘટક-૮૨, અમરેલી

OFFICE OF THE ASSISTANT COMMISSIONER OF STATE TAX

જિમાહ/જાહેરાત/૬૭/૨૪


# વડોદરા જિ.પં. ખાતે પૂર્વ સાંસદના કાર્યાલયમાં નવા ઘોડિયાઘરનું ઉદ્‌ઘાટન કરાયું

(સંવાદદાતા દ્વારા),

વડોદરા તા.૩

રાજ્યમાં સચિવાલય સહિત સરકારી કચેરીઓમાં મહિલા કર્મચારીઓની સંખ્યામાં વધારો થયો છે. ત્યારે વડોદરા જિલ્લા પંચાયતની મહિલાઓ તેમજ ધાત્રી માતાઓને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તેમજ પોતાના કામ ના સમયે પોતાના બાળકોને પણ સાચવી શકે તે માટેની અલાયદી વ્યવસ્થા વડોદરા જિલ્લા પંચાયત કચેરી ખાતે કરવામાં આવી છે. વડોદરા જિલ્લા પંચાયતમાં ધાત્રી માતા એવી મહિલા કર્મચારીઓના નાના માસુમ બાળકો માટે ઘોડિયા ઘરની સુવિધા ઉભી કરવામાં આવી છે.આ ઘોડિયાઘરમાં બાળકો માટે પ્લે એરિયા, રમતના સાધનો, ફિડીંગરૂમ, ટોઈલેટ, પેન્ટ્રી સહિતની સુવિધાઓ અહીં આપવામાં આવશે. વડોદરા જિલ્લા પંચાયત કચેરીમાં કામ કરતી મહિલાઓ તેમજ મહિલા સભ્યો માટે અલાયદી વ્યવસ્થાના ભાગરૂપે આ ઘોડિયા ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અગાઉ આ ઘોડિયા ઘરની જગ્યાએ વડોદરાના પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટનું કાર્યાલય કાર્યરત હતું. જિલ્લા પંચાયતની સદસ્યો અને પરિવારે આ ઘોડિયાઘર માટે તેમજ બાળકોના મનોરંજન માટે વ્યક્તિગત સહાય કરવામાં આવી છે.વડોદરા જિલ્લા પંચાયતની કચેરીમાં ઘોડિયા ઘરના ઉદ્‌ઘાટન પ્રસંગે વડોદરાના સાંસદ ડો.હેમાંગ જોષી, વડોદરાના પ્રથમ નાગરિક મેયર પિન્કીબેન સોની, વડોદરા જિલ્લા કલેકટર બી.એમ શાહ, ડીડીઓ મમતા હિરપરા તેમજ વડોદરા જિલ્લા પંચાયતની મહિલાઓ તેમજ વડોદરા જિલ્લા પંચાયતના સભ્યો વિશેશ સ્વરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

### હાલોલના બાસ્કા ગામે

# પત્નીના અન્ય પુરૂષ સાથે આડા સંબંધોની આશંકાએ પતિએ ગળાફાંસો ખાધો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩

પત્નીના અન્ય પુરૂષ સાથે સંબંધોની આશંકાએ પતિને મનમાં લાગી આવતા સાવલી તાલુકાના ખાખરિયા ગામની સીમમાં બાવળના ઝાડ પર દોરડું બાંધી યુવકે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. હાલોલ તાલુકાના બાસ્કા ગામે રહેમત પાર્કમાં રહેતા બરકતઅલી ફતેહમહમદ મકરાણી ઉંમર વર્ષ ૩૧ની પત્નીને અન્ય પુરૂષ સાથે આડાસંબંધો હોવાની શંકા હતી. જેથી બરકતઅલીએ પત્ની પાસેથી સંતાનો મેળવવા હાલોલ કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસ બાદ તેની પત્ની બરકતઅલી સાથે રહેતી હતી અને સાથે-સાથે કોર્ટ કેસ પણ ચાલુ હતો. જો કે પત્ની હજી પણ અન્ય પુરૂષ સાથે સંબંધો રાખે છે તેવી શંકા હોવાથી બરકતઅલીને મનમાં લાગી આવ્યું હતું અને સાવલી તાલુકાના ખાખરીયા ગામની સીમમાં નર્મદા કેનાલની બાજુની ઝાડીઓમાં બાવળના ઝાડ સાથે દોરડું બાંધી ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

### પાનોલી જીઆઈડીસીમાં આવેલ

# એચ.પી. ફાર્મા દ્વારા જાહેરમાં કેમિકલયુક્ત પ્રદૂષિત પાણીનો નિકાલ કરાતાં GPCBની નોટિસ

**કડક હાથે કામ લેવાશે તો જ પર્યાવરણ બચાવાશે : વિજય રાખોલિયા**

અંકલેશ્વર, તા.૩

પાનોલીમાં ફરી એકવાર એચપી ફાર્મા જાહેરમાં કેમિકલ યુક્ત પ્રદુષિત પાણીનો નિકાલ કરતા રંગેહાથ ઝડપાઈ ગઈ છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડે પાનોલીની એચ.પી. ફાર્માને પર્યાવરણ સાથે ચેડાં કરવા બદલ નોટિસ પણ આપી દીધી છે. અંકલેશ્વર GPCBના અધિકારી વિજય રાખોલીયાએ કહ્યું હતું કે, અમોને એચ.પી. ફાર્મા વિરૂદ્ધનો કોલ મળતાં જ તાત્કાલિક અમારી ટીમ લોકેશનવાળી જગ્યા પર જઈ નમૂનો ચેક કરતાં છોડાયેલ પાણી દૂષિત પરિબળો સાથેનું જણાયેલ હતું. જેના પગલે કંપનીને તાત્કાલિક અસરથી નોટીસ પાઠવી દેવામાં આવી છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારી વિજય રાખોલીયા દ્વારા તાત્કાલિક ધોરણે પ્રદુષિત પાણીનો જાહેરમાં નિકાલ કરનાર કંપનીને ઈન્સ્ટન્ટલી કાયદાનો દંડો ઉગામતા ઉદ્યોગોમાં સોપો પડી ગયો છે. ઉલ્લેખનીય છે કે, પાનોલીની એચ.પી. ફાર્માએ પર્યાવરણના નિયમોને નેવે મૂકીને કેમિકલયુક્ત પાણી જાહેરમાં છોડવાની જે હરકત કરી છે. તે વિસ્તારમાં ભરવાડ જાતિના લોકોનો વાસ છે. ઉપરાંત આ વિસ્તારથી થોડે દૂર પાણીના સ્ત્રોતો પણ છે. જો પ્રદુષિત પાણી જળાશયોમાં ભળે અને તેનો ઉપયોગ દુધાળા ઢોર તથા અન્ય લોકો કરે તો કલ્પના ન કરી શકાય તેટલું જાન-માલનું નુકશાન થઈ શકે છે. જો કેમિકલયુક્ત પાણીના કારણે આવી કોઈ ઘટના બને કોઈ જળચર કે પશુ કે મનુષ્યો આનો ભોગ બને તો કંપનીના અધિકારીઓ તથા ઓનર્સ સામે કડકમાં કડક શિક્ષાત્મક પગલાં લેવાવા જોઈએ અને તાત્કાલિક ધોરણે કંપનીને ક્લોઝર આપે તેવી માંગ પર્યાવરણ પ્રેમીઓમાં પ્રવર્તી રહી છે.

# વાયનાડમાં ભૂસ્ખલનની કેરળ સરકારને પૂર્વ ચેતવણી અપાયાનો અમિત શાહનો દાવો ખોટો પુરવાર થયો, સંસદમાં વિશેષાધિકાર ભંગનો પ્રસતાવ રજૂ કરતી કોંગ્રેસ


(એજન્સી) નવી દિલ્હી, તા.૩

કેરળના વાયનાડમાં ભુસ્ખલનની પૂર્વ ચેતવણી અપાયાનો કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહનો દાવો ખોટો સાબિત થયાનો દર્શાવીને કોંગ્રેસે સંસદમાં ગૃહમંત્રી શાહ સામે વિક્ષેષાધિકાર ભંગનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. વિશેષાધિકાર ભંગની અપાયેલી નોટિસમાં કોંગ્રેસે અમિત શાહના કેરળને વહેલી ચેતવણી અપાયાના દાવા સામે વાંધો ઉઠાયો છે.

જયરામ રમેશે રાજ્યસભામાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેમાં ચેતવણી અપાયા છતાં કેરળ સરકારે ધ્યાન આપ્યું ન હોવાનો અમિત શાહનો દાવો પણ નકારી કાઢયો છે અને રમશે શાહના દાવાનું સ્પષ્ટ ખંડન કર્યું છે.

કોંગ્રેસે ગૃહમાં મુકેલી નોટિસમાં દર્શાવ્યું છે કે, કેન્દ્ર સરકારે ભૂસ્ખલન અંગે અગાઉથી ચેતવણી આપી હતી તેવું ગૃહમંત્રીએ રાજ્યસભામાં ભારપૂર્વક જણાવ્યું હતું પણ એમનો દાવો ખોટો પુરવાર થયો છે એટલે એ સ્પષ્ટ થયો છે કે કેન્દ્રીય ગૃહમંત્રીએ સદનને ગેરમાર્ગે દોર્યું છે. કોઈપણ મંત્રી અથવા સભ્ય ગૃહને ગેરમાર્ગે દોરે એ વિક્ષેષાધિકારનો ભંગ છે અને ગૃહના તિરસ્કાર સમાન છે એ પ્રસ્થાપિત થાય છે.

૩૧ જુલાઈના રોજ અમિત શાહે રાજ્યસભામાં એવો દાવો કર્યો હતો કે, વાયનાડમાં ભુસ્ખલન થયું એ પહેલા ૨૩ જુલાઈએ કેરળ સરકારને ચેતવવામાં આવી હતી. હું એ સ્પષ્ટ કરવા



## અમિત શાહનો દાવો ખોટો છે : રમેશ

કોંગ્રેસના નેતા જયરામ રમેશે નોટિસમાં દર્શાવ્યું છે કે, ભુસ્ખલન પહેલા કેરળ સરકારને ચેતવણી આપ્યાનો અમિત શાહે મક્કમતા સાથે દાવો કર્યો હતો અને એવું પણ કહ્યું હતું કે, કેન્દ્રની ચેતવણી છતાં રાજ્ય સરકારે કોઈ પગલાં લીધા ન હતા. રમેશે ઉમેર્યું કે અમિત શાહે કરેલા મજબૂત દાવા ખોટા પુરવાર થયા છે એટલે એમણે રાજ્યસભા ગૃહને ગેરમાર્ગે દોરવાનું સ્પષ્ટ થયું છે. જે પ્રસ્થાપિત પરંપરા અનુસાર વિક્ષેષાધિકારનો ભંગ છે અને ગૃહના તિરસ્કાર સમાન છે.

## જયરામ રમેશનો રાજ્યસભા ચેરમેન જગદીપ ધનખડને પત્ર જેમાં સ્પષ્ટ દર્શાવ્યું કેન્દ્રીય ગૃહમંત્રીએ ગૃહને ગેરમાર્ગે દોર્યું એ સ્પષ્ટ થયું છે જેનો પુરાવો વાયનાડ અંગેનો રિપોર્ટ છે

માગું છું કે કુદરતી હોનારતના સાત દિવસ પહેલા ૨૩ જુલાઈના રોજ કેન્દ્ર સરકારે આગોતરી ચેતવણી આપી હતી એ પછી ફરીવાર ૨૪ અને ૨૫ જુલાઈના રોજ ફરીવાર ચેતવણી અપાઈ હતી. ૨૬ જુલાઈના રોજ પણ રાજ્ય સરકારને ચેતવીને સંદેશો અપાવ્યો હતો કે, અતિ ભારે વરસાદ થઈ શકે છે અને ભુસ્ખલનની પણ આશંકા છે.

કોંગ્રેસે આપેલી નોટિસમાં શાહના દાવાનું ખંડન કરવામાં આવ્યું છે. ગૃહમાં કોંગ્રેસના મુખ્ય દંડક જયરામ રમેશે ગૃહના ચેરમેન ધનખડને પત્ર મારફત દર્શાવ્યું છે કે, ૩૧ જુલાઈના ગૃહના ધ્યાનાકર્ષક પ્રસ્તાવને ધ્યાનમાં લેતા સાફ થયું છે કે રાજ્ય સરકારને ચેતવણીનો મક્કમ દાવો કરનાર ગૃહમંત્રીએ સદનને ગેરમાર્ગે દોર્યું છે એ દેખીતું છે. મીડિયાએ પણ ગૃહમંત્રીના દાવાની સઘન ચકાસણી કરી છે જેમાં શાહનો દાવો ખોટો પુરવાર થયો છે. આ રીતે એમને ગૃહનો તરસ્કાર કરે છે અને વિક્ષેષાધિકારનો ભંગ કર્યો છે.

# દિલ્હીના જહાંગીરપુરીમાં ઈમારત ધરાશાયી થતાં ૩નાં મોત, ૪ ઘાયલ

(એજન્સી) તા.૩

અધિકારીઓએ જણાવ્યું કે, શુક્રવારે ઉત્તર પશ્ચિમ દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારમાં બે માળની ઈમારતનો એક ભાગ ધરાશાયી થતાં ત્રણ લોકોના મોત થયા અને ચાર ઘાયલ થયા છે.

બિલ્ડીંગનો આગળનો ભાગ-જે ભોંયરામાં અને ગ્રાઉન્ડ અને પહેલા માળે ત્રણ અલગ-અલગ ફેક્ટરીઓ ધરાવે છે-તે બપોર પછી તૂટી પડ્યો હતો.

આ ઈમારત જહાંગીરપુરીના ડી બ્લોકમાં આવેલી હતી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ઈમારત જૂની અને જર્જરિત હતી. લિકેજને કારણે તેની છત નબળી પડી ગઈ હતી અને જ્યારે તે તૂટી પડી ત્યારે કેટલાક કામદારો સમસ્યાને ઠીક કરવા માટે કામ કરી રહ્યા હતા.

દિલ્હી ફાયર સર્વિસના અધિકારીઓએ જણાવ્યું કે તેમને બપોરે ૧૨:૫૧ વાગ્યે ઈમરજન્સી કોલ આવ્યો હતો, જેના પગલે પાંચ ફાયર ટેન્ડરોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને સાંજ સુધી ચાલુ રહી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે



શરૂઆતમાં મુકેશ કુમાર (૪૫) નામના વ્યક્તિને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

ફૂલવતી (૫૦) અને વિનોદ (૪૩)ને બાદમાં બહાર કાઢવામાં આવ્યા હતા અને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

ત્રણેય આ બિલ્ડિંગમાં ચાલતા કારખાનામાં કામ કરતા હતા.

બિલ્ડીંગના ભોંયરામાં ગેસ સ્ટોવ મેન્યુફેક્ચરિંગ યુનિટ, ગ્રાઉન્ડ ફ્લોર પર કાર્ડબોર્ડ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરી અને પહેલા માળે કપડા બનાવવાની ફેક્ટરી હતી.

પોલીસે જણાવ્યું કે ઘાયલોની ઓળખ ઠાકુર દાસ, નિર્મલા, હરિ શંકર અને જેસન તરીકે થઈ છે. બાબુ જગજીવન રામ મેમોરિયલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે.

તેમણે જણાવ્યું કે ઘાયલ લોકો છત પર લીકેજની સમસ્યાને ઠીક કરવા માટે કામ કરી રહ્યા છે.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે મકાન પત્તાના મહેલની જેમ તૂટી પડ્યું અને ધૂળના વાદળમાં ફેરવાઈ ગયું. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી અને ઘટનાસ્થળે પહોંચી કાટમાળ હટાવવાનો પ્રયાસ કર્યો.

# મધ્યપૂર્વમાં ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધની અણીએ અમેરિકાએ સૈન્ય વધાર્યું, વાંચો ૧૦ મુદ્દા

(એજન્સી) તા.૩

૧.હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ ઈરાન દ્વારા ઈઝરાયેલ પર હુમલાનો ભય વધી ગયો છે. જેના કારણે વિશ્વમાં વધુ એક મોટા પાયે યુદ્ધ ફાટી શકે છે.

૨.અમેરિકાએ પહેલેથી જ કહ્યું છે કે ઈરાન હાનિયાના મોતનો બદલો લેવા ઈઝરાયેલ પર હુમલો કરી શકે છે. આ સ્થિતિ વચ્ચે અમેરિકાએ ઈઝરાયેલની સુરક્ષા માટે મધ્યપૂર્વમાં ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો તહેનાત કરી દીધા છે.

૩.તેહરાનમાં હમાસ નેતા અને બેરૂતમાં હિઝબુલ્લાહના કમાન્ડરની હત્યા બાદ ઈરાન અને તેના સાથીઓ દ્વારા બદલો લેવાની ધમકી બાદ અમેરિકા હરકતમાં આવી ગયું છે.

૪.અમેરિકાએ નિવેદન આપ્યું છે કે, અમેરિકન રક્ષા વિભાગ મધ્યપૂર્વમાં ફાઈટર જેટ સ્ક્વોડ્રનને તહેનાત કરશે. તે આ વિસ્તારમાં એરક્રાફ્ટ કેરિયરની જાળવણી કરશે. પેન્ટાગોને કહ્યું કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેને ઈરાનના હુમલાથી ઈઝરાયેલને બચાવવાની તૈયારીના ભાગરૂપે આ પગલાં લીધા છે.

૫.આ નિર્ણય અમેરિકન સૈનિકોની સુરક્ષાને સુનિશ્ચિત કરવા અને અમેરિકન સૈન્યની હાજરીને મજબૂત કરવા માટે લેવામાં આવ્યો છે. પેન્ટાગોને ઈરાન સામે પ્રતિરક્ષા તરીકે આવતા વર્ષ સુધી આ ક્ષેત્રમાં એક એરક્રાફ્ટ કેરિયર તહેનાત રાખવાનો નિર્ણય લીધો છે. જો કે, ફાઈટર જેટ સ્ક્વોડ્રન ક્યાંથી આવશે



અને તેને મધ્યપૂર્વમાં ક્યાં તહેનાત કરવામાં આવશે તે જાણી શકાયું નથી.

૬.રક્ષા સચિવ લોયડ ઓસ્ટીને યુરોપ અને મધ્યપૂર્વમાં એક્સ્ટ્રા બેલેસ્ટિક મિસાઈલ તહેનાત કરવાના આદેશ આપ્યા છે. તેની સાથે જમીનથી હુમલો કરી શકે તેવા હથિયારો મોકલવાની પણ તૈયારી શરૂ કરી દેવાઈ છે.

૭.ગુરૂવારે બપોરે જો બાઈડેનની ઈઝરાયલેના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સાથેની વાતચીતમાં અમેરિકન બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી સંભવિત હુમલાઓ સામે રક્ષણ આપવા માટે અમેરિકાના સૈન્યની તહેનાતીની ચર્ચા કરી હતી.

૮.મધ્યપૂર્વ અને પૂર્વર ભૂમધ્ય સમુદ્રમાં અમેરિકાના યુદ્ધ જહાજોની તહેનાત હોય છે. તેમાં બે નેવી ડિસ્ટ્રોયર, યુએસએસ રૂઝવેલ્ટ અને યુએસએસ બુલ્કેલી તેમજ યુએસએસ વાપ્સ અને યુએસએસ ન્યુયોર્કનો સમાવેશ થાય છે. મધ્યપૂર્વમાં અમેરિકા કયા નવા જહાજો જશે તે હજુ સ્પષ્ટ નથી.

૯.અગાઉ એપ્રિલ મહિનામાં અમેરિકાની સેનાએ ઈરાન દ્વારા ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોનથી કરેલા હુમલાને નિષ્ફળ કરી દીધો હતો.

૧૦.ઈઝરાયેલ દ્વારા દક્ષિણ બેરૂતના ભીડભાડવાળા રહેણાંક વિસ્તારમાં હુમલો કરવામાં આવ્યા બાદથી ગણતરી બદલાઈ ગઈ છે, એમ સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના મિશને જણાવ્યું હતું. 'અમે અપેક્ષા રાખીએ છીએ. હિઝબુલ્લાહ વધુ લક્ષ્યો પસંદ કરશે અને તેના પ્રતિભાવમાં વધુ ઊંડાણપૂર્વક પ્રહાર કરશે,' સત્તાવાર IRNA સમાચાર એજન્સી દ્વારા ટાંકવામાં આવેલા મિશનમાં જણાવ્યું હતું.

# ઉત્તરપ્રદેશ : વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદમાં ગેટના બાંધકામ મુદ્દે તણાવ

### આ વિવાદ ગુરૂવારે શરૂ થયો હતો જ્યારે વહીવટીતંત્રે કાશી વિશ્વનાથધામના ગેટ નંબર ૪ની બાજુમાં જ્ઞાનવાપી મસ્જિદના નમાઝીઓ માટે નવો અસ્થાયી દરવાજો બાંધવાનો નિર્ણય કર્યો હતો

(એજન્સી) તા.૩

શુક્રવારના રોજ આવતા સાવનશિવરાત્રીના દિવસે, ૫૦૦થી વધુ મુસ્લિમોએ વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદની બહાર વિરોધ કર્યો, પ્રવેશ દ્વારના નિર્માણને કારણે મસ્જિદની અંદર નમાઝ અદા કરવાનો ઈન્કાર કર્યો.

વિરોધને પગલે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી, જેના કારણે શહેરના મુફ્તી મૌલાના અબ્દુલ બતિનનોમાનીએ ધરણા કરવા માટે પ્રેર્યા હતા. જ્ઞાનવાપી મસ્જિદમાં પ્રવેશેલા આશરે ૧૫૦ નમાઝીઓએ એકતામાં નમાઝનો બહિષ્કાર કર્યો હતો.

આ વિવાદ ગુરુવારે શરૂ થયો હતો જ્યારે વહીવટીતંત્રે કાશી વિશ્વનાથધામના ગેટ નંબર ૪ની બાજુમાં જ્ઞાનવાપી મસ્જિદના નમાઝીઓ માટે નવો અસ્થાયી દરવાજો બાંધવાનો નિર્ણય કર્યો હતો. ઉપાસકોએ તે અંગે વાંધો ઉઠાવ્યો હતો, અને તેને અયોગ્ય પરંપરા ગણાવી હતી, અને વહીવટીતંત્રે આ નિર્ણય પાછો ખેંચ્યો હતો. જો કે, ગેટના દરવાજાની ફ્રેમ પહેલેથી જ બાંધી દેવામાં આવી હતી, જેને ગુરુવારે રાત સુધીમાં દૂર કરવાની ખાતરી આપવામાં આવી હતી.

શુક્રવારે બપોરે, મુસ્લિમ લોકો નમાઝ અદા કરવા પહોંચ્યા અને દરવાજાની ફ્રેમ હજુ પણ તે જગ્યાએ જોઈને વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. શહેરના મુફ્તીએ વહીવટી તંત્રને ચેતવણી આપી હતી કે જો આવતા શુક્રવાર (૯ ઓગસ્ટ) સુધીમાં ગેટ ફ્રેમ દૂર કરવામાં નહીં આવે, તો નમાઝનો ફરીથી બહિષ્કાર કરવામાં



આવશે. આ અલ્ટીમેટમ બાદ દેખાવકારો વિખેરાઈ ગયા હતા.

શહેરના મુફ્તી મૌલાના અબ્દુલ બતિન નોમાનીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્ઞાનવાપી કેમ્પસમાં કોઈપણ નવું કામ મસ્જિદ સમિતિની સંમતિથી હાથ ધરવામાં આવવું જોઈએ. મસ્જિદ સમિતિને ગેટ ઈન્સ્ટોલ કરવા વિશે જાણ કરવામાં આવી ન હતી, જેના કારણે આ વિરોધ થયો છે. વહીવટી અધિકારીઓએ દલીલ કરી હતી કે આ ગેટ મસ્જિદ અને નમાઝીઓની સુરક્ષા માટે લગાવવામાં આવી રહ્યો છે. જો કે, વિરોધીઓનું માનવું હતું કે આ દરવાજો અસુવિધાનું કારણ બનશે અને નમાઝ અટકાવશે.

મુફ્તી નોમાનીએ જણાવ્યું હતું કે જ્ઞાનવાપી સુરક્ષાના ડીસીપીએ ખાતરી આપી હતી કે મસ્જિદ સમિતિની સમજૂતી વિના કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. જો કે, મુફ્તીએ લેખિત ખાતરીનો આગ્રહ રાખ્યો હતો, જે ડીસીપી આપી શક્યા ન હતા. તેમણે કહ્યું કે, દરવાજાની ફ્રેમ દૂર ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે, મસ્જિદ સમિતિની બેઠક પછી આગળના પગલાં નક્કી કરવામાં આવશે. મુફ્તીએ એ પણ કહ્યું કે જ્ઞાનવાપી વિસ્તારના સંકુલમાં કોઈપણ નવા કામ માટે મસ્જિદ કમિટી, અંજુમન ઈન્તેઝામિયા અને ટેમ્પલ ટ્રસ્ટની સંમતિ જરૂરી છે. તેમણે વહીવટીતંત્ર પર મુસ્લિમ સમુદાયને મસ્જિદમાં પ્રવેશતા રોકવાનો પ્રયાસ કરવાનો અને અલગ ગેટને સંભવિતપણે તાળું મારીને નમાઝીઓની સંખ્યા ઘટાડવાનો આરોપ લગાવ્યો હતો. વહીવટીતંત્રને દરવાજાની ફ્રેમ દૂર કરવા માટે ૯ ઓગસ્ટની સમયમર્યાદા આપવામાં આવી છે અને મસ્જિદ સમિતિ તેમની સંમતિ વિના લેવામાં આવતા કોઈપણ એકપક્ષીય પગલાંનો વિરોધ કરવાનું ચાલુ રાખશે.

## શા કારણે કરવામાં આવી કાર્યવાહી ?

# ગૃહ મંત્રાલયે બીએસએફના બે અધિકારીઓને પદ પરથી હટાવ્યા

### સ્પેશિયલ ડીજી વાયબી ખુરાનિયાને પણ હટાવીને ઓડિશા કેડરમાં પાછા મોકલવામાં આવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

BSFના બે અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરતા ગૃહ મંત્રાલયે તેમને તેમના પદ પરથી હટાવી દીધા છે. ડીજી બીએસએફ નીતિન અગ્રવાલને ડીજી પદેથી મુક્ત કરવામાં આવ્યા છે. તેથી, તેમને મૂળ કેડર એટલે કે કેરળ કેડરમાં પાછા મોકલવામાં આવ્યા છે. તે જ સમયે, સ્પેશિયલ ડીજી વાયબી ખુરાનિયાને પણ હટાવીને ઓડિશા કેડરમાં પાછા મોકલવામાં આવ્યા હતા. છેલ્લા એક વર્ષથી જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની સતત ઘૂસણખોરી ડીજી બીએસએફ અને સ્પેશિયલ ડીજી બીએસએફને હટાવવાનું મુખ્ય કારણ છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની ઘૂસણખોરીને લઈને ભારત સરકારની આ સૌથી મોટી વહીવટી કાર્યવાહી છે, જેનો દોષ સૌથી વરિષ્ઠ અધિકારીઓ પર પડ્યો છે.આ ઉપરાંત પંજાબ સેક્ટરમાંથી સતત આતંકવાદી ઘૂસણખોરીને અસરકારક રીતે નિયંત્રિત ન કરી શકવાને પણ આ કાર્યવાહીનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. છેલ્લા ઘણા વર્ષોમાં આ પ્રથમ વખત છે કે બે સૌથી વરિષ્ઠ અધિકારીઓ, જેઓ કોઈપણ અર્ધલશ્કરી દળોનું નેતૃત્વ કરી રહ્યા હતા, તેમને આ રીતે હટાવવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ ટૂંક સમયમાં નવા અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. ડીજી BSF નીતિન અગ્રવાલ ૧૯૮૯ બેચના કેરળ કેડરના અધિકારી છે, જ્યારે ખુરાનિયા ૧૯૯૦



બેચના ઓડિશા કેડરના અધિકારી છે. અગ્રવાલે ગયા વર્ષે જૂનમાં સીમા સુરક્ષા દળના વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તે જ સમયે, ખુરાનિયા વિશેષ મહાનિર્દેશક (પશ્ચિમ) તરીકે પાકિસ્તાન સરહદ પર દળની રચનાનું નેતૃત્વ કરી રહ્યા હતા. કેબિનેટની નિમણૂક સમિતિ (એસીસી) દ્વારા જારી કરવામાં આવેલા અલગ-અલગ આદેશોમાં કહેવામાં આવ્યું છે કે તેમને "તાત્કાલિક અસરથી" "અકાળે" પાછા મોકલવામાં આવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે લગભગ ૨.૬૫ લાખ જવાનો સાથે BSF પશ્ચિમમાં પાકિસ્તાન અને પૂર્વમાં બાંગ્લાદેશ સાથેની ભારતીય સરહદોની સુરક્ષા કરે છે.

# BSP અધ્યક્ષ માયાવતીએ અનામત અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદાની ટીકા કરતા ભાજપ અને કોંગ્રેસના વલણ પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) લખનૌ, તા.૩

BSP નેતા માયાવતીએ અનામત પર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા પર ચિંતા વ્યક્ત કરી છે. તેણીએ પડકાર ફેંક્યો છે કે શું દલિતો અને આદિવાસીઓનું જીવન ભેદભાવ અને પૂર્વગ્રહથી મુક્ત બન્યું છે અને જો આ સમુદાયો વચ્ચે અનામતને વિભાજિત કરવું વાજબી છે. તેણીએ ભાજપ અને કોંગ્રેસ બંને પર પણ આકરા પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે તેઓ SC, ST અને OBC સમુદાયો પ્રત્યે ઉદાર અને સુધારાવાદી વલણ ધરાવતા નથી.

માયાવતીએ કહ્યું કે સામાજિક દમનની સરખામણીમાં રાજકીય દમન નજીવું છે. તેમણે પ્રશ્ન કર્યો કે શું દેશમાં લાખો દલિતો અને આદિવાસીઓનું જીવન હવે ભેદભાવથી મુક્ત થઈ ગયું છે ? જો નહીં, તો આ સમુદાયો વચ્ચે આરક્ષણને વિભાજિત કરવું કેટલું વાજબી છે ? તેણીએ જણાવ્યું હતું કે એસસી, એસટી અને ઓબીસી સમુદાયો પ્રત્યે કોંગ્રેસ અને ભાજપ બંનેનો અભિગમ ઉદાર છે પરંતુ તે સુધારાવાદી નથી. તેમના મતે, કોઈપણ પક્ષ આ સમુદાયોના સામાજિક પરિવર્તન અને આર્થિક મુક્તિ માટે ખરેખર પ્રતિબદ્ધ નથી. જો તેઓ ખરેખર પ્રતિબદ્ધ હોત તો તેઓએ બંધારણની નવમી અનુસૂચિમાં સમાવેશ કરીને અનામતનું રક્ષણ સુનિશ્ચિત કર્યું હોત.

ગુરૂવારે આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાના પગલે માયાવતીએ આ નિવેદન કર્યું છે. સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે એસસી-એસટી આરક્ષણ માળખામાં સબ-ક્વોટાની રચના બંધારણીય છે. કોર્ટે ક્રિમીલેયરને પણ સમર્થન આપ્યું હતું અને



આ સીમાચિહ્નરૂપ ચુકાદા અંગે રાજકીય સ્પેક્ટ્રમમાં વ્યાપક પ્રતિક્રિયાઓ આવી રહી છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય પર મિશ્ર પ્રતિભાવો જોવા મળી રહ્યા છે. સમર્થકો દલીલ કરે છે કે તે સુનિશ્ચિત કરે છે કે અનામતનો લાભ SC અને ST સમુદાયોમાં સૌથી વંચિત વર્ગો સુધી પહોંચશે. જો કે, ટીકાકારો દલીલ કરે છે કે તે વધુ વિભાજન તરફ દોરી શકે છે અને આરક્ષણના મૂળ ઉદ્દેશ્યને નબળો પાડી શકે છે. માયાવતીની આ ટીકા ભારતમાં અનામત નીતિઓની અસરકારકતા અને વાજબીતા અંગે પ્રશ્નો ઊભા કરે છે. કેટલાક લોકો આરક્ષણ માટે વધુ સૂક્ષ્મ અભિગમો માટે દલીલ કરે છે, જેમાં ક્રીમીલેયરને બાકાત રાખવાનો સમાવેશ થાય છે, અન્ય માને છે કે જ્યાં સુધી તમામ SC, ST અને OBC વ્યક્તિઓની સામાજિક-આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો ન થાય ત્યાં સુધી હાલની સિસ્ટમ અકબંધ રહેવી જોઈએ.

# આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી વચ્ચે વાપીમાં ૭ ઈંચ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ

**૧૮૦ તાલુકાઓમાં વરસાદી માહોલ | વલસાડ જિલ્લામાં ૪૭ મુખ્ય રસ્તાઓ બંધ | કપરાડામાં ૬.૫ ઈંચ વરસાદ | ૨૦ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ**

અમદાવાદ,તા.૩

રાજયમાં જુલાઈ મહિનામાં ધમાકેદાર બેટિંગ બાદ મેઘરાજાએ બે-ત્રણ દિવસના વિરામ બાદ ફરી એકવાર મેદાનમાં એન્ટ્રી કરતા રાજયમાં અનેક સ્થળોએ મધ્યમથી ભારે વરસાદની સ્થિતિ જોવા મળી રહી છે ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. વલસાડના વાપીમાં ૬ કલાકમાં સાત ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. ભારે વરસાદને પગલે જનજીવન પ્રભાવિત થયું છે. જયારે આગામી સપ્તાહમાં રાજયમાં અનેક સ્થળોએ મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ભરૂચ, તાપી, દમણ અને નગર-હવેલીમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, નર્મદા, ભરૂચ અને ડાંગમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે જયારે ૫ ઓગસ્ટના રોજ પણ સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી ખેડા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને નગર-હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં આજે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે, ૪ ઓગસ્ટના સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર અને ગીરસોમનાથમાં ભારે વરસાદની આગાહી છે. રાજયમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૮૦ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડના વાપીમાં ૭ ઈંચ વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદને પગલે નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું હતું. તો કપરાડામાં ૬.૫ ઈંચ વરસાદથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. સાપુતારામાં ભારે વરસાદને પગલે અંબિકા નદીમાં પુરની સ્થિતિ જોવા મળી રહી છે. ગીરા ધોધનું પણ ઉગ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. પ્રવાસીઓને ધોધની નજીક જવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે વાત કરીએ વરસાદની તો જયારે ૨૦થી વધુ સ્થળોએ ૧ ઈંચથી વધુ વરસાદ જેમાં વાંસદામાં ૨.૯ ઈંચ, ચીખલી ૨.૫, ખેરગામ ૨.૫, કપરાડા ૨.૩, વધઈ ૨.૩, વાલોદ ૨.૨, ગણદેવી ૨, વ્યારા ૧.૯, શહેર ૧.૭, શહેર ૧.૬, ધરમપુર ૧.૫, મહુવા ૧.૫, પારડી ૧.૫, જલાલપોર ૨, વાપી ૧.૨, આહવા ૧.૨, સોનગઢમાં ૧.૨ ઈંચ વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ આગામી ૩ દિવસ દરિયાકાંઠાના જિલ્લાઓમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. સમગ્ર રાજયમાં આગામી બે દિવસ ગાજવીજ સાથે વરસાદ પડશે. પવનની ઝડપ ૪૫ કિ.મી. પ્રતિ કલાક અને એનાથી વધુ રહેશે. દક્ષિણ ગુજરાત અને દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન પર વરસાદી સીસ્ટમ સક્રિય થઈ છે. જેને પગલે આગામી સપ્તાહમાં ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહે તેવી શકયતા છે. જયારે વલસાડ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં પડેલ વરસાદને લઈને જિલ્લા પંચાયત હસ્તકના ૪૫ મુખ્ય રસ્તાઓ ઉપર વરસાદી પાણી ફરી વળતા રસ્તાઓ અવરજવર માટે બંધ કરવામાં આવ્યા છે. જયારે ૨ અન્ય રોડ મળી કુલ ૪૭ મુખ્ય રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે.

### સરકારના ગૃહવિભાગ દ્વારા નિર્ણય લઈ પરિપત્ર જાહેર કરાયો

# રાજ્યના પોલીસ વિભાગમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરની હવે સીધી ભરતી નહીં થાય

## હવે એએસઆઈની ખાલી જગ્યા બઢતી આપીને ભરાશે : કોંગ્રેસ સહિતનાઓ દ્વારા વિરોધ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૩

રાજ્ય પોલીસ દળમાં બિનહથિયારી એ.એસ.આઈ. સંવર્ગની ખાલી જગ્યાઓ માત્ર બઢતી દ્વારા ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ હાલમાં ખાલી પડેલી બિનહથિયારી એ.એસ.આઈ.ની જગ્યાઓ ભરવા માટે હેડ કોન્સ્ટેબલ સંવર્ગમાંથી યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આ અંગેની પ્રક્રિયા ૩૦મી ઓગસ્ટ સુધી પૂર્ણ કરવા જણાવાયું છે. રાજ્યના તમામ પોલીસ વડાઓને આ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. તેઓએ પોતાના અધિકારક્ષેત્ર હેઠળની કામગીરી પૂર્ણ કરીને ૩૧મી ઓગસ્ટ સુધીમાં અહેવાલ સબમિટ કરવાનો રહેશે.

આ નિર્ણયથી પોલીસ દળમાં અનુભવી કર્મચારીઓને વધુ જવાબદારી મળશે અને તેમની પ્રગતિના માર્ગ મોકળાશે તેવી આશા સેવાય છે. આ મામલે હવે વિરોધ પણ થઈ રહ્યો છે. કોંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવ્યો છે.

મહેનતકસ ગુલાબસિંહ રાજપૂતે ટ્વીટમાં લખ્યું છે કે, "આસિસટન્ટ સબ ઈન્સ્પેકરની સીધી ભરતી બંધ કરવાનો સરકારનો નિર્ણય યુવા વિરોધી છે. અનુભવીને પ્રમોશન આપવા ઘણી જગ્યાઓ ખાલી છે આપી શકાય તેમ છે. ઘણા બધા પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ ઘણા લાંબા સમયથી તેમના ઉપલા વર્ગના પ્રમોશનથી વંચિત છે. પરંતુ આ નિર્ણય તનતોડ મેહનત કરતા યુવાનની મજાક સમાન છે ડાયરેક્ટ રીક્રૂટમેન્ટ બંધ કરી ગુજરાતના મેહનતકસ યુવાનો પાસેથી તક છીનવવાનો નિર્ણય ડાયરેક્ટ એ.એસ.આઈ વધુ પ્રમોશન મેળવી ને ઉપરની કેડરને ખલેલ ન પહોંચાડે તેવા હેતુથી લેવાયેલ હોવાની પૂરી શક્યતા છે.. આવા નિર્ણય ગુજરાતના સૂતેલા યુવાન માટે એલાર્મ સમાન છે..."

ગુજરાત સરકારે આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI)ની સીધી ભરતી બંધ કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે રાજ્યભરના યુવાનોમાં નારાજગી જોવા મળી રહી છે. આ નિર્ણયને યુવાન વિરોધી ગણાવવામાં આવી રહ્યો છે. સરકારના આ પગલાં પાછળનું કારણ અનુભવી પોલીસકર્મીઓને પ્રમોશન આપવાનું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે આ નિર્ણય પાછળનો હેતુ ડાયરેક્ટ ASI ભરતી દ્વારા આવેલા અધિકારીઓ વધુ પ્રમોશન મેળવીને ઉપરની કેડરને અસર ન કરે તે હોઈ શકે છે. સરકારના જાહેર કરેલ પરિપત્રમાં જણાવ્યું છે કે, રાજ્ય પોલીસ દળમાં બિન હથિયારી એએસઆઈ સંવર્ગના અનુભવી કર્મચારીઓ મળી રહે અને ફિડર કેડરમાં બઢતીની તકો વધવાથી તેઓ ઉત્સાહપૂર્વક કામગીરી કરી શકે તેવા શુભ આશયથી ગૃહવિભાગ ગુજરાત સરકારના સંદર્ભિત પત્રથી બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (વર્ગ-૩)ની સીધી ભરતી રદ કરવાની અને આ સંવર્ગની તમામ ખાલી જગ્યાઓ માત્ર બઢતીથી જ ભરવાની મંજૂરી આપવામાં આવેલ છે. રાજ્ય પોલીસ દળમાં બિન હથિયારી એએસઆઈ સંવર્ગની ખાલી રહેલ તમામ જગ્યાઓમાં શહેર/જિલ્લા/યુનિટ ખાતે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ સંવર્ગના કર્મચારીઓ પૈકી બિન હથિયારી એએસઆઈ (વર્ગ-૩) સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો/બઢતી અર્થે સરકાર દ્વારા વખતોવખત પ્રસિદ્ધ થયેલ નિયમાનુસાર પાત્રતા ધરાવતા હેડ કોન્સ્ટેબલ સંવર્ગના કર્મચારીઓને બઢતી આપવા તેમજ બઢતીથી ખાલી પડનાર હેડ કોન્સ્ટેબલ સંવર્ગની ખાલી જગ્યાઓમાં પાત્રતા ધરાવતા પોલીસ કોન્સ્ટેબલ સંવર્ગના કર્મચારીઓને બઢતી આપવાની કાર્યવાહી તારીખ ૩૦/૦૮/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવા અંગે સૂચના અપાઈ છે.

### અંબાજી-આબુ રોડ પર અકસ્માત

# ૫૫ મુસાફરોથી ભરેલ બસ નદીમાં ખાબકી : ૧૨ ઘાયલ



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩

બનાસકાંઠાને અડીને આવેલા આબુ રોડ-અંબાજી માર્ગ ઉપર ખાનગી બસનો અકસ્માત સર્જાયો હતો. અંબાજીથી આબુરોડ જતો માર્ગ પહાડી અને ઢળાંગ વાળો હોવાના લીધે સુરપગલા નજીક આવેલા વળાંકમાં ખાનગી બસના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ૫૫ મુસાફરો ભરેલી બસ નદીમાં ખાબકી હતી. ૧૨ મુસાફરો ઈજાગ્રસ્ત થતા તમામને તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. રણુજાથી દર્શન કરીને શ્રદ્ધાળુઓ ગુજરાત તરફ જઈ રહ્યા હતા. ત્યારે આ બનાવ બન્યો હતો. જાણ થતાં આબુરોડ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી સાથે આબુરોડ મામલતદાર પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ૫૫ પૈકી ૧૨ જેટલા લોકો ઘાયલ થયા હતા. તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

# ડાંગમાં અંબિકા નદીના ધસમસતા પ્રવાહમાં ટેમ્પો તણાયો



અમદાવાદ,તા.૩ : રાજયમાં વરસાદી માહોલ જામ્યો છે દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ ભારે વરસાદ વરસ્યો છે ત્યારે સાપુતારામાં ૩ ઈંચથી વધુ વરસાદ પડતાં અંબિકા નદીમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું જયાં ડાંગ જિલ્લાના ઉગાચીચપાડથી આંબાપરાને જોડતા રોડ પર ટેમ્પયો પાણીના પ્રવાહમાં ફસાઈ ગયો હતો અને નદીના ધસમસતા પ્રવાહમાં તણાય એવી સ્થિતિનું નિર્માણ થતા સ્થાનિકોએ નદીમાં ફસાયેલા ટેમ્પોના ડ્રાઈવર અને કલીનરનો જીવ બચાવ્યો હતો. બીજી તરફ અંબિકા નદીમાં પૂરની સ્થિતિ સર્જાતા ચીખલદા, સુસરદા અને આંબાપાડાના લો લેવલના બ્રિજ પર પાણી ફરી વળ્યા હતા.

### રાજ્યના તમામ ફાયર વાહનોમાં હવે જીપીએસ ટ્રેકર લાગશે

# રાજ્યની ૫૪ નગરપાલિકાઓ માટે ૭૧ ફાયર વ્હીકલ્સ-સાધનોની ખરીદી માટે મંજૂરી

## GUDC દ્વારા ખરીદી કરાશે : રૂા.૬૩ કરોડ મુખ્યમંત્રીએ કર્યા મંજૂર

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૩

રાજ્યમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણના વધતાં વ્યાપ સાથે વધી રહેલી ફાયર સેફ્ટીની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. વાસ્તવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓમાં આકસ્મિક જરૂરી અગ્નિશમન વાહનો-સાધનો ફાયર વ્હિકલ્સ એન્ડ ઈક્વિપમેન્ટસ ખરીદી માટે કુલ ૬૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આ સાથે હવે ૫૪ નગરપાલિકાઓ માટે ૭૧ ફાયર વ્હિકલ્સ એન્ડ ઈક્વિપમેન્ટસની ખરીદી GUDC દ્વારા કરવામાં આવશે.

ગુજરાત દેશના વિકાસનું રોલ મોડેલ સ્ટેટ છે અને તેના પરિણામ સ્વરૂપે રાજ્યમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. એટલું જ નહીં ફાયર સેફ્ટીની જરૂરિયાતો પણ વધી છે. ત્યારે મુખ્યમંત્રી સમક્ષ આ સંદર્ભમાં પ્રજાકીય પ્રતિનિધિઓ અને સ્થાનિક અગ્રણીઓએ કરેલી રજૂઆતોને ધ્યાને રાખી મુખ્યમંત્રીએ સ્થાનિક શહેરી સત્તા તંત્ર તેમની પાસેના અદ્યતન ફાયર સેફ્ટી સાધનોથી સજ્જ રહે તેવા સલામતિ-સુરક્ષાના અભિગમથી આ રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કરી છે. નગરપાલિકાઓની અગ્નિશમન વાહનો અને સાધનોની જરૂરીયાતો અનુસાર તેની ખરીદી ગુજરાત શહેરી વિકાસ કંપની(GUDC) કરીને સંબંધિત નગરપાલિકાઓને ફાળવણી કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર પાલિકાઓમાં ૧૮ મીની ફાયર ટેન્ડર, ૨૧ વોટર બાઉસર, ૨૯ વોટર કમ ફોમ ટેન્ડર અને ૨ ઈલેક્ટ્રીક રેસ્કયુ બોટ મળી પાલિકાઓ માટે ૭૧ વાહનો ખરીદી માટે કુલ રૂા.૬૩.૦૨ કરોડની ગ્રાન્ટ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. રાજ્ય સરકારે ૨૦૨૦થી ૨૦૨૪ના વર્ષ દરમિયાન નગરપાલિકાઓને ૮૫ વાહનો ફાળવેલા છે તથા અન્ય ૧૯ વાહનો ફાળવણીની પ્રક્રિયામાં છે. મુખ્યમંત્રીએ આ પાલિકાઓને ફાળવનારા અગ્નિશમન વાહનોમાં જી.પી.એસ ટ્રેકિંગ સીસ્ટમના ઉપયોગ તથા તેના ડેટાને સી.એમ. ડેશબોર્ડ સાથે લિંક કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે.

# પ્રાથમિક સ્કૂલોમાં ૧૭ ઓકટોબરે પ્રથમ સત્રાંત; ૭ એપ્રિલ દ્વિતીય સત્રાંત કસોટી લેવાશે

## શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૩થી ૮ની સામયિક મૂલ્યાંકન અને સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૩

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન લેવાનારી સામયિક મુલ્યાંકન અને સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જે મુજબ રાજ્યમાં પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી લેવાશે. જ્યારે બીજી સત્રાંત પરીક્ષા એટલે કે વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોરણ-૩થી ૮માં સામયિક મુલ્યાંકન તથા સત્રાંત પરીક્ષાનું આયોજન કરવાને લઈને શિક્ષણ વિભાગ દ્વારા આયોજન નક્કી કરાયું છે. GCERT દ્વારા નક્કી કરવામાં આવેલા મુલ્યાંકનનો અમલ રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં કરવાનો રહેશે. પ્રથમ અને દ્વિતીય સત્ર સામયિક મૂલ્યાંકનનું નિયત થયેલા સમયપત્રક મુજબ કરવાનો રહેશે. સત્રાંત પરીક્ષાઓ અંગેના સમયપત્રક હવે પછી જાહેર કરવામાં આવશે. જેમાં પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી લેવાશે. જ્યારે દ્વીતીય સત્રાંત કસોટી ૭ એપ્રિલથી લેવામાં આવશે. સામયિક મૂલ્યાંકન માટે શાળાઓને સમગ્ર શિક્ષા કચેરી મારફત ધોરણવાર પ્રશ્નબેંક ઓનલાઈન એટેન્ડન્સ પોર્ટલ પર દરેક શાળાને ઈ-મેઈલ આઈડી પર સમયપત્રક મુજબ નિયત તારીખે ઉપલબ્ધ કરાવવામાં આવશે. શાળા શરૂ થવાના સમયના એક કલાક પહેલા પ્રશ્ન બેંક ડાઉનલોડ કરી શકાશે. શિક્ષકોને પ્રશ્ન બેંકમાંથી કસોટીપત્ર બનાવવામાં સરળતા રહે તે માટે શાળાઓને PDFની સાથે Word કોપી પણ મોકલી આપવામાં આવશે. સામયિક મૂલ્યાંકન અંતર્ગત સમયપત્રક મુજબ મૂલ્યાંકનનો સમય શનિવાર સવારે ૮થી ૯ કલાક દરમિયાન રાખવાનો રહેશે. પ્રથમ સત્રાંત પરીક્ષા માટે જૂનથી ઓક્ટોબર સુધીનો અભ્યાસક્રમ ધ્યાનમાં લેવામાં આવશે. દ્વિતીય સત્રાંત પરીક્ષા માટે નવેમ્બરથી માર્ચ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. આ અંગેની માસવાર અભ્યાસક્રમ ફાળવણી જીસીઈઆરટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવેલી છે. ચાલુ વર્ષ પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષામાં ધોરણ-૩ અને ધોરણ-૪માં અંગ્રેજી વિષયનો સમાવેશ કરવામાં આવશે. તેનું મૂલ્યાંકન માળખુ અન્ય વિષયની જેમ વાર્ષિક ૨૦૦ ગુણનું રહેશે.

# ગુજરાતમાં વર્ષ-૨૦૨૫માં સિંહની વસ્તી ગણતરી કરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩

દર ૫ વર્ષે રાજ્ય સરકાર દ્વારા સિંહની વસ્તી ગણતરી કરવામાં આવતી હોય છે. ત્યારે વર્ષ ૨૦૨૫માં સિંહની વસ્તી ગણતરી કરવામાં આવશે. છેલ્લા વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૦માં સિંહોની સંખ્યા ૬૪૭ નોંધાઈ હતી. આ અંગે પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફિસર નીત્યાનંદ શ્રીવાસ્તવએ જણાવ્યું હતું કે આગામી વર્ષ ૨૦૨૫માં સિંહની વસ્તી ગણતરી કરવામાં આવશે. ગત વર્ષે કોરોનાકાળમાં વર્ષ ૨૦૨૦માં સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. કોરોનાકાળના કારણે વધારે લોકો તેમાં ભાગ લઈ શક્યા ન હતા. પરંતુ આગામી વસ્તી ગણતરીમાં દેશભરની એનજીઓ અને વિવિધ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટીટ્યુટના અધિકારીઓ સિંહની વસ્તી ગણતરીમાં ભાગ લઈ શકશે. વધુમાં તેઓએ જણાવ્યું કે હાલમાં ભારત સરકાર દ્વારા ત્રણ જગ્યા પર ઝૂ સફારી બનાવવાની પરમિશન આપવામાં આવી છે. જેમાં કોટેશ્વર, કેવડિયા કોલોની અને માંડવીના નલિયામાં ઝૂ સફારી બનાવવાની મંજૂરી સેન્ટ્રલ ઝૂ અર્થોરિટી દ્વારા આપવામાં આવી છે. જે બાબતની કામગીરી સુપ્રીમ કોર્ટમાંથી ઓર્ડર મળ્યા બાદ કરવામાં આવશે. બીજી તરફ કચ્છમાં ચિત્તા બ્રિડીંગ સેન્ટર બનાવવામાં આવશે. ઉપરાંત કચ્છ ચિત્તાઓ માટે અનુકૂળ જગ્યા હોવાના કારણે વિવિધ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ભારત સરકાર દ્વારા ચીત્તો મોકલવામાં આવ્યા બાદ બ્રિડિંગ શરૂ કરવામાં આવશે.

# કેન્દ્રીય બજેટને સામાન્ય લોકો માટે જમાઅતે ઈસ્લામી હિન્દે નિરાશાજનક ગણાવ્યું

## મદ્રેસાના વિદ્યાર્થીઓને શાળાઓમાં સ્થળાંતરિત કરવાનું બંધારણીય રીતે ખોટું




અમદાવાદ, તા.૩

જમાઅતે ઈસ્લામી હિન્દના અમીર સૈયદ સઆદતુલ્લાહ હુસૈની દ્વારા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે "કેન્દ્ર સરકારનું તાજેતરનું બજેટ ૨૦૨૪-૨૫ નાગરિકોની આશાઓ પર ખરું ઉતરતું નથી. આ બજેટમાં ગરીબો, પછાત વર્ગો, એસસી, એસટી અને અલ્પસંખ્યકો માટે કઈ ખાસ રાહત દેખાતી નથી. આરોગ્ય માટે જીડીપીના ઓછામાં ઓછા ૪% અને શિક્ષણ માટે ૬% ફાળવણી થવી જોઈએ, પરંતુ હાલમાં તે અનુક્રમે ૧.૮૮% અને ૩.૦૭% છે. અલ્પસંખ્યક બાબતોના મંત્રાલય માટે કુલ બજેટમાં માત્ર ૦.૦૬% જ ફાળવવામાં આવ્યું છે. જ્યારે કે અલ્પસંખ્યકોના કલ્યાણ માટે જીડીપીના ઓછામાં ઓછા ૧% ફાળવણી થવી જોઈએ. તેમણે સરકારને અપીલ કરી હતી કે દેશમાં બિનવ્યાજુ માઈક્રો ફાઈનાન્સ અને વ્યાજમુક્ત બેંકિંગ સિસ્ટમને પ્રોત્સાહન આપવામાં આવે. આનાથી એક તરફ અર્થવ્યવસ્થાને વેગ મળશે અને બીજી તરફ રોજગારની તકો પણ સર્જાશે અને સામાજિક અસમાનતામાં ઘટાડો થશે. 'બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ (રેગ્યુલેશન) બિલ ૨૦૨૪' પર પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું હતું કે, "સામાન્ય લોકો, ખાસ કરીને કન્ટેન્ટ ક્રિએટર્સમાં ચિંતા જોવા મળી રહી છે. આનાથી સેન્સરશીપ અને પ્રેસ પર પ્રતિબંધોના માર્ગો ખુલવાની શકયતાઓ ઊભી થઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં મદ્રેસાઓની ઓળખ બદલવા અને વિદ્યાર્થીઓના અભ્યાસમાં દખલ કરવાના પ્રયાસો સામે વાત કરતા જમાઅતના અમીરે કહ્યું હતું કે 'ધાર્મિક શિક્ષણ મેળવવું દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે અને આનાથી સમાજનું કલ્યાણ થાય છે. આવી સ્થિતિમાં સરકાર કે તેના કોઈ વિભાગને આ અધિકાર નથી કે તેઓ મફતમાં શિક્ષણ મેળવતા મદ્રેસાના વિદ્યાર્થીઓને જબરદસ્તી સરકારી શાળામાં દાખલ કરે. ઈઝરાયેલની બર્બરતા વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે, ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓ પર થતાં નરસંહાર અને બર્બરતા સામે વિશ્વના સદાચારી લોકો પેલેસ્ટીન સાથે છે. કેરળના વાયનાડ જિલ્લામાં થયેલા ભૂસ્ખલનની દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કરતા જમાઅતના પ્રમુખે જણાવ્યું હતું કે 'જમાઅતના તાલીમ પામેલા કાર્યકર્તાઓ સતત બચાવ અને રાહત કાર્યમાં લાગેલા છે.

### મહીસાગરના બાલાસિનોર ખાતેથી રાજ્યવ્યાપી ઈ-લોકાર્પણ

# રાજ્યની ૩૨ પાલિકાઓને સિટી સિવિક સેન્ટર્સની ભેટ આપતા મુખ્યમંત્રી પટેલ

## અગાઉ ૨૨ પાલિકામાં કાર્યરત કરાયા બાદ હવે વધુ ૩૨ સેન્ટર્સ શરૂ કરાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરપાલિકા વિસ્તારોમાં રહેતા શહેરીજનોને ૩૨ સિટી સિવિક સેન્ટર્સની મહિસાગર જિલ્લાના બાલાસિનોર ખાતેથી ભેટ આપી હતી. નગરોમાં વસતા નાગરિકોને મ્યુનિસિપલ સેવાઓ એક જ સ્થળેથી સરળતાએ મળી રહે તેવે સિટિઝન સેન્ટ્રિક સર્વિસીસથી ઈઝ ઓફ લિવિંગનો આશય આ સિટિ સિવિલ સેન્ટર્સની સ્થાપનામાં રહેલો છે.

નાગરિકોના વિવિધ પ્રશ્નોના નિવારણ માટે ઓછામાં ઓછો સમયગાળો રહે એટલું જ નહિ નગરપાલિકા વિષયક ઓનલાઈન સુવિધા સરળતાએ મળે તે માટે "વન સ્ટોપ શોપ" તરીકે આ સિટી સિવિક સેન્ટર્સ કાર્યરત કરવામાં આવ્યા છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે આ સિટી સિવિક સેન્ટર્સનો વિચાર અમલી કરવા આવ્યા બાદ ૨૨ પાલિકાઓમાં પ્રથમ તબક્કે આવા સિટી સિવિક સેન્ટર કાર્યરત કરાયા હતા. ૨૦૨૩-૨૪ના વર્ષમાં બીજા તબક્કામાં વધુ ૬૬ પાલિકાઓમાં પ્રથમ સિટી સિવિક સેન્ટરની મંજૂરી આપવામાં આવી છે. સમગ્રતયા ૯૩.૭૬ કરોડના અંદાજીત ખર્ચે ગુજરાત શહેરી વિકાસ નિગમ દ્વારા આ કાર્યરત થવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ શૃંખલામાં રૂા.૪૫.૪૭ કરોડના ખર્ચે ૩૨ પાલિકાઓમાં સિટી સિવિક સેન્ટર્સનો કાર્યારંભ કરાવ્યો હતો. આ લોકાર્પણ વખતે રાજ્યોમાં ૩૨ સ્થળે આયોજિત કાર્યક્રમમાં રાજયમંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો અને પદાધિકારીઓ પણ જોડાયા હતા. શહેરીજનોની સુખ સુવિધામાં વૃદ્ધિ કરવાના સરકારના સંકલ્પને સાર્થિક કરતા આવા સિટી સિવિક સેન્ટર્સમાં મિલકત વેરા, હોલ બુકિંગ, વેરા આકારણી, લગ્ન નોંધણી, વ્યવસાય વેરા, જન્મ મરણના દાખલા, ગુમાસ્તાધારા પરવાના અને અન્ય ફરિયાદોની અરજીને લગતી કામગીરી કરવામાં આવે છે. આ ૩૨ સિટી સિવિક સેન્ટર્સના લોકાર્પણના આ દ્વિતીય તબક્કામાં બાલાસિનોર ઉપરાંત પાટડી, કપડવંજ, બોટાદ, ઠાસરા, જેતપુર, ગોંડલ, સિક્કા, ઓખા, પાટણ, સિદ્ધપુર, ઊંઝા, ધાનેરા, માણસા, શહેરા, હાલોલ, આણંદ, પેટલાદ, સંતરામપુર, ઝાલોદ, ધરમપુર, જંબુસર, બારડોલી, બિલિમોરા, સોનગઢ, મહુવા, કોડિનાર, વિસાવદર, બાબરા, પાલિતાણા અને માંગરોળ પાલિકાઓનો સમાવેશ થાય છે.

# વડોદરા-હાલોલ હાઈવે પર પાંચ વાહનો વચ્ચે અકસ્માત : દંપતીનું મોત, અન્ય ત્રણ ઈજાગ્રસ્ત

## બે ટ્રક પલટી ખાઈ જતાં અન્ય વાહનો કચડાયાં, અકસ્માત બાદ ૩થી ૪ કિલોમીટર સુધી ટ્રાફિકજામ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩

વહેલી સવારે વાઘોડીયાના જરોદ ગામે પાસે એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જે કોઈ ફિલ્મના દ્રશ્યથી કમ ન હતો. જેમાં બે સામાન ભરેલી ટ્રકો વચ્ચે ટક્કર સર્જાતા બંને ટ્રક પલટી ખાતા ૩ વાહનો દબાઈ ગયા હતા. જેમાં કારનો ભુક્કો નિકળી ગયો હતો અકસ્માતમાં એક દંપતીનું મોત નિપજ્યુ હતું અકસ્માતના પગલે હાલ વડોદરા-ટોલમાર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા હાલો રોડ પર આવેલા વાઘોડીયાના જરોદ ગામ પાસે એકસાથે ૫ વાહનો અકસ્માતનો ભોગ બન્યા હતા. જેમાં ૨ વ્યક્તિના મોત નિપજ્યા છે. આજે વહેલી સવારે સામાન ભરેલી લોડીંગ બે ટ્રકો વચ્ચે અકસ્માત સર્જાતા બંને ટ્રક પલટી ખાઈને ૩ વાહનો પર પડી હતી. અકસ્માતમાં વાહનો એકબીજા પાછળ અથડાયા હતા. એકસાથે પાંચ વાહનો ટકરાતા વચ્ચે રહેલી ઈક્કો કારનો ભૂક્કો બોલી ગયો હતો. ઈકો કાર વાહનો વચ્ચે ચગદાઈ જવાથી અંદર સવાર જરોદ ગામના રહેવાસી નરેશભાઈ ભીમજીભાઈ ડોડિયા (ઉ.વ.૩૫) અને તેની પત્ની ધર્મિષ્ઠાબેનનું મોત થયું હતું. ઈકો કાર સાથે નરેશભાઈ રોડ ક્રોસ કરતા હતા તે વખતે અકસ્માત નડ્યો હતો. હેવી લોડર ટ્રક, પાણીનુ ટેન્કર, ઈકો કાર, રિક્ષા અને કિયા કાર આમ પાંચ વહાનો વચ્ચે અકસ્માત થયો હતો. ઘટનાને પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા. તેમજ જરોદ પોલીસ, ફાયર બ્રિગેડ સહિતે બચાવ કામગીરી હાથ ધરી હતી. અકસ્માત થતા વાહનોની લાંબી કતારો લાગી હતી. અકસ્માતમાં અન્ય ત્રણ વાહનચાલકોને નાની-મોટી ઈજા પહોંચી હતી. જ્યારે એક વૈભવી કાર ની અકસ્માત સમયે એર બેગ ખુલી જતાં પાંચ વ્યક્તિ નો આબાદ બચાવ થયો હતો.



**હાલોલ-વડોદરા હાઈવે પર પાંચ વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બે વ્યક્તિઓનાં મોત નીપજયા હતા. તસવીરમાં અકસ્માત બાદ હાઈવે પર ગાડીઓના કચ્ચરઘાણ વળી ગયા હતા. (તસવીર : અતિક શેખ, વડોદરા)**

# ફાયર સેફટીને લઈ સ્કૂલોમાં તપાસ કરવા માટે આદેશ અપાયો

## ૩૧ જુલાઈની સ્થિતિએ સ્કૂલોની યાદી અદ્યતન કરી મોકલવા માટે સૂચના

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૩

રાજ્યની સ્કૂલોમાં ફાયર એનઓસીને લઈને તપાસ કરવામાં આવ્યા બાદ હવે ફરીવાર ફાયર સેફ્ટીને લઈને તપાસ કરવામાં આવશે. ૩૧ જુલાઈની સ્થિતીએ ફાયર સેફ્ટીની સ્થિતી દર્શાવતી વિગતો તૈયાર કરવા માટે કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સુચના આપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટમાં ગેમ ઝોનમાં થયેલી હોનારત બાદ સમગ્ર રાજ્યમાં ફાયર સેફ્ટીને લઈને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં રાજ્યમાં આવેલી સ્કૂલો અને પ્રિ-સ્કૂલોમા પણ તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં ફાયર સેફ્ટીને લઈને અનેક સ્કુલો સીલ પણ કરવામાં આવી હતી. આમ, રાજ્યમાં તમામ સ્કૂલોમાં ફાયર સેફ્ટીને લઈને ચકાસણી કરવામાં આવ્યા બાદ હવે ફરી એકવાર કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા સ્કૂલોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા બાબતે ચકાસણી કરવા માટે આદેશ કર્યો હોવાનું જાણવા મળે છે. કમિશનર ઓફ સ્કૂલની કચેરીએ રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા બાબતે ચકાસણી કરી માહિતી મોકલી આપવા શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ આદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ હવે ૩૧ જૂલાઈ, ૨૦૨૪ની સ્થિતીએ અદ્યતન માહિતી મોકલી આપવા માટે હવે સુચના આપવામાં આવી છે. જેના અનુસંધાને રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓએ ૩૧ જુલાઈની સ્થિતીએ નિયત કરવામાં આવેલા પત્રકમાં માહિતી રજૂ કરવાની રહેશે. તપાસ બાદ શાળાઓની વિગતો અનુસારની શાળાના નામ સહિતની વિગતવાર યાદી DEO કચેરી દ્વારા તૈયાર કરીને મોકલવાની રહેશે તેમ પણ જણાવાયું છે. જે સ્કૂલોએ ફાયર એનઓસી માટે અરજી કરી હોય તેવી સ્કૂલોની વિગતો અલગથી દર્શાવવાની રહેશે. જ્યારે જે સ્કૂલોએ હજુ સુધી ફાયર વિભાગ પાસેથી એનઓસી લેવા માટે અરજી કરી ન હોય તે સ્કૂલોની વિગતો અલગથી દર્શાવવા માટે તાકીદ કરાઈ છે.

## અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો


| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | તારીખ | ભાવ |
|---|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. ૨૬.૦૦ | ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. ૩૧.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. ૨૬.૦૦ | ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. ૩૪.૨૫ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. ૨૫.૦૦ | ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. ૪૯.૫૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. ૨૫.૦૦ | ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. ૭૦.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. ૨૬.૫૦ | ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. ૭૨.૦૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. ૨૮.૦૦ | ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. ૫૨.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. ૨૮.૭૫ | ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. ૫૨.૦૦ |
| | | ૪ ઓગસ્ટ-૨૦૨૪ | રૂા. ૫૧.૦૦ |


૩૪માં વર્ષમાં પ્રવેશતા
ગુજરાત ટુડે દૈનિકને
હાર્દિક શુભકામના
એક શુભેચ્છક
ધાનેરા જી. બનાસકાંઠા

ગુજરાત ટુડે ગુજરાતમાં ઘણા વર્ષોથી શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે ખુબ જ સારૂ કામ કરી રહ્યું છે. જેનાથી સમાજને ઘણો ફાયદો થયો છે.
ગુજરાત ટુડે ૩૪માં વર્ષમાં પ્રવેશ કરે છે.
આ પ્રસંગે અમારી હાર્દિક શુભેચ્છાઓ.
આશિયા ઈંગ્લીશ સ્કૂલ
(STD 1 to 12)
દાણીલીમડા, અમદાવાદ
(ફાઉન્ડર)
શહીદ બદરૂદ્દીન શેખ
સમીર શેખ (ડાયરેક્ટર)

છીપા વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન
તાજપુર નવી મસ્જિદ, જમાલપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.
54 વર્ષથી કન્યા કેળવણી ક્ષેત્રે અગ્રેસર છીપા વેલ્ફેર ગર્લ્સ હાઈસ્કૂલ સતત 25 વર્ષથી H.S.C. બોર્ડ પરીક્ષાઓમાં 100% પરિણામ મેળવે છે.
અંગ્રેજી માધ્યમમાં સતત 4 વર્ષથી S.S.C. બોર્ડ પરીક્ષાઓમાં 90% પરિણામ મેળવે છે.
ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળા
આધુનિક તબીબી સાધનોથી સજ્જ
છીપા વેલ્ફેર જનરલ હોસ્પિટલ
દ્વારા રાહત દરે તબીબી સેવાઓ ઉપલબ્ધ.
છીપા વેલ્ફેર ડેન્ટલ ક્લિનીક
"ગુજરાત ટુડે ૩૪માં વર્ષમાં પ્રવેશતા કામ્યાબીના તમામ શિખરો સર કરે તેવી શુભેચ્છા"
હોસ્પિટલ ટે.નં. 25350244, 25384143
શાળા ટે.નં. 25354422, 25352605
હનીફભાઈ ઈસ્માઈલભાઈ ખેડાવાલા (પ્રમુખ)
મો.હનીફ ગનીભાઈ ચાણોદવાલા (સેક્રેટરી)


ગુજરાત ટુડે તેના 33 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી
34મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે
એ બદલ હાર્દિક શુભેચ્છા પાઠવું છું



ડો. નસીમ જી. કાદરી
(નસીમ બાવા)
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ
લેન્ડ કન્સલટન્ટ
૧૧/૧૪૦૫, "સંજર હાઉસ", જાગીરદારની ટેકરી, નાણાવટ, સુરત-૩.
સેલ : ૯૮૭૯૦-૧૧૧૭૧ E.mail : nasimqadri2017@gmail.com

VISHWABHARTI
HIGH SCHOOL, ENGLISH SCHOOL, BAL VIDYALAYA
ENGLISH MEDIUM AND GUJARATI MEDIUM
ગુજરાત ટુડે ૩૪માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે અમારી હાર્દિક શુભેચ્છાઓ.


SCHOOLS
- Nursery | Pre-Primary | Primary | High School

WHY US ?
- Art & Craft Classes
- Recreation Activity
- CCTV Surveillance in School
- Healthy School Environment
- Quality Education From Expert Teachers

CLASSES
- Digital Class and Virtual Class
- Computer Lab.
- Physics, Chemistry and Biology Lab.
- TLM (Teaching Learning Material

ACTIVITIES
- Holistic Development • Life Skills • Values
- Curricular & Co-Curricular Activities
- Training & Workshops for Parents

PLEASE CALL US OR VISIT US FOR MORE DETAILS +91 9924424170
Vishwabharti School, Mill Compound, Shahpur, Ahmedabad-380001

ગુજરાત ટુડે ૩૪માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે અમારી હાર્દિક શુભેચ્છાઓ.

DR. NAKADAR
INSTITUTE OF KNOWLEDGE
GOVT. RECOGNIZED ENGLISH MEDIUM SCHOOL





I Can... I Will !
English Medium : Nursery TO 12th Scince & Commerce
Gujarati Medium : Std 9th TO 12th Science & Commerce
• Transportation • Boys Hostel
• Smart Class Room • Computer Lab
web: www.drnik.net drnik_04 Dr.Nakadar.Institute YouTube
Nandasan, Tal.Kadi, Dist.Mehsana. (M) 9409403410, 9974171842, 9825268450, 9825334051, 9909746338


## AMERICAN FEDERATION OF MUSLIMS OF INDIAN ORIGIN (AFMI)

(U.S.A. & CANADA)
29008, West 8 Mile Road,
Farmington Michigan 48336, U.S.A.

**ગુજરાત ટુડે ૩૪માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે અમારી હાર્દિક શુભેચ્છાઓ.**

ભારતના વિકાસ માટેની ચળવળમાં આફમી હંમેશા 'ગુજરાત ટુડે'ની સાથે છે. આવનારા વર્ષોમાં ગુજરાત ટુડે વધુને વધુ પ્રગતિ સાધે તેવી દુઆ. ગુજરાત ટુડે તેના માહિતીસભર, તટસ્થ અને તથ્યો પર આધારિત સમાચારો દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરી રહ્યું છે. સાથો સાથ 33 વર્ષના ગાળામાં તેમણે માનવ સેવાના અણમોલ કાર્યો કર્યા છે. ગુજરાત ટુડેને પ્રસિદ્ધ કરતા ટ્રસ્ટ દ્વારા ચાલતા સેવાકીય કાર્યો પ્રશંસનીય છે. ચાલો આપણે બધા સાથે મળીને આર્થિક અને માનવીય સ્ત્રોતોના વિકાસના પ્રયાસોથી સમાજને શિક્ષિત કરી તેને ઉપર લાવવા માટે એક ઐતિહાસિક ભૂમિકા અદા કરીએ.

**અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ્સ ઓફ ઈન્ડિયન ઓરિજીન (AFMI)નું એક્ઝિક્યુટીવ બોર્ડ અને ટ્રસ્ટી મંડળ**


Trustees :
Dr. A. S. Nakadar
Dr. Aslam Abdullah | Dr. Tajuddin Ahmed | Dr. M Sana Ulah Khan
Mr. S. M. Ali Quraishi | Dr. Iqbal Ahmed | Dr. Akber Mohammed

મેઘધનુષ
તા.૪-૮-૨૦૨૪
ગુજરાત ટુડે રવિવાર
વાર્ષિક વિશેષાંક

ટ્રસ્ટી મંડળ તરફથી...

# ગુજરાત ટુડે (દૈનિક)ની ૩૩ વર્ષની સફળ રહેલી સફરની આછેરી ઝલક



અસસ્લામો અલયકુમ (વ.વ.)
વહાલા વાચકમિત્રો,

સને-૧૯૮૯માં લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટની કાયદેસરની સ્થાપના થઈ તે પહેલાંથી મુસ્લિમ સમાજના અવાજને બુલંદ કરવા તથા શૈક્ષણિક, સામાજિક, આર્થિક તેમજ રાજકીય જાગૃતિ માટે આપણા પોતાના દૈનિક અખબારનું સ્વપ્ન ટ્રસ્ટના મર્હૂમ ભાઈખાનભાઈ બલોચ સાહબ, સિરાજભાઈ તિરમીજી, અન્ય ટ્રસ્ટીઓ વગેરે અને હાલના ટ્રસ્ટીઓએ દિલપૂર્વક તેને સફળ બનાવવા જબરદસ્ત મહેનત, લોકોનો સહકાર મેળવી સને ૧૯૯૧ની ૨૯ જુલાઈએ 'ગુજરાત ટુડે' દૈનિકની શરૂઆત કરી.

એની શરૂઆત થતાં જ મીડિયાના માધ્યમ દ્વારા સમાજ ઉત્કર્ષના કામોની શરૂઆત ટ્રસ્ટ દ્વારા થઈ અને સમાજમાં કામ કરતા રાજ્યભરના શૈક્ષણિક, સામાજિક ટ્રસ્ટો દ્વારા થતાં કામોને વેગ મળ્યો. લઘુમતી સમાજની શૈક્ષણિક, સામાજિક તેમજ અન્ય પ્રગતિ માટે દૈનિકે વખતો વખત અહાલેક જગાડ્યો અને હજીય જગાડતું રહેશે.

ટ્રસ્ટે 'ગુજરાત ટુડે'ના માધ્યમથી શૈક્ષણિક સહાયથી અત્યાર સુધીમાં પાંચેક હજાર જેટલા વિદ્યાર્થીઓને હાયર એજ્યુકેશન માટે પ્રોત્સાહિત કર્યા, જેમાંથી ચારેક હજાર જેટલા છોકરા-છોકરીઓ ડોક્ટર, એન્જિનિયર, ફાર્માસિસ્ટ, એર પાયલોટ, સી.એ., નર્સિંગ, વગેરેમાં પગભર થઈ ખુદ્દારીપૂર્વક પોતાની રોજી-રોટી મેળવી રહ્યા છે. એજ રીતે મેડિકલ ક્ષેત્રે કીડની વાલ્વ જેવા જંગી ખર્ચે થતાં ઓપરેશનો (૧૯૫ જેટલા કોઈપણ જાતના ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર) ટ્રસ્ટના નેજા હેઠળ કરાવાયા. ઉપરાંત આસમાની-સુલતાની આફતવેળા ટ્રસ્ટે, ગુજરાત ટુડે દૈનિકે તેની ફરજ બરાબર રીતે નિભાવી છે, નિભાવતું રહેશે.

દૈનિક શરૂ કરાયું એ વેળા અત્યારનું મકાન ટ્રસ્ટે ભાડેથી લીધેલું, પણ સમય જતાં ટ્રસ્ટે ખરીદી લઈ તેને સુંદર બે માળના મકાનમાં તબદીલ કર્યું. બ્લેક એન્ડ વ્હાઈટમાં છપાતા દૈનિકને બદલે પ્રથમ ચાર પેજ કલર પ્રિન્ટીંગ મશીનરી અને ત્યાર બાદ છ પેજ કલર પ્રિન્ટીંગ, અદ્યતન પ્લેટ મેકિંગ મશીન વગેરેથી પ્રેસને સજ્જ કર્યું. ટ્રસ્ટ દ્વારા ચલાવાતા દૈનિકમાં જ અનુભવ લઈને સંખ્યાબંધ યુવા પત્રકારો ગુજરાતના અન્ય પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક મીડિયામાં પહોંચ્યા છે. આજે પણ સમાજના યુવા ધનને મીડિયા માટે પ્રોત્સાહિત કરીને તૈયાર કરવાનું કામ 'ગુજરાત ટુડે' દ્વારા ચાલુ છે. ટ્રસ્ટના કોઈપણ ટ્રસ્ટી પહેલેથી પગાર લેતા નથી. ફક્ત અને ફક્ત સમાજ સેવાના કામને દિલપૂર્વક પ્રાધાન્ય આપે છે. વળી સમાજના અગ્રણી તેમજ અન્યોને વખતોવખત પ્રેરણા મળે તે માટે દર વરસે વિચાર ગોષ્ઠિ તથા સેમિનારો, દશાબ્દિ, દ્વિ-દશાબ્દિ, તથા ૨૫ વર્ષ થતાં - સિલ્વર જ્યુબિલીની ઉજવણી સમગ્ર ગુજરાતના દૈનિકના ચાહકો સાથે દેશના ચિંતનશીલ મહાનુભાવોના વક્તવ્યો સાંભળીને કરાઈ.

વાપી, નવસારીથી લઈ પોરબંદર, વેરાવળ, માંગરોલના વિસ્તારો સુધી 'ગુજરાત ટુડે' પોતાનો પરચમ લહેરાવી લોકોના પ્રશ્નોને ઉમદા કામગીરીને વાચા આપવા સાથે ન્યાય માટે લોકશાહી ઢબે મક્કમતાપૂર્વક લડવા વિચારોનું બળ પૂરૂં પાડે છે. ઈસ્લામિક જગતના સમાચારો ખાસ પ્રસિધ્ધ કરે છે. દૈનિકના માધ્યમથી દેશની એક્તા અખંડિતતા સાથે કોમી એક્તાની પ્રવૃત્તિઓને ખાસ પ્રોત્સાહિત કરાય છે. દૈનિકની કોમી એકતાની કોલમ 'સંબંધો હજીય મહેકે છે.' પુસ્તક સ્વરૂપ પ્રગટ થતાં જ તેને કોમી એકતા એવોર્ડ (૧૯૯૬) અને ગુજરાત સરકાર તરફથી દૈનિકના તંત્રીશ્રીને 'શ્રેષ્ઠ તંત્રીલેખ' એવોર્ડ (૧૯૯૪-૯૫)માં મળ્યો. ઉપરાંત શેખાદમ આબુવાલા ટ્રસ્ટ તરફથી તંત્રીશ્રીને શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ મળ્યો તથા 'ગુજરાત ટુડે'ના પત્રકારોએ ક્રિકેટ ક્ષેત્રે વરસો સુધી પ્રથમ નંબરે એવોર્ડ મેળવ્યો છે. ટૂંકમાં સમગ્ર ગુજરાતમાં આ એક જ એવું ટ્રસ્ટ છે જે સમાજના સૌ વિવિધ વર્ગોનું પ્રતિનિધિત્વ કરીને કામ કરે છે. પ્રજાને થતા અન્યાય તથા લઘુમતી સાથે થતા ભેદભાવને કોઈપણ જાતના ડર વગર નીડરતાથી ઉજાગર કરે છે, કરતું રહેશે. આવું અસાધારણ કાર્ય આપ સૌના સાથ-સહકાર વગર આટલી સરસ સફળતાથી ન કરી શક્યા હોત; હવે પછી પણ એને ઉત્સાહપૂર્વક આગળ વધારવા આપ (દેશ-વિદેશમાં વસતા) સૌકોઈ બમણા વેગથી તન, મન, ધનથી સાથ સહકાર આપશો એવી દિલી અપેક્ષાઓ, સાથે આપ સૌના સહકાર બદલ ટ્રસ્ટ ખૂબ ખૂબ આભાર માનતાં ગૌરવની લાગણી અનુભવે છે.

આભાર સહ.....

**ટ્રસ્ટી મંડળ**
**લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ**
**તથા ગુજરાત ટુડે પરિવાર**
સરનામું :- ૩૩/૧, શાહ-એ-આલમ અમદાવાદ-૩૮૦૦૨૮
ફોન.૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧, ૨૫૩૨૮૮૨૫, ૨૫૩૩૨૮૨૦
E-mail : gujarattodaydaily@gmail.com,
website : www.gujarattoday.in

ગુજરાત ટુડે (દૈનિક) 33 વર્ષ પૂર્ણ કરી
34માં વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છાઓ
ઇ.ઇ. દાવજી મેમોરિયલ હાઇસ્કૂલ
મુ.તરસાડી, કોસંબા (R.S) જિલ્લા


સજીલા આર. નાયર
(પ્રિન્સિપાલ અંગ્રેજી માધ્યમ)



કલ્પના બેન સોલંકી
(પ્રિન્સિપાલ, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક વિભાગ ગુજરાતી માધ્યમ)


યાસ્મિન કાગદી
(પ્રિન્સિપાલ, પ્રાયમરી સેક્શન, ગુજરાતી માધ્યમ)


આદ્યસ્થાપક- ઇબ્રાહીમ યુનુસ દાવજી

શિક્ષકગણ તથા સ્ટાફ
ઇ.ઇ. દાવજી મેમોરિયલ હાઇસ્કૂલ

ગુજરાત ટુડે (દૈનિક) 33 વર્ષ પૂર્ણ કરી
34માં વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છાઓ
ઇકરા સ્ટડી સેન્ટર, કોસંબા


આરઝૂ સોસાયટી. દાદરી. તરસાડી. કોસંબા.


આદ્યસ્થાપક- ઇબ્રાહીમ યુનુસ દાવજી

ઇકરા સ્ટડી સેન્ટર


ગુજરાત ટુડે (દૈનિક)ને 33 વર્ષ પૂર્ણ કરી 34માં વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા
એક શુભેચ્છક
વાપી

With Best Compliments From
आदर्श इंग्लिश मीडियम स्कूल
नर्सरी एल.के.जी. यू.के.जी.
प्राथमिक : 1 TO 8


विक्रम सर Mob.:99986 08812, 99981 58068, 97268 56047
शुभम कोम्पलेक्ष, सोनम सोसायटी के पास, राजपीपला रोड, अंकलेश्वर-393002. जिला भरुच.
E-mail : raj.krisal@gmail.com

તટસ્થ અને તથ્યો પર આધારિત સમાચાર દ્વારા આગવી ઓળખ ઊભી કરનાર ગુજરાત ટુડેને ૩૪માં વર્ષમાં પ્રવેશવા બદલ અભિનંદન
વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી
(ખેડા જિલ્લા)
બી ૧૨ સમીર કોમ્પ્લેક્સ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સામે મરીડા રોડ નડિયાદ-387001
: પ્રમુખ :
મુઝમ્મિલખાન પઠાણ
ખેડા જિલ્લા નડિયાદ, મો.9904778600

ગુજરાત ટુડેને ગૌરવવંતા 33 વર્ષ પૂર્ણ થવા પર શુભેચ્છાઓ


હરસ મસા ભગંદર
પેશન્ટ હાઉસ હોસ્પિટલ
લેસર સર્જરી સેન્ટર
8264004142....9033059513
પાલડી, અહમદાબાદ


તટસ્થ અને તથ્યો પર આધારિત સમાચાર દ્વારા આગવી ઓળખ ઊભી કરનાર 'ગુજરાત ટુડે'ના ૩૪મા વર્ષમાં પ્રવેશવા બદલ અભિનંદન
ઐયુબખાન પઠાણ
ચેરમેન
ખેડા જિલ્લા કોંગ્રેસ માયનોરિટી ડિપાર્ટમેન્ટ
ગાજીપુર, નડિયાદ
મો.9925881303

With Best Compliments from
HERANBA® INDUSTRIES LIMITED
S.K SHETTY Chairman
R.K SHETTY Managing Director
: Corporate Office :
Fortune Avirahi, A-Wing,
2nd Floor, Jain Derasar Lane,
Borivali - West, Mumbai - 400092.
Tel : + 91 22 - 50705050 / 2898 2133/ 7912 / 7914 Web : www.heranba.co.in

ગુજરાત ટડે (દૈનિક)ને ૩૩ વર્ષ પૂર્ણ કરી ૩૪મા વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છાઓ


મહમદભાઈ ભાણા પટેલ (પ્રમુખ) -- સઇદભાઈ દરસોત (સેક્રેટરી)
ટ્રસ્ટી મંડળ, સંસ્થાના ડાયરેક્ટર તથા સ્ટાફ
ધી. સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત
એ.વાય. દાદાભાઈ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ
કોસંબા – મહુવેજ રોડ, કોસંબા- ૩૯૪૧૨૦, જિ. સુરત.

લોકહિત આશય સાથે ગુજરાત ટુડે ૩૪માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે અમારી હાર્દિક શુભેચ્છાઓ.
એફ.ડી.શિક્ષણ પરિવાર
ઇલ્મ વ અમલ કા શૌક બઢાતે રહેંગે હમ
સોતે હુવે દિલોં કો જગાતે રહેંગે હમ
કે.જી. થી ઉચ્ચતર માધ્યમિક (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) શાળાઓ તેમજ ઉચ્ચ શિક્ષણ માટે ઉપલબ્ધ સંસ્થા સંચાલિત કોલેજો
(૧) એફ.ડી. આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ફોર વિમેન, જમાલપુર
(૨) એફ.ડી.કોલેજ ઓફ સાયન્સ, મક્તમપુર, સરખેજ રોડ
(૩) એફ.ડી.(મુબીન) ઈન્સ્ટીટ્યૂટ ઓફ એન્જિનીયરિંગ એન્ડ ટેકનોલોજી (પોલિટેકનિક), બહિયલ, તા.દહેગામ, જિ.ગાંધીનગર
એફ.ડી.એજ્યુકેશન સોસાયટી
એફ.ડી.કોલેજ રોડ, જમાલપુર ગેટ, અહેમદાબાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૯૧૧૧૨
E-mail : fdedusoc@yahoo.com | Web : www.fdesahmedabad.in

# વિદ્યાર્થી, નોકરિયાતો અને વ્યવસાયિકો માટે વર્કશોપ્સ, સેમિનાર અને ઓનલાઇન કોર્ષ કેટલા અસરકારક ?

**આવા કાર્યક્રમોમાં સામેલ થઇને એક્સપર્ટ તરીકે માહિતી આપનાર વ્યક્તિ જે-તે ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવતા હોય છે. તેઓને ઊંડું જ્ઞાન હોય છે અને પ્રેક્ટિકલી ગ્રાઉન્ડ લેવલે શું ચાલી રહ્યું છે અને તેને કેવી રીતે પહોંચી વળવું તે બાબતે અનુભવ હોય છે. આથી તમને તેમના બહોળા અનુભવનો લાભ મળે છે. આથી જ્યારે તમારે કોઇ પ્રશ્ન આવે તો મુખ્યત્વે તેના માટે વિચાર કે બીજાને પૂછવાની કે રેફરન્સ શોધવાની જરૂર નથી. કારણ કે અગાઉથી જ જાણકારી મળી ચૂકી હોય છે. આ સાથે તમે તમારા જ્ઞાનનો લાભ તમારી સાથે અથવા તમારા હાથ નીચે કામ કરતા વ્યક્તિઓને પણ આપી શકો છો. સેલ્ફ માર્કેટીંગ અને નેટવર્કિંગ સાથે બજારના પ્રવાહોની માહિતી મળી રહેતી હોય છે.**

## હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

મિત્રો આજે આપણે એવા એક વિષય ઉપર વાત કરવાની છે કે જે અભ્યાસ ઉપરાંત તમારામાં પ્રેક્ટીકલ અને પ્રવર્તમાન પ્રવાહો વિશે વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને વ્યવસાયિકોને એક અલગ લેવલનું જ્ઞાન આપે છે. આ બાબતે યુવા મિત્રોએ વિચાર કર્યો હશે કે નહી તે એક મોટો પ્રશ્ન છે. પરંતુ હાલમાં શિક્ષણથી લઇને વ્યવસાયિક ક્ષેત્રમાં વર્કશો, સેમિનાર અન વિષયને લગતા પ્રવચનોનું ખૂબ જ મોટા પાયે આયોજન કરવામાં આવી રહ્યું છે. તે ઓનલાઈન પણ હોઈ શકે અને ઓફલાઈન પણ હોઈ શકે. કોઈ સંસ્થા દ્વારા વિનામૂલ્યે હોઈ શકે અને પેઈડ પણ હોઈ શકે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે આ બધા કાર્યક્રમો તમને કેટલા મદદરૂપ થઈ શકે અને આવા કાર્યક્રમો અસરકાર હોય છે? તમારી કારકિર્દીને નવી ઉંચાઇ ઉપર લઇ જવા માટે પૂરતા અસરકાર છે કે નહિ તે તમામ બાબતો વિચાર માંગી લે તેવી છે. આથી આજે આપણે આ વિષય ઉપર ચર્ચા કરીશું.



**શું હોય છે વર્કશોપ, સેમિનાર કે ઓનલાઈન કોર્ષ**

**વર્કશોપ :** જો એકદમ સરળ ભાષામાં સમજાવું તો વર્કશોપનો આમ તો મતલબ થાય છે કારખાનું. પરંતુ શિક્ષણ અને કારકિર્દીની ભાષામાં તેનો મતલબ છે કાર્યશાળા. તેનો હેતુ તેમાં ભાગ લેનારાઓને નક્કી કરેલા વિષય ઉપર થીયરીકલ અને પ્રેક્ટીકલ જ્ઞાન આપવાનો હોય છે. આ વર્કશોપ કોઈપણ વિષય ઉપર હોઈ શકે. શાળા, કોલેજ કે વ્યવસાયીક સ્તરે હોઈ શકે છે. આ વર્કશોપ એકથી ત્રણ દિવસનો હોઈ શકે છે. જેમાં જ્ઞાન, ગમ્મત અને સ્કીલ ડેવલપમેન્ટ હોઈ શકે છે. તેમાં જે-તે ક્ષેત્રના નિષ્ણાતને બોલાવવામાં આવે છે. તેઓ પોતાના આટલા વર્ષોનો અનુભવ અને તેમના દ્વારા કેળવાયેલી આવડત ભાગ લેનારો સાથે શેર કરે છે અને તેમને જ્ઞાન વધારવામાં મદદ કરે છે. ધારો કે, કે રીયલ એસ્ટેટ ક્ષેત્ર માટે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ કે જે રેરાના કાયદા તરીકે ઓળખાય છે અને તે બિલ્ડરો દ્વારા મિલકત ખરીદનારાઓ સાથે કોઈ જાતની છેતરપિંડી ના થાય અને નિયમોનું પાલન થાય તેવા ઉમદા હેતુ માટે બનાવવામાં આવ્યો છે. તેમાં બિલ્ડર દ્વારા રેરાને પોતાના પ્રોજેક્ટની તમામ માહિતી આપવાની હોય છે અને મુખ્યત્વે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા આપવામાં આવે છે. દાખલા તરીકે આ કાયદામાં નવી કોઈ જોગવાઈ આવી હોય તો તેનું નોલેજ આપવા માટે અને કોમ્પલાયન્સ કેવી રીતે કરવું તે બાબત શીખવવા માટે સીએ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પોતાના સભ્યો માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તેને વર્કશોપ કહેવામાં આવે છે. આથી ભાગ લેનારાઓને વિષય વસ્તુનું જ્ઞાન અને આવડત બન્ને મળે છે.

**સેમિનાર :** સેમિનાર એટલે કે ચર્ચાસત્ર, ગોષ્ઠિ, પરિસંવાદ વગેરે કહેવામાં આવે છે. તે મુખ્યત્વે એક દિવસ કે વધીને બે દિવસ હોય છે. આ સેમિનારનું આયોજન મોટા પાયે કરવામાં આવે છે કે જેમાં ઓછામાં ઓછા ૧૦૦ માણસો ભાગ લેતા હોય છે અને વધુ માણસો પણ હોઈ શકે છે તે કાર્યક્રમના આયોજન ઉપર આધારિત હોય છે. તેમાં કોઈ એક વિષય પસંદ કરવામાં આવે છે. તે વિષય ઉપર ભાષણ આપવા માટે જે-તે ક્ષેત્રના નિષ્ણાતોને બોલાવવામાં આવે છે. તેમાં ભાગ લેનારાઓને તેના વિષે સમજ મળે છે અને છેલ્લે પ્રશ્નોત્તરી થાય છે. દાખલા તરીકે પોલીસ વિભાગ દ્વારા કે રાજ્યના કાયદા વિભાગ દ્વારા કેન્દ્ર સરકારે બનાવેલા નવા ત્રણ કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય સાક્ષ્ય સંહિતા અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની સમજ આપવા માટે પોલીસ કર્મચારીઓ કે વકીલો માટે જે કાર્યક્રમ ગોઠવવામાં આવે તો તેને સેમિનાર કહી શકાય. આથી આ સેમિનારમાં સાંપ્રત બાબતે વિષયના નિષ્ણાત દ્વારા સમજ આપવામાં આવે છે. આથી બહોળા વર્ગને લાભ મળી શકે.

**ઓનલાઈન ક્લાસ અથવા વર્કશોપ :** ઓનલાઈન ક્લાસ કે જેને વર્કશોપ પણ કહી શકો તે મુખ્યત્વે શિક્ષણના હેતુ માટે જ હોય છે. કોઈપણ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા વિનામૂલ્યે અથવા તો પ્રોફેશનલ સંસ્થા દ્વારા ફી વસૂલ કરીને તેમાં ભાગ લેવા દેવામાં આવે છે. આ ઓનલાઈન ક્લાસ એક સાથે એક સપ્તાહ કે પખવાડિયા માટે અથવા તો વીકેન્ડમાં કે અલગ - અલગ દિવસોમાં ભાગ પાડીને તેનું આયોજન કરવામાં આવે છે. દાખલા તરીકે કોઈ મેડિકલ એજ્યુકેશન બાબતે કોઈ ઓનલાઈન ક્લાસ રાખવામાં આવ્યા હોય તો ડોક્ટરો કે તે ક્ષેત્રના વ્યવસાયિકોને સમયની અનુકુળતા મળી રહે તેના માટે રાખવામાં આવે છે. આ મુખ્યત્વે હાલના જ્ઞાનમાં વધારો કરવા માટે ઓનલાઈન ક્લાસિસનું આયોજન કરવામાં આવે છે. દાખલા તરીકે કોઈ પ્રોફેશનલ શેફ દ્વારા મિઠાઈ બનાવવાના ઓનલાઈન ક્લાસનું આયોજન કરાયું, કોઈ સ્પર્ધાત્મક પરીક્ષાનું શિક્ષણ આપતી સંસ્થા દ્વારા પરીક્ષાની ટિપ્સ આપવા માટે ક્લાસનું આયોજન કરાયું હોય તો તેને ઓનલાઈન ક્લાસ કહેવામાં આવે છે.

**આવા કાર્યક્રમોથી ફાયદો શું ?**

મિત્રો આ બાબતમાં આમ તો ઉપરનું જો તમે લખાણ વાંચ્યું હશે તો ખ્યાલ તો આવી જ ગયો હશે કે તમારે સ્કીલ કે જ્ઞાન મેળવવું હોય તો તેમાં ભાગ લેવો જોઈએ. પરંતુ જો તમે એવી આશા રાખતા હશો કે મને ટૂંકાગાળામાં જ બધુ જ્ઞાન મળી જાય અને તરત ફાયદો થઈ જાય તો તેવું વિચારી શકાય નહી. કારણ કે આવા કાર્યક્રમોથી તમને લાંબા ગાળે ખૂબ જ ફાયદો રહેતો હોય છે. વળી તમારા જ્ઞાન અને સ્કીલમાં આવડત વધતી હોવાથી તમારા ક્ષેત્રના બીજા લોકોથી વધુ માહિતગાર અને તૈયાર હોવ છો. વળી આવા વર્કશોપ, સેમિનાર કે ઓનલાઈન ક્લાસ ભરવાના કારણે તમને પ્રમાણપત્રો મળતા હોય છે તે તમારી ક્વોલિફીકેશનમાં ઉમેરો કરે છે. કારણ કે આવા કાર્યક્રમોમાં સામેલ થઈને એકસપર્ટ તરીકે માહિતી આપનાર વ્યક્તિ જે-તે ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવતા હોય છે. તેઓને ઊંડું જ્ઞાન હોય છે અને પ્રેક્ટીકલી ગ્રાઉન્ડ લેવલે શું ચાલી રહ્યું છે અને તેને કેવી રીતે પહોંચી વળવું તે બાબતે અનુભવ હોય છે. આથી તમને તેમના બહોળા અનુભવનો લાભ મળે છે. આથી જ્યારે તમારે કોઈ પ્રશ્ન આવે તો મુખ્યત્વે તેના માટે વિચાર કે બીજાને પૂછવાની કે રેફરન્સ શોધવાની જરૂર નથી. કારણ કે અગાઉથી જ જાણકારી મળી ચૂકી હોય છે. આ સાથે તમે તમારા જ્ઞાનનો લાભ તમારી સાથે અથવા તમારા હાથ નીચે કામ કરતા વ્યક્તિઓને પણ આપી શકો છો. ઘણા લોકો તો આવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે બહારગામ કે વિદેશ પણ જતા હોય છે. જેનાથી ભરપૂર લાભ મળતો હોય છે. છેવટે તમને લાંબાગાળે પ્રતિષ્ઠા, આત્મવિશ્વાસ અને સમૃધ્ધિ તરફ દોરી જાય છે. આથી જો તમે તમારા વિષયને લગતા યોગ્ય કાર્યક્રમોમાં ભાગ લો તો તેની એક અલગ જ મઝા છે.

**કોણે ભાગ લેવો જોઈએ ?**

જો તમે અભ્યાસ, ડિગ્રી, અનુભવ કે એક હોદ્દો લઈને બેસી જાવ અને એવું માની બેસો કે મને તો બધુ આવડે જ છે તો તમારી ભૂલ થાય છે. કારણ કે આજના ટેકનોલોજી અને ઝડપી વિશ્વમાં દરેક ક્ષેત્રોમાં નાના-મોટા બદલાવ આવતા જ રહે છે. તે બદલાવ વિશે જાણી અને તેમાં પારંગત થવું જરૂરી છે. ધારો કે તમે એક વકીલ છો અને એવું માની લો કે નવા કાયદા વિશે તો કેસ આવશે ત્યારે અભ્યાસ કરી લઈશું. તો તે બાબત ખોટી સાબિત થાય. જો તમે પહેલેથી જ જ્ઞાન મેળવ્યું હોય તો અસીલને સારી રીતે સમજાવીને તમારામાં લેટેસ્ટ જ્ઞાન છે તે બાબતે તેમના ઉપર અલગ પ્રભાવ પાડી શકો છો. દરેક ક્ષેત્રમાં સમયાંતરે જ્ઞાનમાં વધારો કરતા રહેવું જોઈએ. ધારો કે કોઈ ડોક્ટર ઘૂંટણના ઓપરેશન કરે છે અને તેમાં કોઈ નવી ટેકનોલોજી કે સાધનો આવ્યા અને તે ના શીખે તો તેને અને તેના દર્દીને જ નુકસાન છે. આથી સૌ પ્રથમ તમારે નક્કી કરવું જોઈએ કે તમારે હવે કંઈક નવું શીખવાની જરૂરિયાત છે કે નહી અને શીખવા માટે કોઈ યોગ્ય માધ્યમ છે કે નહી. એવું નથી કે જેટલા આવે તેટલા બધા કાર્યક્રમોમાં ભાગ લઈ લો. પરંતુ તમને લાગે કે કાર્યક્રમના આયોજક અને નિષ્ણાત યોગ્ય છે, તેના વિષયને લગતું તમે કામ કરી રહ્યા છો અને તે બાબત સમજવાથી ફાયદો થાય તેમ છે તો જરૂરથી ભાગ લેવો જોઈએ. એવું પણ નથી કે જેટલા થાય તેટલા બધા વર્કશોપમાં ભાગ લેવો. બીજું કે આવા કાર્યક્રમોમાં ભાગ લો તો નવા નવા કોન્ટેક્ટ મળે છે. નેટવર્કીંગ થાય છે. તમે તમારા વિષે જણાવી શકો અને બીજા વિષે જાણી શકો. માર્કેટમાં શું ચાલી રહ્યું છે અને ક્યાં જઈ રહ્યું છે તેની માહિતી મળી રહે છે. છેવટે ફાયદો તો થવાનો જ છે. જો ઘણી વખત ફી ભરીને પણ ફાયદો થતો હોય તો ચોક્કસ તેવા કાર્યક્રમોમાં ભાગ લઈને સમૃધ્ધિ અને પ્રતિષ્ઠા તરફ આગળ વધી શકો છો.

**ઓલ ધ બેસ્ટ.**

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

E-mail:sahebtoday@gmail.com

# યુ ટ્યુબર્સ અને ઇન્સ્ટાગ્રામર્સ માટે 'અનુપાલન' પ્રસ્તાવિત બ્રોડકાસ્ટ બિલ શું કહે છે

## વિશ્વમાં ગમે ત્યાં ઓનલાઈન સર્જકો અને સ્ટ્રીમિંગ સેવાઓ, ડ્રાફ્ટ બ્રોડકાસ્ટ બિલ દ્વારા પ્રસ્તાવિત નિયમો હેઠળ આવી શકે છે

દેશના સૂચિત બ્રોડકાસ્ટ બિલના નવીનતમ સંસ્કરણ અનુસાર, ઓનલાઈન સ્ટ્રીમિંગ સેવાઓ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને ઓનલાઈન વિડિયો ક્રિએટર્સ, વિશ્વભરમાંથી, ભારતીય માહિતી અને પ્રસારણ મંત્રાલય (MIB)ના નિયમન હેઠળ આવી શકે છે. બિલમાં સૂચિત ફેરફારો પ્રેસ અને સર્જનાત્મક સ્વતંત્રતા માટે નોંધપાત્ર અસરો ધરાવશે. અહીં નોંધાયેલા બિલના કેટલાક પાસાઓની જાણ સૌપ્રથમ હિન્દુસ્તાન ટાઈમ્સ દ્વારા કરવામાં આવી હતી.

યુટ્યુબર્સ અને ઈન્સ્ટ્રાગ્રામર્સ (અને કદાચ ટિકટોક સર્જકો)એ બિલ પસાર થયાના એક મહિનાની અંદર તેમના અસ્તિત્વ વિશે ભારત સરકારને જાણ કરવી પડશે, અને એમેઝોન પ્રાઈમ વિડિઓ, નેટફ્લિક્સ અને ડિઝની+ હોટસ્ટાર જેવી સ્ટ્રીમિંગ સેવાઓ પર અગાઉ લાગુ પડતા ત્રણ સ્તરીય નિયમનકારી માળખા સાથે નોંધણી કરાવવી પડશે.

તેઓએ તેમના પોતાના ખર્ચે સામગ્રી મૂલ્યાંકન સમિતિ પણ બનાવવી પડશે જેને પ્રકાશિત થાય તે પહેલાં તમામ સામગ્રીની તપાસ કરવાની જરૂર પડશે. જે સોશિયલ મીડિયા કંપનીઓ સરકારને તેમના યુઝર્સ વિશેની માહિતી પૂરી પાડતી નથી તેમને ફોજદારી જવાબદારીનો સામનો કરવો પડશે. ખરડાની સૂચનાના એક મહિનાની અંદર સમાચાર શેર કરતા એકાઉન્ટ્સે સરકારને તેમની વિગતો સાથે સૂચિત કરવું જોઈએ અને પ્લેટફોર્મ અથવા અનુયાયીઓની સંખ્યાને ધ્યાનમાં લીધા વિના, ત્રિ-સ્તરીય નિયમનકારી માળખાનું પાલન કરવું જોઈએ.

**બિલ તેના કાર્યક્ષેત્રમાં જાહેરાત નેટવર્કને "જાહેરાત મધ્યસ્થી" તરીકે પણ લાવે છે.**

અપડેટેડ બ્રોડકાસ્ટ બિલનો ડ્રાફ્ટ ગયા અઠવાડિયે પસંદગીના બ્રોડકાસ્ટર્સ, એસોસિએશનો, સ્ટ્રીમિંગ સેવાઓ અને મુખ્ય ટેક ફર્મ્સ સાથે શેર કરવામાં આવ્યો હતો, દરેક કોપી લીકને રોકવા માટે સંસ્થાના ઓળખકર્તા સાથે ચિહ્નિત થયેલ છે. મીડિયાનામાએ બહુવિધ સ્ત્રોતોમાં બિલની સુસંગતતાની પુષ્ટિ કરી છે. મૂળ બ્રોડકાસ્ટ બિલ ગયા નવેમ્બરમાં જાહેર પરામર્શ માટે પ્રકાશિત કરવામાં આવ્યું હતું, પરંતુ નોંધપાત્ર વિસ્તરણ હોવા છતાં, આ સુધારેલું સંસ્કરણ ફક્ત મર્યાદિત પ્રેક્ષકો માટે જ સુલભ છે. મીડિયાનામાએ માહિતી અને પ્રસારણ મંત્રાલયને આ લેખમાં સમાવિષ્ટ મુદ્દાઓને લગતા પ્રશ્નો સાથે મેઈલ કર્યો છે.

**શું થઈ રહ્યું છે, કેમ અને કેવી રીતે થઈ રહ્યું છે તેની સમજણ**

તેના પાછલા ડ્રાફ્ટમાંથી બિલમાં ફેરફારો નોંધપાત્ર રીતે બિલના અવકાશ અને લાગુ થવાને મોટી સંખ્યામાં હિસ્સેદારોને વિસ્તૃત કરે છે, પરંતુ તેમાં કેટલાક અવકાશમાં ઘટાડો પણ છે.

**૧. ડિજિટલ ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ તરીકે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનું નિયમન કરવું**

યુ ટ્યુબર્સ અને ઈન્સ્ટાગ્રામર્સ કે જેઓ જાહેરાતની આવકનો હિસ્સો ચૂકવે છે, અથવા પેઈડ સબ્સ્ક્રિપ્શન્સ સક્ષમ કરે છે, અથવા સંલગ્ન પ્રવૃત્તિઓ દ્વારા તેમની સોશિયલ મીડિયા હાજરીનું મુદ્રીકરણ પણ કરે છે, જો તેઓ સમાચાર અને વર્તમાન બાબતોનું પ્રસારણ કરે છે, તો તેઓને ડિજિટલ ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ તરીકે નિયંત્રિત કરવામાં આવશે.

એ નોંધવું યોગ્ય છે કે બિલ ટિકટોક પરના સર્જકોને પણ આવરી શકે છે, ભલે ભારતમાં એપ્લિકેશન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય, કારણ કે તે લાગુ થવાની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે.

ડિજિટલ ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ તરીકે સંસ્થાને નિયુક્ત કરવા માટે કોઈ ન્યૂનતમ મર્યાદા નથી, અથવા ન્યૂનતમ મર્યાદા બનાવવાની કોઈ યોજના નથી, અને "ઓનલાઈન પેપર, ન્યૂઝ પોર્ટલ, વગેરે"ને લાગુ પડતા સમાન નિયમો સોશિયલ મીડિયા પર વર્તમાન બાબતો, "વ્યવસ્થિત વ્યવસાય, વ્યાવસાયિક, વ્યાપારી પ્રવૃત્તિના ભાગ રૂપે" સમાચાર પોસ્ટ કરનારાઓને પણ લાગુ પડે છે. તેથી એક યુટ્યુબ ચેનલ અથવા પોડકાસ્ટ કે જેમાં ન્યૂઝ કોમેન્ટરી હોય અને જાહેરાતો ચલાવે અથવા બ્લોગ કે જે સમાચારને આવરી લે અને ગૂગલ એડસેન્સને સક્ષમ કરે તે આ બિલ હેઠળ આવરી લેવામાં આવશે. તેઓએ પ્રોગ્રામ કોડ અને જાહેરાત કોડનું પાલન કરવાની જરૂર છે. બિલનું અમારું વાંચન સૂચવે છે કે ઑનલાઈન સર્જકોએ IT નિયમો દ્વારા સ્થાપિત ત્રણ સ્તરીય મિકેનિઝમનું પાલન કરવાની જરૂર છે અને તેમાં શામેલ છે:

- સ્વ-નિયમન જ્યાં IT નિયમો ફરિયાદ અધિકારીને ફરજિયાત કરે છે
- સ્વ-નિયમનકારી સંસ્થા સાથે સાઈન અપ
- અને સરકાર દ્વારા રચિત બ્રોડકાસ્ટ એડવાઈઝરી કાઉન્સિલ

અહીં એક મહત્વપૂર્ણ ફેરફાર એ છે કે બ્રોડકાસ્ટ એડવાઈઝરી કાઉન્સિલ સ્વ-નિયમનકારી સંસ્થાના નિર્ણયો સામેની અપીલો જ સાંભળી શકે છે, બિલનું અમારું વાંચન અને અર્થઘટન સૂચવે છે. IT નિયમો હેઠળ, કોઈ પણ ફરિયાદ માટે ત્રણ સ્તરોમાંથી કોઈ એકને ફરિયાદ કરી શકે છે, જેમાં સીધી સરકારી સમિતિનો સમાવેશ થાય છે.

**પરંતુ અહીં સમાચાર અને વર્તમાન બાબતો શું છે?**

બિલ અનુસાર, તે "નવા-પ્રાપ્ત અથવા નોંધનીય ઑડિયો, વિઝ્યુઅલ અથવા ઑડિયો-વિઝ્યુઅલ પ્રોગ્રામ્સ અથવા લાઈવ પ્રોગ્રામ્સ છે, જેમાં વિશ્લેષણ સહિત, મુખ્યત્વે સામાજિક-રાજકીય, આર્થિક અથવા સાંસ્કૃતિક પ્રકૃતિની તાજેતરની ઘટનાઓ વિશે, અથવા (ii) કોઈપણ પ્રસારિત અથવા બ્રોડકાસ્ટિંગ નેટવર્ક પર પુન:પ્રસારિત થાય છે, જ્યાં આવા કાર્યક્રમોનો સંદર્ભ, હેતુ, આયાત અને અર્થ સૂચવે છે;

અપડેટ કરાયેલા બિલમાં ખાસ કરીને પ્રતિકૃતિ ઈ-પેપર્સને બાકાત રાખવામાં આવ્યા છે, જે અગાઉની ભાષામાંથી બદલાવ દર્શાવે છે જેમાં "અખબારોના પ્રકાશકો અને આવા અખબારોના પ્રતિકૃતિ ઈ-પેપર" બંનેને બાકાત રાખવામાં આવ્યા હતા. વધુમાં, ડ્રાફ્ટ બિલ એ ઈ-પેપર્સની વ્યાખ્યા પ્રદાન કરતું નથી એ નોંધવું પણ યોગ્ય છે કે વર્તમાન નિયમો "ન્યુઝ એગ્રીગેટર્સ" નો સંદર્ભ આપતા નથી, જે IT નિયમો હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવેલ શબ્દ છે, જે અગાઉ સોશિયલ મીડિયા કંપનીઓને આવરી લેવા માટે દેખાતું હતું.

**૨. ઓનલાઈન સામગ્રી સર્જકોને બ્રોડકાસ્ટર તરીકે નિયમન કરવું**

ઓનલાઈન સામગ્રી નિર્માતાઓ કે જેઓ સમાચાર અને વર્તમાન બાબતોને કવર કરતા નથી, પરંતુ ચોક્કસ મર્યાદાની બહાર પ્રોગ્રામિંગ અને ક્યુરેટેડ પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે, તેઓને OTT બ્રોડકાસ્ટર્સ તરીકે ગણવામાં આવશે, જો તેઓ વેબસાઈટ અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા લાઈસન્સવાળી અથવા લાઈવ સામગ્રી પ્રદાન કરે છે.

અહીં ક્યૂરેશન એ "કૌશલ્ય, અનુભવ અથવા નિષ્ણાત જ્ઞાનનો ઉપયોગ કરીને ઑનલાઈન સામગ્રી અથવા માહિતીની પસંદગી, સંગઠન અને પ્રસ્તુતિ"નો સંદર્ભ આપે છે, અને આ રીતે, ઉદાહરણ તરીકે, સોશિયલ મીડિયા પર પોષણ અને કસરતો વિશે માહિતી આપતા ડૉક્ટરનો પણ સમાવેશ થઈ શકે છે. વ્યાખ્યાના પરિપ્રેક્ષ્યમાં, ઑનલાઈન ક્યુરેટેડ સામગ્રીના પ્રકાશકને પ્રસારણ સેવા પ્રદાતા માનવામાં આવશે.

ઓનલાઈન કન્ટેન્ટ સર્જકોએ આ બિલની સૂચનાના એક મહિનાની અંદર સરકારને માહિતી આપવાની જરૂર છે. OTT બ્રોડકાસ્ટર્સ માટે કોઈ પ્રોગ્રામ કોડ નથી, અને માત્ર જાહેરાત કોડ લાગુ થશે.

ઑનલાઈન સામગ્રી નિર્માતાઓએ વિવિધ સામાજિક જૂથોનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓની બનેલી સામગ્રી મૂલ્યાંકન સમિતિની સ્થાપના કરવાની જરૂર પડશે. આમાં મહિલા સંસ્થાઓ, બાળ કલ્યાણ હિમાયતીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતી સમુદાયોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે, પરંતુ તે તેના સુધી મર્યાદિત નથી, જેઓ સામગ્રીનું મૂલ્યાંકન કરવા અને પ્રમાણિત કરવા માટે જવાબદાર હશે.

સર્જકોએ સામગ્રી મૂલ્યાંકન સમિતિના નામો અને ઓળખપત્રો વિશે સરકારને જાણ કરવાની જરૂર પડશે. સરકાર દ્વારા નિયુક્ત કરી શકે તેવા અન્ય કાર્યક્રમોની વચ્ચે એવા કાર્યક્રમો માટે તેમના પ્રમાણપત્રની આવશ્યકતા નથી કે જેઓ પહેલાથી જ ભારતમાં કાયદાકીય સંસ્થા, શૈક્ષણિક કાર્યક્રમો, લાઈવ ઈવેન્ટ્સ, બાળકો માટે એનિમેશન દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા હોય. નિર્માતાઓએ ફરિયાદ નિવારણ, સ્વ-નિયમનકારી સંસ્થામાં જોડાવું અને બ્રોડકાસ્ટ એડવાઈઝરી કાઉન્સિલના નિર્દેશોની પુષ્ટિ સહિત ત્રણ-સ્તરીય મિકેનિઝમનો અમલ કરવો પડશે.

**૩. બિલની વૈશ્વિક લાગુતા**

નિયમનને આધીન "વ્યક્તિ"ની વ્યાખ્યામાંથી એક નોંધપાત્ર બાકાત એ "વ્યક્તિ કે જે ભારતનો નાગરિક છે" તેની બાદબાકી છે. આ સૂચવે છે કે આ સુધારા પાછળનો હેતુ આ બિલ હેઠળ વિશ્વભરના તમામ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ માટે નિયમનનો વિસ્તાર કરવાનો છે. બિલના અગાઉના સંસ્કરણમાં, "વ્યક્તિ" ની વ્યાખ્યા પ્રમાણમાં સાંકડી હતી.

**બિલના પાછલા સંસ્કરણમાં "વ્યક્તિ" ને આ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું હતું:**

(i) એક વ્યક્તિ જે ભારતનો નાગરિક છે;

(ii) વ્યક્તિઓનું સંગઠન અથવા વ્યક્તિઓનું એક મંડળ, ભલે સમાવિષ્ટ હોય કે ન હોય, જેના સભ્યો ભારતના નાગરિકો છે;

(iii) એક કંપની;

(iv) લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ એક્ટ, ૨૦૦૮ (૨૦૦૯નો ૬)ની કલમ ૩માં વ્યાખ્યાયિત કરાયેલ મર્યાદિત જવાબદારી ભાગીદારી;

**૪. સોશિયલ મીડિયા મધ્યસ્થીઓનું નિયમન**

બિલમાં હવે સોશિયલ મીડિયા મધ્યસ્થીઓ માટે ફોજદારી જવાબદારીની જોગવાઈઓ છે જે અનુપાલન માટે તેના પ્લેટફોર્મ પર "ઓટીટી બ્રોડકાસ્ટર્સ અને ડિજિટલ ન્યૂઝ બ્રોડકાસ્ટર્સને લગતી" માહિતી પ્રદાન કરતી નથી. આ સૂચવે છે કે જ્યારે YouTube, Instagram અથવા X/Twitter વપરાશકર્તા વિશે માહિતી માંગવામાં આવે છે, ત્યારે પ્લેટફોર્મને આ માહિતી ભારત સરકારને પ્રદાન કરવાની જરૂર પડશે.

અહીં એક મહત્વપૂર્ણ ફેરફાર એ છે કે બ્રોડકાસ્ટ એડવાઈઝરી કાઉન્સિલ સ્વ-નિયમનકારી સંસ્થાના નિર્ણયો સામેની અપીલો જ સાંભળી શકે છે, બિલનું અમારું વાંચન અને અર્થઘટન સૂચવે છે. IT નિયમો હેઠળ, કોઈ પણ ફરિયાદ માટે ત્રણ સ્તરોમાંથી કોઈ એકને ફરિયાદ કરી શકે છે, જેમાં સીધી સરકારી સમિતિનો સમાવેશ થાય છે.

**પરંતુ અહીં સમાચાર અને વર્તમાન બાબતો શું છે?**

બિલ અનુસાર, તે "નવા-પ્રાપ્ત અથવા નોંધનીય ઑડિયો, વિઝ્યુઅલ અથવા ઑડિયો-વિઝ્યુઅલ પ્રોગ્રામ્સ અથવા લાઈવ પ્રોગ્રામ્સ છે, જેમાં વિશ્લેષણ સહિત, મુખ્યત્વે સામાજિક-રાજકીય, આર્થિક અથવા સાંસ્કૃતિક પ્રકૃતિની તાજેતરની ઘટનાઓ વિશે, અથવા (ii) કોઈપણ પ્રસારિત અથવા બ્રોડકાસ્ટિંગ નેટવર્ક પર પુન:પ્રસારિત થાય છે, જ્યાં આવા કાર્યક્રમોનો સંદર્ભ, હેતુ, આયાત અને અર્થ સૂચવે છે;

અપડેટ કરાયેલા બિલમાં ખાસ કરીને પ્રતિકૃતિ ઈ-પેપર્સને બાકાત રાખવામાં આવ્યા છે, જે અગાઉની ભાષામાંથી બદલાવ દર્શાવે છે જેમાં "અખબારોના પ્રકાશકો અને આવા અખબારોના પ્રતિકૃતિ ઈ-પેપર" બંનેને બાકાત રાખવામાં આવ્યા હતા. વધુમાં, ડ્રાફ્ટ બિલ એ ઈ-પેપર્સની વ્યાખ્યા પ્રદાન કરતું નથી એ નોંધવું પણ યોગ્ય છે કે વર્તમાન નિયમો "ન્યુઝ એગ્રીગેટર્સ" નો સંદર્ભ આપતા નથી, જે IT નિયમો હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવેલ શબ્દ છે, જે અગાઉ સોશિયલ મીડિયા કંપનીઓને આવરી લેવા માટે દેખાતું હતું.

**૨. ઓનલાઈન સામગ્રી સર્જકોને બ્રોડકાસ્ટર તરીકે નિયમન કરવું**

ઓનલાઈન સામગ્રી નિર્માતાઓ કે જેઓ સમાચાર અને વર્તમાન બાબતોને કવર કરતા નથી, પરંતુ ચોક્કસ મર્યાદાની બહાર પ્રોગ્રામિંગ અને ક્યુરેટેડ પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે, તેઓને OTT બ્રોડકાસ્ટર્સ તરીકે ગણવામાં આવશે, જો તેઓ વેબસાઈટ અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા લાઈસન્સવાળી અથવા લાઈવ સામગ્રી પ્રદાન કરે છે.

અહીં ક્યૂરેશન એ "કૌશલ્ય, અનુભવ અથવા નિષ્ણાત જ્ઞાનનો ઉપયોગ કરીને ઑનલાઈન સામગ્રી અથવા માહિતીની પસંદગી, સંગઠન અને પ્રસ્તુતિ"નો સંદર્ભ આપે છે, અને આ રીતે, ઉદાહરણ તરીકે, સોશિયલ મીડિયા પર પોષણ અને કસરતો વિશે માહિતી આપતા ડૉક્ટરનો પણ સમાવેશ થઈ શકે છે. વ્યાખ્યાના પરિપ્રેક્ષ્યમાં, ઑનલાઈન ક્યુરેટેડ સામગ્રીના પ્રકાશકને પ્રસારણ સેવા પ્રદાતા માનવામાં આવશે.

ઓનલાઈન કન્ટેન્ટ સર્જકોએ આ બિલની સૂચનાના એક મહિનાની અંદર સરકારને માહિતી આપવાની જરૂર છે. OTT બ્રોડકાસ્ટર્સ માટે કોઈ પ્રોગ્રામ કોડ નથી, અને માત્ર જાહેરાત કોડ લાગુ થશે.

ઑનલાઈન સામગ્રી નિર્માતાઓએ વિવિધ સામાજિક જૂથોનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓની બનેલી સામગ્રી મૂલ્યાંકન સમિતિની સ્થાપના કરવાની જરૂર પડશે. આમાં મહિલા સંસ્થાઓ, બાળ કલ્યાણ હિમાયતીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતી સમુદાયોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે, પરંતુ તે તેના સુધી મર્યાદિત નથી, જેઓ સામગ્રીનું મૂલ્યાંકન કરવા અને પ્રમાણિત કરવા માટે જવાબદાર હશે.

સર્જકોએ સામગ્રી મૂલ્યાંકન સમિતિના નામો અને ઓળખપત્રો વિશે સરકારને જાણ કરવાની જરૂર પડશે. સરકાર દ્વારા નિયુક્ત કરી શકે તેવા અન્ય કાર્યક્રમોની વચ્ચે એવા કાર્યક્રમો માટે તેમના પ્રમાણપત્રની આવશ્યકતા નથી કે જેઓ પહેલાથી જ ભારતમાં કાયદાકીય સંસ્થા, શૈક્ષણિક કાર્યક્રમો, લાઈવ ઈવેન્ટ્સ, બાળકો માટે એનિમેશન દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા હોય. નિર્માતાઓએ ફરિયાદ નિવારણ, સ્વ-નિયમનકારી સંસ્થામાં જોડાવું અને બ્રોડકાસ્ટ એડવાઈઝરી કાઉન્સિલના નિર્દેશોની પુષ્ટિ સહિત ત્રણ-સ્તરીય મિકેનિઝમનો અમલ કરવો પડશે.

**૩. બિલની વૈશ્વિક લાગુતા**

નિયમનને આધીન "વ્યક્તિ"ની વ્યાખ્યામાંથી એક નોંધપાત્ર બાકાત એ "વ્યક્તિ કે જે ભારતનો નાગરિક છે" તેની બાદબાકી છે. આ સૂચવે છે કે આ સુધારા પાછળનો હેતુ આ બિલ હેઠળ વિશ્વભરના તમામ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ માટે નિયમનનો વિસ્તાર કરવાનો છે. બિલના અગાઉના સંસ્કરણમાં, "વ્યક્તિ" ની વ્યાખ્યા પ્રમાણમાં સાંકડી હતી.

**બિલના પાછલા સંસ્કરણમાં "વ્યક્તિ" ને આ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું હતું:**

(i) એક વ્યક્તિ જે ભારતનો નાગરિક છે;

(ii) વ્યક્તિઓનું સંગઠન અથવા વ્યક્તિઓનું એક મંડળ, ભલે સમાવિષ્ટ હોય કે ન હોય, જેના સભ્યો ભારતના નાગરિકો છે;

(iii) એક કંપની;

(iv) લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ એક્ટ, ૨૦૦૮ (૨૦૦૯નો ૬)ની કલમ ૩માં વ્યાખ્યાયિત કરાયેલ મર્યાદિત જવાબદારી ભાગીદારી;

**૪. સોશિયલ મીડિયા મધ્યસ્થીઓનું નિયમન**

બિલમાં હવે સોશિયલ મીડિયા મધ્યસ્થીઓ માટે ફોજદારી જવાબદારીની જોગવાઈઓ છે જે અનુપાલન માટે તેના પ્લેટફોર્મ પર "ઓટીટી બ્રોડકાસ્ટર્સ અને ડિજિટલ ન્યૂઝ બ્રોડકાસ્ટર્સને લગતી" માહિતી પ્રદાન કરતી નથી. આ સૂચવે છે કે જ્યારે YouTube, Instagram અથવા X/Twitter વપરાશકર્તા વિશે માહિતી માંગવામાં આવે છે, ત્યારે પ્લેટફોર્મને આ માહિતી ભારત સરકારને પ્રદાન કરવાની જરૂર પડશે.

**(સૌ. : ધ વાયર.ઇન)**

# જેનાં મનમાં છે પરિવાર, ત્યાં બારે મહિના રવિવાર...

## સ્ત્રી સશક્તિકરણ



- રવીન્દ્ર પારેખ

ગમી આ પંક્તિઓ? એમાં પરિવારનો મહિમા કરવાની વાત છે. જે પરિવારનું ધ્યાન રાખે છે, તેની ચિંતા પરિવાર પણ કરે છે, પરિવાર તેનું પણ ધ્યાન રાખે છે. હવે પરિવાર નાનો થઈ ગયો છે, દાદા-દાદી, કાકા-કાકી એમાંથી લગભગ બહાર નીકળી ગયાં છે, તે ઝઘડાને કારણે છે એવું નથી. થયું છે એવું કે દાદા-દાદી ગામમાં રહે છે ને ખેતી કે કોઈ વ્યવસાય કરે છે, માબાપ નોકરી શહેરમાં કરે છે, એટલે ત્યાં જ વસી ગયાં છે, એવી જ રીતે કાકા-કાકી પણ નોકરી અર્થે બીજા શહેરમાં ભાડે રહે છે ને એમ પરિવાર સંકોચાતો ગયો છે. કુટુંબ વેરવિખેર થઈ ગયું છે. એમાં વાંક કોઈનો નથી. માણસ, સંજોગોનો શિકાર છે. આ રીતે એક જ કુટુંબ ખંડિત અવસ્થામાં ઊછરતું આવે છે.

મોટો દીકરો મુંબઈનાં પરામાં નોકરીએ લાગ્યો ત્યારે ઘરથી નોકરી અને નોકરીથી ઘર એ જ તેનું લક્ષ્ય હતું. એક દિવસ તેના ડબ્બામાં એક યુવતી ચાલુમાં ચડવા ગઈ અને તેનો હાથ છટક્યો. મોટાએ છટકતો હાથ પકડ્યો ને પછી પકડી જ રાખ્યો. શરૂઆતમાં ટ્રેનના ડબ્બા બદલાતા રહ્યા ને પછી તો એકબીજાની બાજુમાં બેસવાનું થયું. એકબીજા વગર ચાલે જ નહીં, એવી સ્થિતિ આવી. મોટાએ ગામમાં વાત કરી કે બંને પરણવા માંગે છે તો સંમતિ આપો. ઘરડાં માબાપે સંમતિ આપી ને લગ્નની શરણાઈ વાગી. બંનેની નોકરી ચાલુ ને રજા મળે એમ ન હતું, એટલે હનીમૂન રસોડામાં જ થયું. સાંકડી જગ્યામાં બંને વધારે એક થયાં. એટલાં એક કે એકનાં બે થવા કોઈ તૈયાર નહીં. પછી તો બેનાં ત્રણ થયાં. સરસ મજાની ઢીંગલી આવી. એક સમયે મોટાને પત્નીની વચ્ચે ઢીંગલી સિવાય કોઈ ન હતું, પણ પછી મોંઘવારી, ઈન્ક્રિમેન્ટ, બદલી એમ ઘણી બાબતો વચ્ચે આવવા લાગી. એડજસ્ટમેન્ટ, કોમ્પ્રોમાઈસ, જોબ સેટિસ્ફેક્શન જેવી વાતો બંને વચ્ચે ટકરાવા લાગી. બેઉ વચ્ચે અંતર પડવા લાગ્યું. બે વચ્ચે ખટરાગ વધવા લાગ્યો. બે વચ્ચે અંતર જ ન હતું, તે વધવા લાગ્યું. સ્થિતિ એવી આવી કે બેઉ વચ્ચે કોઈ અંતર જ ન હતું, ત્યાં કેવળ અંતર જ રહ્યું. એકબીજા વગર ચાલે એમ જ ન હતું, તે એકબીજા વગર ચલાવતાં થયાં. બંને વચ્ચે ઝઘડા વધ્યા ને વાત છૂટાં થવા સુધી આવી. એમને કોઈને જ ઢીંગલીની વાત યાદ ન આવી. બંને છૂટાં પડે એમાં ઢીંગલીનું શું? એણે તો કોઈનું કૈં બગાડ્યું ન હતું. માબાપે પોતાનું ભવિષ્ય તો નક્કી કરી લીધું, પણ ઢીંગલીને તો બંને જોઈતાં હતાં અને કરુણતા એ હતી કે કોઈ એક વગર જ તેણે ચલાવવાનું હતું. મમ્મી ફરી પરણે તો નવા પિતા સાથે તેણે એડજસ્ટ થવાનું હતું. એ જ રીતે જો પિતા ફરી પરણે તો તેણે નવી મમ્મીને અનુરૂપ થવાનું હતું. માતાપિતા તો નવા સંસારમાં ગોઠવાઈ જાય છે, પણ સંતાનને ગોઠવાવાનું બહુ અઘરું પડતું હોય છે. અત્યારે તો દાદા-દાદી પાસે ઢીંગલીને રાખવાની વાત છે ને દાદા-દાદીના કોઈ વાંક વગર જ ઢીંગલી દાદા-દાદી પાસે મોટી થાય ત્યાં સુધી વાત આવી છે.

એટલું છે કે નાનાને કોઈ સંતાન નથી એટલે એમને છૂટાં થવાનું પ્રમાણમાં સહેલું છે. નાનાંનાં પણ લવ મેરેજ હતાં. એની વાઈફ પણ એક કંપનીમાં સીઈઓ હતી. બંને એક બીજાને ગમી ગયાં એટલે કોર્ટ મેરેજ કરી લીધાં. બંને વચ્ચે પહેલાં તો સારું ચાલ્યું, પણ વાઈફને પછી સીઈઓ હોવાનું યાદ આવવા લાગ્યું. એમાં વળાંક તો એક નવો ઓફિસર એપોઈન્ટ થયો, ત્યારે આવ્યો. વાઈફને એ ગમવા લાગ્યો ને ઘણો સમય એનો એની સાથે જ વીતવા લાગ્યો. પતિ સાથેનું અંતર વધવા માંડ્યું અને ઓફિસર સાથેનું અંતર ઘટવા લાગ્યું. પતિએ સમજાવવાની બધી કોશિશો કરી જોઈ, પણ પત્ની સીઈઓ હતી એ વાત સપાટી પર આવતી રહી ને બંને વચ્ચે એ જ વાત કેન્દ્રમાં આવી. પત્નીએ એકદમ જ અલગ થવાનો નિર્ણય જાહેર કર્યો.

નાનાને એ બહુ જ પીડાદાયક હતું. એ તો પત્ની સિવાય બીજું કૈં વિચારી શકતો જ ન હતો. એ તો એને જ ચાહતો હતો ને પત્ની પણ એને જ ચાહતી હતી, પણ થોડા સમયથી એનું કેન્દ્ર બદલાયું હતું. અધિકારી એને ચાહતો હતો એવું લાગતું ન હતું, પણ પત્ની તો એની જ થઈ ગઈ હતી. એને પતિ સાથેનો અદ્‌ભુત સમય યાદ જ આવતો ન હતો ને પતિ વારંવાર યાદ અપાવતો રહેતો હતો, પણ પત્નીને કોઈ અસર થતી ન હતી. છેવટે વાત ગામના દાદા-દાદી સુધી પહોંચી. બે દીકરાઓ હતા ને બંને અલગ થવા માંગતા હતા. દાદા-દાદીએ બંનેને સમજાવી જોયા, પણ કોઈ નમતું જોખવા તૈયાર ન હતું. છેવટે દાદા-દાદીએ જ નમતું જોખ્યું ને બંને દીકરાઓનો અલગ થવાનો નિર્ણય મંજૂર રાખ્યો. દાદા-દાદીનું મન કચવાતું હતું. જે થઈ રહ્યું હતું તે યોગ્ય ન હતું. દાદા-દાદી વર્ષોથી સાથે રહેતાં હતાં ને ગામની બહાર બહુ નીકળ્યાં જ ન હતાં. બંને વચ્ચે ઝઘડો થયો ન હતો, એવું ન હતું, એકાદ વખત દાદાનો હાથ પણ ઊપડી ગયો હશે, પણ સંસાર ચાલ્યો ને સંતાનો સરસ રીતે ગોઠવાઈ પણ ગયાં, પણ નવા જમાનાની હવા એવી લાગી કે બંને દીકરાઓ છૂટા થવા જીવ પર આવી ગયા હતા. બંને દીકરાઓએ જીવનસાથી મરજી મુજબ પસંદ કર્યા હતા. બંનેને એક બીજા વગર ચાલે જ નહીં, એવી સ્થિતિમાં બંને પરણ્યાં ને પછી કૈંક એવું બન્યું કે સાથે રહેવાની ઈચ્છા જ મરી પરવારી.

શું થતું હોય છે, પતિ-પત્ની વચ્ચે કે જીવવું અકારું લાગવા માંડે છે. કદાચ સાથે જીવવાની ઉતાવળ પતિ-પત્નીને એક કરે છે ને એ જ ઉતાવળ બંનેને અલગ પણ કરે છે. કદાચ ધીરજ ખૂટે છે, બંનેમાં, દાદા-દાદીમાં ધીરજ ખૂટતી ન હતી, એટલે બંને એક બીજાને ભરોસે જીવે છે. એમાં બહુ વિરોધ પણ નથી હોતો, પણ બંને ટકી જાય છે. સાદો નિયમ જ ટકી જવાનો હોય છે. આ ટકી જવાની ધીરજ આજની પેઢીમાં ઓછી છે. એક એવી સમજ ઘર કરી ગઈ છે કે જો બંનેને સાથે રહેવાનું શક્ય જ ન હોય તો અલગ થઈ જવું એ જ એક ઉપાય બચે છે. એ નિર્ણય દરેક વખતે ખોટો જ હોય એવું નથી, પણ એ દરેક વખતે સાચો જ હોય એવું પણ નથી. કહેવાનું એ છે કે અલગ થવાના નિર્ણયમાં ઉતાવળ હોય તો એક વાર ગંભીરતાથી જે તે નિર્ણય ચકાસી લેવો જોઈએ. પસ્તાવાની ઘણી તકો સમય આપે જ છે, એ સ્થિતિમાં પુનર્વિચાર કરવા જેવો છે. બહુ વિચાર પછી પણ નિર્ણય યોગ્ય જ છે એ નક્કી કરવાનું મુશ્કેલ છે. આજના સમયમાં યોગ્ય નિર્ણય બહુ મહત્ત્વનો છે, પણ તે યોગ્ય જ છે એવું દરેક વખતે કહી શકાય નહીં. અત્યારના સંજોગોમાં એટલી દિશાએથી વિચારોનું આક્રમણ થાય છે કે કોઈ સ્પષ્ટ નિર્ણય લેવાય જ એવું દરેક વખતે ન પણ બને. એવે વખતે જે નિર્ણય પર આવવાનું બને તે અનેક પ્રભાવોથી લેવાનું બને એ શક્ય છે. ઉપરનાં બંને ઉદાહરણોમાં મોટાનો નિર્ણય દીકરીની ચિંતા વગરનો છે. એનો ઠેકો દાદા-દાદીએ લીધો હોય એમ જવાબદારી એમની વધી છે. આ સંવેદન દાદા-દાદી જ દાખવે ને એ મોટાની જવાબદારી ઘટાડીને દાખવે એ આજના જમાનાની તાસીર છે. નાનાની પત્નીનો નિર્ણય એટલો અજુગતો છે કે નાનાના કોઈ વાંક વગર તેણે પત્નીને છોડવાની છે. એનો પ્રેમ તો પત્ની માટે છે જ, પણ પત્નીને એકાએક પ્રેમનો ફણગો બીજી વ્યક્તિ માટે ફૂટ્યો છે. એમાં અધિકારી ખરેખર નાનાની પત્ની માટે લાગણી ધરાવે જ છે એવું સ્પષ્ટ નથી. નાનાની પત્નીમાં એકાએક આવેલો ઉછાળ સમય જતાં પસ્તાવાનું કારણ આપે એમ બને. આ બંને કિસ્સામાં પરિવાર બાજુ પર મુકાયો છે ને દુઃખદ એ છે કે અંગત સ્વાર્થ જ કેન્દ્રમાં છે ને એ એક અનિશ્ચિત પરિસ્થિતિનો સામનો કરવાની ભૂમિકા બને છે. અગાઉ ક્યારેય ન હતો, એમ પરિવાર અત્યારે જોખમમાં મુકાયો છે...

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# ઈ.ઈ. દાવજી મેમોરિયલ સ્કૂલ તરસાડી, કોસંબાનું ગૌરવ







## ઈ.ઈ. દાવજી મેમોરિયલ સ્કૂલ, તરસાડી, કોસંબા ખાતે છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત થઈને શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિના સોપાન સર કર્યા છે

વર્ષ ૨૦૦૭માં શાળાના આદ્યસ્થાપક ઈબ્રાહિમભાઈ દાવજી તથા તેઓના સાથી સી.એમ. પટેલ સાથે શરૂઆત કરી હતી. શાળાના આદ્યસ્થાપક ઈબ્રાહિમભાઈ દાવજીની કોઠાસૂઝ તથા તેઓના શૈક્ષણિક સૂચનોને લઈને શાળાનું દિન પ્રતિદિન એચ.એસ.સી. તથા એસ.એસ.સી.નું રિઝલ્ટ હમેશા ૯૦થી ૧૦૦% રહેવા પામ્યું છે. કોસંબા તરસાડીમાં તમામ સુવિધાઓ સાથે વિશાળ શૈક્ષણિક સંકુલ છે જ્યાં ૧૨૦૦ જેટલા દરેક સમાજના વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે શાળામાં ડિજિટલ કલાસિસ તથા ભવ્ય કોમ્પ્યુટર રૂમ, કેમેસ્ટ્રી અને ફિઝીક્સ અને બાયોલોજીની આધુનિક લાઈબ્રેરી પણ કાર્યરત છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે. શાળાના અનુભવી પ્રિન્સિપાલ શિક્ષકોની મહેનતને લઈને શાળાના વિદ્યાર્થીઓનું રિઝલ્ટ ખૂબ જ સારૂં દર વર્ષે જોવા મળે છે જેનો જશ શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને પણ જાય છે. તેવીજ રીતે હાલમાં કોસંબા ખાતેના દાદરી વિસ્તારમાં ઈકરા સ્ટડી સેન્ટર શરૂ કરીને ૪૦૦ જેટલા ગરીબ વિદ્યાર્થીઓ જે શાળાની ફી પણ ભરી શકતા નથી જેઓને તદ્દન મફત કોઈ પણ જાતની ફી લીધા વિના અભ્યાસમાં સામેલ કરાયા છે. જેનો જશ શાળાના દાનવીર અને દીર્ઘદૃષ્ટિના પ્રણેતા એવા ઈબ્રાહિમભાઈ દાવજીને જાય છે જેઓની મહેનતને લઈને આ વિસ્તારના બાળકો અભ્યાસ કરી રહ્યા છે. જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે.

શુભેચ્છક સહ
તટસ્થ અને તથ્યો પર આધારિત સમાચાર દ્વારા આગવી ઓળખ ઊભી કરનાર ગુજરાત ટુડેને ૩૪માં વર્ષમાં પ્રવેશવા બદલ અભિનંદન
એક શુભેચ્છક
પાલનપુર

ગુજરાત ટુડેનો ૩૪મા વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભકામના
ખુશ્બુ ચાઇલ્ડ કેર (નર્સરી, જુ. કેજી, સી, કેજી.)
જામિયા રહમાનિયા પ્રા. શાળા (ધોરણ ૧ થી ૮)
ખુશ્બુ હાઇસ્કૂલ (ધોરણ ૯ થી ૧૨)
મરીડા રોડ, નડિયાદ, જિલ્લો ખેડા
શાળાની વિશેષતાઓ
- શૈક્ષણિક અને સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠતાની સાથે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ.
- પ્રભાવશાળી, અનુભવી અને યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો.
- દરેક વિષય માટે માસિક કસોટી દ્વારા વિદ્યાર્થીઓનું મુલ્યાંકન.
- CCTV કેમેરા દ્વારા સતત નિરીક્ષણ.
- નબળા વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન.
- વાલી સાથે વ્યક્તિગત મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણનું ચિંતન.
- આધુનિક ટેકનોલોજીથી સજ્જ કમ્પ્યુટર લેબ.

ટ્રસ્ટ રજિ. નં.બી-૭૫૫ સ્થાપના તા.૧-૧૧-૧૯૫૯
ધોલકા અંજુમને નવજવાન ટ્રસ્ટ
ઠે. જૂની નગરપાલિકાની બાજુમાં, ટાવર બજાર, ધોળકા
ફોન નંબર : 7043321717
સત્યને હંમેશા ઉજાગર કરતા, મજલુમોનો અવાજ સરકાર સુધી પહોંચાડતા, કોમમાં શૈક્ષણિક તથા સામાજિક જાગૃતિ લાવનારા નીડર અને તટસ્થ અખબાર "ગુજરાત ટુડે"ને ૩૪માં વર્ષમાં પ્રવેશ બદલ મુબારકબાદી પાઠવીએ છીએ.
શુભેચ્છક
ધોલકા અંજુમને નવજવાન ટ્રસ્ટ

# મુહદ્દીસ ઇમામ નસાઈ (રહ.) (ઈસ.૮૩૦-૯૧૫)

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

શેખુલ ઈસ્લામ, હાફીઝુલ હદીસ, સાહેબે સુનન, કાઝી અબુ અબ્દુરરહેમાન અહમદ બિન અલી બિન શુએબ બિન અલી બિન સિનાન બિન બહર બિન બિન દીનાર અન નસાઈ કે જેઓ સામાન્ય રીતે ઈમામ અન નસાઈ(રહ.) તરીકે ઓળખાય છે. પ્રસિદ્ધ હદીસ વેત્તા હતા. એમણે સંપાદિત કરેલ હદીસ સંગ્રહ 'સુનન અન નસાઈ'(જે સુનન અસ સુગરા તરીકે પણ ઓળખાય છે) છ પ્રસિદ્ધ અને પ્રમાણભૂત હદીસ સંગ્રહોમાંથી એક ગણાય છે. હદીસ બાબતે એમની સ્મરણ શક્તિ ખૂબ સતેજ હતી. હદીસ વિજ્ઞાનમાં એમની પ્રસંશા કરવામાં આવે છે.

એમનો જન્મ હીસ ૨૧૫/ ઈસ.૮૩૦માં ખુરાસાનના શહેર નસા(હાલમાં તુર્કમેનિસ્તાનના નિસા)માં થયો હતો. આ શહેરના સંબંધથી અન નસાઈ તરીકે પ્રસિદ્ધ થયા. પંદર વર્ષની આયુ સુધી એમણે પોતાના શહેરમાં જ શિક્ષણ લીધું. પછી હિસ.૨૩૦/ઈસ.૮૪૫માં જ્ઞાન પ્રાપ્તિ માટે નીકળી ગયા અને ખુરાસાન, ઈરાક, હિજાઝ (મક્કા-મદીના), શામ (સીરિયા), મિસર (ઈજિપ્ત)ના હદીસના મોટા મોટા વિદ્વાનો પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. એમના ઘણા બધા શિક્ષકો હતા એમાંથી કુતેબા બિન સઈદ, ઈસહાક બિન રાહ્વીયાહ, ઈમામ અબુ દાઉદ, હિશામ બિન અમ્માર, ઈસા બિન હમ્માદ, હુસેન બિન મન્સૂર અસ સલમી, મુહમ્મદ બિન નસર અલ મરૂઝી, સુવેદ બિન નસર, ઈસહાક ઈબ્ન ઈબ્રાહીમ, અબુ બક્ર બીન્દર, ઝીયાદ ઈબ્ન અય્યુબ અને ઉત્બાહ ઈબ્ન અબ્દુલ્લાહ અલ મર્વાઝી (રહ.) ઉલ્લેખનીય છે.

એમના અસંખ્ય વિદ્યાર્થીઓ હતા એમાંથી અબુ બશર અદદુલાબી, અબુ અલી હુસેન નીશાપુરી, હમ્ઝાહ બિન મુહમ્મદ અલ કીનાની, અબુ બક્ર એહમદ બિન અસ સના, મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન હૈવીયાહ, અબુલ કાસીમ અત તબરાની, એહમદ ઈબ્ન મુહમ્મદ ઈબ્ન સલમાહ અલ અઝદી, એહમદ ઈબ્ન મુહમ્મદ અલ હાશિમી (તેઓ ઈબ્ન અસ સુન્ની તરીકે પણ ઓળખાય છે), સુલેમાન ઈબ્ન માતીર અલ લખમી અત તબરાની, અબુ જાફર અત તહાવી, અબુ ઉસ્માન અન નીશાપુરી (રહ.) પ્રસિદ્ધ અને ઉલ્લેખનીય છે.

ઈમામ નસાઈ ઈસ્લામી જગતમાં ઘણા સ્થાનોએ ફર્યા અને આખરે મિસર (ઈજિપ્ત)માં સ્થાયી થયા. ઘણા વર્ષો ત્યાં રહ્યા પછી પ્રતિકૂળ રાજકીય પરિસ્થિતિઓને કારણે તેઓ હિસ.૩૦૨/ ઈસ.૯૧૪માં સીરિયાના દમાસ્કસ પધાર્યા. પરંતુ અહીંનો રહેવાસ એમના માટે ધૈર્યની કસોટીવાળો અને ભયાનક સાબિત થયો. જે સંદર્ભો મળે છે એ મુજબ ઈમામ નસાઈ દમાસ્કસ પહોંચ્યા તો જોયું કે મોટા ભાગની જનતા બનું ઉમૈયાની તરફેણમાં અને હજરત અલી રદી.ની વિરૂદ્ધ હતી. એમણે જનતાની માનસિક સુધારણા માટે હઝરત અલી રદી.ની શ્રેષ્ઠતા અને પ્રસંશા વર્ણવતું પુસ્તક 'અલ ખસાઈસ ફી ફઝલ અલી રદી.બિન અબી તાલિબ' લખ્યું. જયારે દમાસ્કસની જામેઅ મસ્જિદમાં એમણે આ પુસ્તકના અંશો સંભળાવ્યા તો લોકો ઘણા પ્રભાવિત થયા. ત્યારબાદ લોકોએ હઝરત અમીર મુઆવિયા રદી.ની શ્રેષ્ઠતા વિષે પ્રશ્નો કર્યા, પરંતુ પોતાના પસંદના ઉત્તર ના મળતા નિરાશા અને ગુસ્સાની સ્થિતિમાં લોકો ઈમામ અન નસાઈ પર તૂટી પડ્યા અને એમને ખૂબ માર માર્યો, તેઓ ગંભીર રીતે ઘવાયા. એમની ઈચ્છા અનુસાર એમને પેલેસ્ટીનના રમલા શહેરમાં લઈ જવામાં આવ્યા અને દફન કરવામાં આવ્યા તો બીજા કથન અનુસાર એમને પવિત્ર મક્કા શહેરમાં લાવવામાં આવ્યા જ્યાં તેઓ સફર હિસ.૩૦૩/ ઈસ.૯૧૫માં અવસાન પામ્યા અને સફા-મરવા પાસે દફન કરવામાં આવ્યા. હદીસ શાસ્ત્રમાં અને શરિયતમાં એમણે મહત્ત્વનું યોગદાન આપ્યું. એમની પ્રસિદ્ધ રચનાઓ આ મુજબ છે.

**'કિતાબ સુનન અન નસાઈ'** : આને 'અસ સુનન અસ સુગરા '(નાનો સંગ્રહ) તરીકે પણ ઓળખવામાં આવે છે જે કુતુબ અસ સિત્તહઃ (છ પ્રમાણભૂત હદીસ સંગ્રહો)માંથી એક ગણવામાં આવે છે. સુન્ની મુસ્લિમો છ હદીસ સંગ્રહોમાંથી આને સહીહ અલ બુખારી અને સહીહ મુસ્લિમ પછી ત્રીજું સૌથી મહત્ત્વનું હદીસ સંગ્રહ ગણે છે. આને 'અલ મુજતબા' પણ કહેવમાં આવે છે. આમાં ૫૭૬૧ હદીસો ૫૧ પ્રકરણોમાં છે (પુનરાવર્તિત સહિત) જે 'અસ સુનન અલ કુબરા'(મોટા સંગ્રહ)માંથી સૌથી વિશ્વસનીય અને મહત્ત્વપૂર્ણ હદીસોને પસંદ કરવામાં આવી છે. આના ઘણા બધા દેશોમાં ઘણી બધી ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યા છે. આના ઘણા બધા વિવેચનો/ટીકા-ટિપ્પણીઓ અલગ અલગ ભાષામાં, અલગ અલગ વિદ્વાનો દ્વારા ખાસ કરીને અરબી અને ઉર્દૂમાં પ્રકાશિત કરવામાં આવી છે. ઈમામ સુયુતીએ લખેલ 'ઝહરર રબા અલલ મુજતબા' સૌથી પ્રસિદ્ધ છે.

**અલ-સુનન અલ-કુબરા :** આ વ્યાપક હદીસોનું સંકલન છે, જેમાં વધુ વિસ્તૃત હદીસોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં લગભગ ૧૨,૦૦૦ જેટલી હદીસો છે. આના પણ ઘણા વિવેચનો પ્રકાશિત થયા છે. એમાંથી શેખ શુએબ અલ અર્નોત અને શેખ અલ તુર્કીએ ૧૨ ભાગમાં લખેલ 'કિતાબ અસ સુનન અલ કુબરા અન નસાઈ' પ્રસિદ્ધ છે. આ ઉપરાંત એમણે 'ફઝાઈલે કુરાન', 'અત તબ્કાત', 'ફઝાઈલ અસ સહાબા', 'અમલ અલ યવમ વલ લયલહ', 'રસાઈલ ફી ઉલૂમ અલ હદીસ', 'અદ દુઆફા વલ માતૃકીન', 'અલ ખસાઈસ ફી ફઝલ અલી રદી.બિન અબી તાલિબ', 'અલ જુર્હુ વ તાદીલ' અને 'કસાઈસે મુર્તઝવી' પુસ્તકો પણ લખ્યા હતા. ઈમામ અન નસાઈની ચાર પત્નીઓ હતી. એમના એક જ પુત્ર અબ્દુલ કરીમનો ઉલ્લેખ મળે છે, જેઓ હદીસના કથનકાર હતા.

Email. :-
msaeed181@gmail.com
(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

ઈત્તેફાક એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત
ગુજરાત ટુડે છેલ્લા 33 વર્ષથી સમાજમાં શૈક્ષણિક, સામાજિક જાગૃતિ લાવવાનું કામ કરી રહ્યું છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન
પેટલાદ શહેરમાં બાલવાટિકાથી ધોરણ-૧૨ સુધી તદ્દન નજીવી ફીમાં ગુણવત્તા સભર ડિજિટલ માધ્યમથી શિક્ષણ આપતી પેટલાદની એકમાત્ર સંસ્થા એટલે એસ.ડી.પઠાણ હાઈસ્કૂલ, પેટલાદ કેમ્પસ.
૧. એસ.ડી.પઠાણ હાઈસ્કૂલ પેટલાદ
૨. એસ.ડી.પઠાણ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, પેટલાદ
3. તામીરે હયાતે પ્રાથમિક શાળા, પેટલાદ
લી. ઈત્તેફાક એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદના તમામ ટ્રસ્ટીશ્રી

૩૪માં વર્ષમાં પ્રવેશ બદલ "ગુજરાત ટુડે"ને હાર્દિક શુભેચ્છા
રજિ. નં.સે/૧૦૮૪૮ સ્થાપના તા.૧૮-૩-૧૯૭૮
ધી વિજય ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સો.લિ.
હેડ ઓફિસ : ઘાંચી ઢાળ, લોધીનો લીમડો, મુ.ધોળકા, જિ. અમદાવાદ,
ફોન : 02714-220036 મો.: 9426180639
શાખા : લક્ષ્મી આર્કેડ, સાંઈ એવન્યુ કોમ્પ્લેક્ષની બાજુમાં, મલાવ-તળાવ રોડ, ધોળકા. મો. 9725680639
વર્ષ-૪૬ સભાસદ સંખ્યા : ૧૫૯૮
- ભરપાઈ થયેલ શેર ભંડોળ : રૂા.૯૨,૩૬,૩૦૦-૦૦
- રિઝર્વ તથા અન્ય ફંડો : રૂા.૮,૩૫,૧૨,૭૩૭-૦૦
- ચોખ્ખો નફો : રૂા.૯૩,૫૩,૨૦૪-૦૦
- મિલકત સ્થાવર : (જમીન-મકાન) રૂા.૧૦૦૯૮૩૭૪
- રોકાણો : રૂા.૨૨૮૪૧૧૦૦૦-૦૦
- સભાસદો થાપણો : રૂા.૩૭૦૩૫૩૬૩૮-૦૦
- લોન ખાતે : રૂા.૨૪૩૬૭૩૪૭૦-૦૦
- સ્કિમ લોન ખાતે રૂા.૧૬૯૮૩૭૭૨-૦૦
- સોના-ચાંદીના દાગીના સામે ધિરાણ : ૧૨%
- ભાડા વાહન સામે HP ધિરાણ : ૧૩%
- મોર્ગેજ ધિરાણ : ૧૩% (શુભેચ્છક)
ચેરમેન : શેખ ઉસ્માનગની ગુલામરસુલ (અલાદ)
સેક્રેટરી : શેખ મહેબુબહુસેન ગુલામરસુલ (ઘાંચી)
તથા મેનેજિંગ કમિટીના સભ્યો
મંડળી સંચાલિત વિજય સેલ્સ
તેલ, ગોળ, દાળ, અનાજના જથ્થાબંધ વેપારી
ઠે. દાણા બજાર, જુમ્મા મસ્જિદની સામે, ધોળકા-૩૮૨૨૨૫
મો. :9624980639

હાર્દિક શુભેચ્છા
ગુજરાત ટુડે 33 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી ૩૪માં વર્ષમાં પ્રવેશતા ઈકરા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રાજવી કન્યા વિદ્યાલય (રાજગઢી-પાલનપુર) તરફથી ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છા. અમારી દુઆ છે કે ગુજરાત ટુડે દૈનિક ઉત્તરોત્તર પ્રગતિ કરે અને આ જ રીતે સમાજને સહાયક બને.
પ્રમુખ
સૈયદ સમીઉલ્લાહ આર.
રાજગઢી-પાલનપુર-385001
Mo. : 91060

With Best Compliments From
BEIL
Infrastructure Limited
Plot:- 9701-9716, GIDC Estate, Ankleshwar-393 002, Dist. - Bharuch, Gujarat, INDIA
Phone:- 0091-2646-222833/253135/225228,

હાર્દિક શુભેચ્છા
ગુજરાત ટુડે ૩૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં પ્રવેશતા અંજુમન ફલાહે દારૈન રતનપુર (દાંતા) સંસ્થા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા. અમારી દુઆ છે કે અલ્લાહ ઉત્તરોત્તર ખૂબ પ્રગતિ આપે.
પ્રમુખશ્રી
જનાબ મૌલાના અલાઉદ્દીન સાહબ મઝાહીરી
અંજુમન ફલાહે દારૈન રતનપુર
તા.દાંતા, જિ.બ.કાં. ગુજરાત

ગુજરાત ટુડે ખૂબ-ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા
DIRECTOR
Mustak +91 9879542492,
Mohmmed Zakir - 9998481886
MEARAJ STEEL
Mfg. All Kind Of Truck & Tractor Tin Parts

State Highway At. Kanodar -385520,
Nr. Palanpur, North Gujarat India
Email : info@mearaj steel.com
www.mearaj steel.com

